પોઝિટીવ ન્યૂઝ, ઈન્ફોર્મેટીવ ન્યૂઝ
RNI NO GUJGUJ/2008/34329
arham publications RAJKOT
RAJKOT/639/2025-2027 RMS-RJT
POST AT RAJKOT-RMS DAILY

# અબતક ®

સાંધ્ય દૈનિક
મેનેજીંગ તંત્રી : સતીષકુમાર એસ. મહેતા
ગ્રામ્ય આવૃત્તિ પાનાઃ ૧૨
તા. ૧૯-૩-૨૦૨૬, ગુરૂવાર
વર્ષઃ ૧૫, અંક : ૧૦
Price Rs.:4 ABATAK-RAJKOT ☎ 0281- 2461234, 2460999 ✆ 94266 72303 abataknews@gmail.com @abtakmedia

**સુવિચાર**

સારા સંબંધ એને જ કહેવાય...
જે તમારા ભૂતકાળને સ્વીકાર કરે...
વર્તમાનમાં સાથ આપે અને ભવિષ્ય
માટે પ્રોત્સાહિત કરે...

હરસ,ભગંદર,ફીશરની
ગુજરાતમાં સૌપ્રથમ અમેરિકન
હાર્મોનિક-લેસોટ્રેક્સ લેસર-HAL-IRC-K.S.
દાખલ થયા વિના સારવાર
ડૉ.વેકરીયા પાઈલ્સ હોસ્પિટલ
એસ્ટ્રોન ચોક, રાજકોટ
93741 04727, 98240 66321
ગરીબ દર્દીઓને રાહત દરે સારવાર

### અમેરિકા-ઈરાન યુદ્ધમાં તેલના ભંડારો પર બોમ્બાર્ડિંગ થતાં ક્રૂડના ભાવ ૧૧૨ ડોલરને પાર

# ઇંધણ પર કાળા ડિબાંગ વાદળો છવાતા શેરબજાર ધડામઃ સેન્સેક્સ ૨૦૦૦ પોઈન્ટ તૂટ્યો



### યુદ્ધના કારણે વૈશ્વિક બજારોમાં પણ ઘટાડોઃ જાપાન,હોંગકોંગ અને દક્ષિણ કોરિયાના શેરબજારો પણ રેડ ઝોનમાં

**અબતક, નવી દિલ્હી**

વૈશ્વિક બજારમાં તેલના કૂવાઓ અને રિફાઈનરીઓ પર યુદ્ધના ભણકારા વાગતા જ ભારતીય શેરબજારમાં ભૂકંપ જેવી સ્થિતિ સર્જાઈ છે. અમેરિકા અને ઈરાન વચ્ચેના વધતા તણાવમાં ઉર્જા મથકોને નિશાન બનાવીને કરવામાં આવેલા બોમ્બાર્ડિંગને પગલે ક્રૂડ ઓઈલના ભાવ

(અનુ. આઠમા પાને)

## યુધ્ધ નવા તબક્કામાંઃ અમેરિકાએ હજારો સૈનિકોને વોરમાં જોડાવા તૈયાર કર્યા

અમેરિકા અને ઈરાન વચ્ચેનું યુદ્ધ હવે ત્રીજા સપ્તાહમાં પ્રવેશતા વધુ આક્રમક બન્યું છે. પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ હવે ઈરાનના દરિયાકાંઠા અને પરમાણુ મથકોને સુરક્ષિત કરવા માટે સૈનિકો મોકલવાની ગંભીર વિચારણા કરી રહ્યા છે. ટ્રમ્પ માટે આ નિર્ણય લેવો રાજકીય રીતે ઘણો પડકારજનક સાબિત થઈ શકે છે. તેમણે પોતાના ચૂંટણી પ્રચાર દરમિયાન અમેરિકાને મિડલ ઈસ્ટના નવા યુદ્ધોમાં ન ધકેલવાનું વચન આપ્યું હતું, જ્યારે અત્યારે સ્થિતિ તેનાથી વિપરિત જોવા મળી રહી છે. અમેરિકન જનતામાં પણ ઈરાન સાથેના યુદ્ધ માટે સમર્થન ઘણું ઓછું છે. અત્યાર સુધી આ યુદ્ધમાં સીધો મુકાબલો ન હોવા છતાં ૧૩ અમેરિકન સૈનિકો શહીદ થયા છે અને લગભગ ૨૦૦ જેટલા ઘાયલ થયા છે.

### ડોલર સામે રૂપિયો તળીયે

ઈરાન અને ઈઝરાયલ વચ્ચેના યુદ્ધને કારણે ઉભી થયેલી તેલ પુરવઠાની કટોકટીએ ભારતીય ચલણ 'રૂપિયા'ની કમર તોડી નાખી છે. સોમવારે રૂપિયો ૯૨.૬૨ ની સપાટીએ પહોંચ્યા બાદ આજે તેણે તમામ રેકોર્ડ તોડી નાખ્યા છે. ડોલર સામે રૂપિયો ૯૩.૧૩ ની સર્વોચ્ચ નીચલી સપાટીને સ્પર્શી ગયો છે. રૂપિયાના આ ઐતિહાસિક ઘટાડાને કારણે આયાત મોંઘી થશે, જેની સીધી અસર ભારતમાં મોંઘવારી પર પડી શકે છે.

### કતારના ગેસ પ્લાન્ટમાં મિસાઈલ હુમલા બાદ ઉત્પાદન ઠપ્પ

ઈઝરાયેલ અને ઈરાન વચ્ચેના યુદ્ધે હવે ભયાનક વળાંક લીધો છે. ઈરાને કતારના રાસ લફાન ગેસ પ્લાન્ટ પર મિસાઈલ હુમલા કરતા ત્યાં ઉત્પાદન સંપૂર્ણપણે ઠપ થઈ ગયું છે. આ હુમલા બાદ ઈરાને સાઉદી અરેબિયા અને UAEને પણ ચેતવણી આપી છે કે જો તેઓ અમેરિકા-ઈઝરાયેલને સાથ આપશે, તો તેમના તેલના ભંડારોને પણ નિશાન બનાવવામાં આવશે. આ તણાવને કારણે આંતરરાષ્ટ્રીય બજારમાં ક્રૂડ ઓઈલનો ભાવ ૧૧૨ ને પાર કરી ગયો છે.



### ઈરાને કરેલા હુમલાને આંતકવાદ ગણાવતું યુએઈ

# ઈરાન પર તૂટી પડવા સાઉદી અરેબિયા સહિત અખાતના દેશો સજ્જ



અબુ ધાબીના હબશાન ગેસ પ્લાન્ટ અને બાબ ઓઈલ ફીલ્ડ પર ઈરાન દ્વારા કરવામાં આવેલા મિસાઈલ હુમલા બાદ ખાડી દેશોમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે. યુએઈ એ આ હુમલાને કાયરતાપૂર્ણ 'આતંકવાદી કૃત્ય' અને ગંભીર ઉશ્કેરણી ગણાવીને તેની સખત નિંદા કરી છે. જોકે યુએઈની એર ડિફેન્સ સિસ્ટમે આ મિસાઈલોને હવામાં જ તોડી પાડી હતી, પરંતુ તેના અવશેષો પડવાને કારણે સાવચેતીના ભાગરૂપે ગેસ ફેસિલિટીની કામગીરી હાલ સ્થગિત કરવામાં આવી છે. આ ઘટનામાં કોઈ જાનહાનિ થઈ નથી, પરંતુ સાઉદી અરેબિયા સહિતના અખાતી દેશો હવે ઈરાનના આ આક્રમક વલણ સામે સૈન્ય રીતે સજ્જ થઈ ગયા છે. ઈરાન અને અમેરિકા-ઈઝરાયેલ વચ્ચેના વધતા તણાવમાં હવે ઊર્જા મથકો મુખ્ય યુદ્ધનું મેદાન બન્યા છે. ઈઝરાયેલ દ્વારા ઈરાનના ગેસ ફિલ્ડ પર થયેલા હુમલાના બદલામાં ઈરાને હવે પાડોશી દેશોની મહત્વની માળખાગત સુવિધાઓને નિશાન બનાવવાનું શરૂ કર્યું છે, જેના કારણે સમગ્ર વિશ્વમાં ઊર્જા સુરક્ષાને લઈને ચિંતા વધી ગઈ છે.

### અમને તમારા પરથી ભરોસો ઉઠી રહ્યો છેઃ સાઉદી અરેબિયા

ગલ્ફ દેશો પર ઈરાન દ્વારા કરવામાં આવેલા શ્રેણીબદ્ધ મિસાઈલ અને ડ્રોન હુમલા બાદ સાઉદી અરેબિયાએ કડક વલણ અપનાવ્યું છે. સાઉદી વિદેશ મંત્રી પ્રિન્સ ફૈઝલ બિન ફરહાનએ જણાવ્યું કે ઈરાને પાડોશી દેશો સાથેનો વિશ્વાસ સંપૂર્ણપણે ગુમાવી દીધો છે અને હવે તેમની ધીરજની મર્યાદા આવી ગઈ છે. રિયાધ તરફ છોડાયેલી ચાર બેલિસ્ટિક મિસાઈલોને તોડી પાડ્યા બાદ સાઉદીએ સ્પષ્ટ કર્યું છે કે તેઓ દબાણ સામે ઝૂકશે નહીં અને પોતાની સુરક્ષા માટે લશ્કરી કાર્યવાહી કરવાનો પૂરો અધિકાર રાખે છે. ઉર્જા સુવિધાઓ પરના હુમલાને સાઉદીએ 'બ્લેકમેલ' ગણાવ્યા છે અને ઈરાનને ગંભીર પરિણામોની ચેતવણી આપી છે.

### ઈઝરાયેલનો ઈરાન પર મોટો હુમલોઃ અમેરિકાને જાણ કરી પણ અમેરિકા ઓપરેશનમાં જોડાયું નહીં

ઈઝરાયેલે પર્શિયન ગલ્ફમાં આવેલા ઈરાનના સૌથી મોટા સાઉથ પાર્સ ગેસ ફિલ્ડ પર ભીષણ હુમલો કર્યો છે. આ હુમલા પહેલા ઈઝરાયેલે અમેરિકાને જાણ કરી હતી, પરંતુ અમેરિકાએ આ લશ્કરી કાર્યવાહીમાં ભાગ લેવાનો ઈનકાર કર્યો હતો.આ હુમલાને કારણે ઈરાનની ગેસ ફેસિલિટીમાં મોટી આગ લાગી છે અને વૈશ્વિક બજારમાં તેલના ભાવ પટકા વધીને ૧૧૨ ડોલર પર પહોંચી ગયા છે. ઈરાને વળતો પ્રહાર કરવાની ધમકી આપી છે, જેના કારણે ખાડી દેશોમાં તણાવ વધી ગયો છે.

### સ્ટ્રેટ ઓફ હોર્મુઝ બંધ થતા પરિવહન માટે નવો રસ્તો ખૂલ્યો

# દુબઈના ઓમાન સાથેના ગ્રીન કોરીડોરથી યુએઈના માલવાહક જહાજો રવાના થયા



**અબતક, રાજકોટ**

દુબઈ અને ઓમાન દેશોએ મળીને એક ખાસ 'ગ્રીન કોરિડોર' (ખાસ ટ્રેડ રૂટ) શરૂ કર્યો છે. આ સિસ્ટમમાં જ્યારે એશિયાથી કોઈ સામાન દરિયાઈ માર્ગે ઓમાન કે દુબઈના બંદરે આવે, ત્યારે તેને તરત જ ત્યાંથી એર કાર્ગો દ્વારા દુનિયાના અન્ય દેશોમાં મોકલી શકાશે. પહેલા જે સામાન પહોંચતા અઠવાડિયા લાગતા, તે હવે ગણતરીના દિવસોમાં પહોંચશે.

ફક્ત વિમાન દ્વારા સામાન મોકલવો મોંઘો પડે અને ફક્ત દરિયાઈ માર્ગે મોકલવામાં બહુ વાર લાગે. ખાસ કરીને ઓનલાઈન શોપિંગ , ઈલેક્ટ્રોનિક્સ, દવાઓ અને જલ્દી બગડી જાય તેવી વસ્તુઓ (ફળ-શાકભાજી) ના વેપારીઓને મોટો ફાયદો થશે.આને 'ગ્રીન' કોરિડોર એટલા માટે કહેવાય છે કારણ કે અહીં પેપરલેસ (ડિજિટલ) કામ થશે અને રૂટ ટૂંકા થવાથી કાર્બન ઉત્સર્જન ઘટશે.

સામાન હજુ બંદરે પહોંચ્યો પણ ન હોય, તે પહેલા જ તેની બધી વિગતો ઓનલાઈન બંને દેશોની કસ્ટમ્સ ઓફિસમાં પહોંચી જાય છે. આને 'પ્રિ-ક્લિયરન્સ' કહેવાય છે. સામાનને ઓમાનથી દુબઈ લાવવા માટે ખાસ સીલ કરેલી ટ્રકોનો ઉપયોગ થાય છે. રસ્તામાં આવતી સરહદો પર આ ટ્રકોને લાઈનમાં ઊભા રહેવું પડતું નથી, કારણ કે તેમની પાસે ગ્રીન કોરિડોરની પરમિશન હોય છે. વાહનોને બોર્ડર પર કલાકો સુધી એન્જિન ચાલુ રાખીને ઊભા નથી રહેવું પડતું, જેનાથી ઈંધણ બચે છે અને પ્રદૂષણ ઓછું થાય છે.

આ આખો પ્રોજેક્ટ 'હાઈબ્રિડ લોજિસ્ટિક્સ' પર કામ કરે છે. એશિયાથી મોટો સામાન જહાજ દ્વારા આવે છે કારણ કે તે સસ્તું પડે છે, અને પછી તેને દુબઈથી વિમાન દ્વારા આગળ મોકલવામાં આવે છે કારણ કે તે ઝડપી છે. આ રીતે ''સસ્તું અને ઝડપી'' બંને ફાયદા એકસાથે મળે છે.

### ઓનલાઈન શોપિંગ, ઈલેક્ટ્રોનિક્સ, દવાઓ અને જલ્દી બગડી જાય તેવી વસ્તુઓના વેપારીઓને મોટો ફાયદો થશે

### વસુધૈવ કુટુંબકમઃ ભારતીય સંસ્કૃતિ રંગ લાવી

# ચીન માટે રવાના થયેલા ૭ ક્રૂડના જહાજો ભારતના આંગણે આવ્યાં

### યુદ્ધ દરમિયાન સ્ટ્રેટ ઓફ હોર્મુઝમાં જોખમ દેખાતા આ જહાજ ભારત પહોંચ્યા હોવાનું અનુમાન

**અબતક, નવી દિલ્હી**

હોર્મુઝની સામુદ્રધુનીમાં સર્જાયેલા અવરોધના કારણે ક્રૂડ ઓઈલના સપ્લાયમાં મોટી અછત ઊભી થઈ છે. આ પરિસ્થિતિ વચ્ચે શિપ ટ્રેકિંગ વેબસાઈટ મરીન ટ્રાફિકના ડેટા અનુસાર, રશિયન ક્રૂડ લઈને જતું એક ટેન્કર 'એક્વા ટાઈટન' શનિવારે ન્યૂ મેંગલોર પોર્ટ પર લાંગરે તેવી શક્યતા છે. અહેવાલ મુજબ, આ જહાજ મૂળ ચીનના રિઝાઓ પોર્ટ તરફ જઈ રહ્યું હતું, પરંતુ તેણે અચાનક ભારત તરફ દિશા બદલી છે. આમ મુસીબતના સમયમાં ભારતની વસુધૈવ કુટુંબકમની નીતિ ઉપર ચીન અને રશિયા જેવા દેશોને વિશ્વાસ હોવાનું સાબિત થયું છે.

રશિયન ઓઈલ વહન કરતા ઓછામાં ઓછા સાત ટેન્કરોએ અધવચ્ચેથી ચીનથી ભારત તરફ પોતાના રૂટ બદલ્યા છે. આ ઉપરાંત, અન્ય એક જહાજ 'સુએઝમેક્સ ઝૌઝૌ એન' પણ ચીનના જળવિસ્તારમાંથી પરત ફરીને હવે ગુજરાતના સિક્કા પોર્ટ તરફ આવી રહ્યું છે, જે ૨૫ માર્ચ સુધીમાં પહોંચવાની ધારણા છે. કેપ્લરના ડેટા મુજબ, આ ટેન્કરમાં કઝાકિસ્તાનનું સીપીસી બ્લેન્ડ ક્રૂડ ભરેલું છે.

પશ્ચિમ એશિયામાં સર્જાયેલી ક્રૂડની અછતને પગલે સરકારે ઓઈલ કંપનીઓને ક્રૂડની ખરીદી કરી તેનો સ્ટોક વધારવા સૂચના આપી છે. અગાઉ અમેરિકન પ્રતિબંધોને કારણે રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝ જેવી રિફાઈનરીઓએ રશિયન કંપનીઓ પાસેથી ખરીદી ધીમી કરી હતી. પરંતુ હવે અમેરિકાએ હાઈ સી પર્ચેઝ પરના પ્રતિબંધો હટાવી લેતા, ક્રૂડની અછતને પહોંચી વળવા તમામ દેશો પોતાની જરૂરિયાત મુજબ ખરીદી કરી રહ્યા છે.

પર્શિયન ગલ્ફમાં સપ્લાય ખોરવાતા ભારતીય રિફાઈનરીઓએ અન્ય વિકલ્પો તરફ નજર દોડાવી છે. જેના પરિણામે માર્ચ મહિનામાં ભારત દ્વારા રશિયન ક્રૂડની ખરીદીમાં

(અનુ. આઠમા પાને)

# શું ૧ એપ્રિલથી જીઓસ્ટાર અને ઝી જેવી ચેનલો બંધ થઈ જશે?

### ભારત સરકારનો ચીની માલિકીની કંપનીઓ સામે કડક નિર્ણય

**અબતક, નવી દિલ્હી**

ભારતમાં ટેલિવિઝન જોનારા લાખો દર્શકો માટે આગામી ૧ એપ્રિલનો દિવસ મહત્વનો સાબિત થઈ શકે છે. ભારત સરકાર દ્વારા ચીની માલિકી ધરાવતી સેટેલાઈટ કંપનીઓ પર મૂકવામાં આવેલા પ્રતિબંધને કારણે જીઓસ્ટાર અને ઝી જેવી મોટી પ્રસારણ કંપનીઓની સેવાઓ ખોરવાઈ જવાની ભીતિ સેવાઈ રહી છે. ભારતના સ્પેસ રેગ્યુલેટર 'IN-SPACe' એ સુરક્ષાના કારણોસર હોંગકોંગ સ્થિત કંપની 'એશિયાસેટ' ને ભારતમાં સેટેલાઈટ સેવાઓ આપવા માટેની પરવાનગી લંબાવવાનો ઈનકાર કરી દીધો છે. એશિયાસેટમાં ચીની સરકાર હસ્તકની કંપની 'CITIC' મુખ્ય હિસ્સેદારી ધરાવે છે. સરકારના નવા નિયમો મુજબ, કોઈપણ ચીની પ્રભુત્વ ધરાવતી કંપની ભારતના સંવેદનશીલ સંદેશાવ્યવહાર કે અવકાશ ક્ષેત્રમાં કામ કરી શકશે નહીં. આ પરવાનગી ૩૧ માર્ચના રોજ સમાપ્ત થઈ રહી છે.

ભારતની અગ્રણી પ્રસારણ કંપનીઓ જેવી કે જીઓસ્ટાર અને ઝી અત્યારે એશિયાસેટના સેટેલાઈટનો ઉપયોગ કરીને પોતાના સિગ્નલ પ્રસારિત કરે છે. જો આ કંપનીઓ ૩૧ માર્ચ સુધીમાં પોતાના સિગ્નલ અન્ય કોઈ ભારતીય (GSAT) અથવા માન્ય વિદેશી સેટેલાઈટ પર ફેરવશે નહીં, તો ૧ એપ્રિલથી આ ચેનલોના પ્રસારણમાં અવરોધ આવી શકે છે અથવા પ્રસારણ પૂરેપૂરું બંધ થવાની શક્યતા છે.

આ નિર્ણય સામે એશિયાસેટે આક્રમક વલણ અપનાવ્યું છે. કંપનીએ ભારત સરકારને દ્વિપક્ષીય રોકાણ સંધિ હેઠળ નોટિસ પાઠવી છે અને મધ્યસ્થતાની પ્રક્રિયા શરૂ કરવાની ચીમકી આપી છે. એશિયાસેટનું કહેવું છે કે તેમની પાસે અમેરિકન રોકાણકારો પણ છે અને તેઓ ભારતના તમામ સુરક્ષા નિયમોનું પાલન કરવા તૈયાર છે, છતાં તેમને નિશાન બનાવવામાં આવી રહ્યા છે.જીઓસ્ટાર અને ઝી અત્યારે યુદ્ધના ધોરણે પોતાની સેવાઓને અન્ય સેટેલાઈટ પર ખસેડવા માટે પ્રયત્ન કરી રહ્યા છે. જો આ પ્રક્રિયા સમયસર પૂર્ણ થઈ જાય, તો દર્શકોને કોઈ મુશ્કેલી પડશે નહીં.

### યુપીઆઈ રંગ લાવ્યું

# આવકવેરા વિભાગે ૧૭ માર્ચ સુધીમાં રૂ.૨૨ લાખ કરોડથી વધુ સરકારી તિજોરીમાં ઠાલવ્યા

### દેશના નેટ ડાયરેક્ટ ટેક્સ કલેક્શનમાં ૭.૧ ટકાનો ઉછાળોઃ કોર્પોરેટ ટેક્સમાં વધારો અને રિફંડની ધીમી ચૂકવણીના કારણે ટેક્સ કલેક્શન વધ્યું

**અબતક, નવી દિલ્હી**

ચાલુ નાણાકીય વર્ષમાં ભારતનું નેટ ડાયરેક્ટ ટેક્સ કલેક્શન ૭.૧ ટકા વધીને આશરે ૨૨.૮ લાખ કરોડ રૂપિયા થઈ ગયું છે. બુધવારે જાહેર કરવામાં આવેલા સત્તાવાર આંકડાઓ અનુસાર, ૧૭ માર્ચ સુધીમાં નોંધાયેલા આ વધારા પાછળ મુખ્યત્વે કોર્પોરેટ ટેક્સ કલેક્શનમાં થયેલો વધારો અને રિફંડની ધીમી ચૂકવણી જવાબદાર છે.

આવકવેરા વિભાગ દ્વારા શેર કરવામાં આવેલા ડેટા મુજબ, નેટ કોર્પોરેટ ટેક્સ કલેક્શનમાં આશરે ૧૩ ટકાનો નોંધપાત્ર વધારો જોવા મળ્યો છે, જે ૯.૬૮ લાખ કરોડ રૂપિયા પર પહોંચી ગયું છે. બીજી તરફ, વ્યક્તિગત કરદાતાઓ અને હિન્દુ અવિભક્ત કુટુંબો સહિતના નોન-કોર્પોરેટ ટેક્સ કલેક્શનમાં પણ ૩ ટકાનો વધારો નોંધાયો છે, જે વધીને લગભગ ૧૧.૩૨ લાખ કરોડ રૂપિયા થયો છે.

સિક્યોરિટીઝ ટ્રાન્ઝેક્શન ટેક્સ માંથી થયેલી આવકમાં પણ ૫ ટકાનો વધારો નોંધાયો છે. ૧ એપ્રિલ, ૨૦૨૫ થી ૧૭ માર્ચ, ૨૦૨૬ વચ્ચે એસટિટી કલેક્શન ૫૫,૭૧૭ કરોડ રૂપિયા રહ્યું છે, જે અગાઉના નાણાકીય વર્ષના સમાન સમયગાળામાં ૫૩,૦૯૫ કરોડ રૂપિયા હતું. આ સમયગાળા દરમિયાન ટેક્સ રિફંડ ઈશ્યુ કરવામાં ૬ ટકાનો ઘટાડો નોંધાયો છે, જે ૪.૩૪ લાખ કરોડ રૂપિયા રહ્યો છે.

એડવાન્સ ટેક્સ કલેક્શનના આંકડાઓ પર નજર કરીએ તો તેમાં ૬.૪ ટકાનો વધારો થયો છે અને તે ૧૧.૧૩ લાખ કરોડ રૂપિયા પર પહોંચ્યું છે. આવકવેરા વિભાગના જણાવ્યા અનુસાર, એડવાન્સ ટેક્સની ચારેય ઈન્સ્ટોલમેન્ટ પૂર્ણ થઈ ચૂકી છે અને અંતિમ હપ્તો ૧૫ માર્ચના રોજ પૂરો થયો હતો.

જોકે, નોન-કોર્પોરેટ સેગમેન્ટમાં એડવાન્સ ટેક્સની આવકમાં ૧.૭૮ ટકાનો ઘટાડો નોંધાયો છે. ગત વર્ષના સમાન સમયગાળાના ૨.૮૮ લાખ કરોડ રૂપિયાની સામે આ વર્ષે ૧૭ માર્ચ સુધીમાં તે ઘટીને ૨.૮૩ લાખ કરોડ રૂપિયા થઈ ગઈ છે. તેની સામે કોર્પોરેટ એડવાન્સ ટેક્સ કલેક્શન ૯.૫ ટકા વધીને ૮.૨૯ લાખ કરોડ રૂપિયા થયું છે, જે ગત વર્ષે ૭.૫૭ લાખ કરોડ રૂપિયા હતું.

સમીક્ષા હેઠળના સમયગાળા દરમિયાન ગ્રોસ ડાયરેક્ટ ટેક્સ કલેક્શન ૪.૮ ટકા વધીને ૨૭.૧૫ લાખ કરોડ રૂપિયા નોંધાયું છે. જેમાં ગ્રોસ કોર્પોરેટ ટેક્સ ૧૩.૪૭ લાખ કરોડ રૂપિયા અને નોન-કોર્પોરેટ ટેક્સ ૧૩.૧૧ લાખ કરોડ રૂપિયા છે. નોંધનીય છે કે, ચાલુ નાણાકીય વર્ષ ૨૦૨૫-૨૬ ના સંશોધિત અંદાજોમાં સરકારે કુલ ડાયરેક્ટ ટેક્સ કલેક્શન ૨૪.૮૪ લાખ કરોડ રૂપિયા રહેવાનો અંદાજ મૂક્યો છે.

## મારૂં શરીર, મારૂં મંદિર, તેને અપવિત્ર થતા રોકો

# સ્પર્શ પાછળની દાનત ઓળખો: દીકરીઓ-મહિલાઓની સુરક્ષા માટે એક અનિવાર્ય મંત્ર

### “ના” કહેવાની આઝાદી કેળવો, ગુડ ટચ અને બેડ ટચનો ભેદ ઓળખો: ભારતમાં દર કલાકે અંદાજે ૫૧ થી વધુ FIR મહિલાઓ સામેના ગુના માટે નોંધાય છે, જેનો અર્થ છે કે લગભગ દર મિનિટે એક મહિલા અન્યાયનો ભોગ બને છે: આજના યુગમાં પ્રતિકાર શકિતની ખીલવણી જ તમારો શ્રેષ્ઠ બચાવ કરી શકશે: અબળા નારીના શબ્દને ખોટો પાડીને ‘સબળા’ બનવું જ પડશે

છોકરીઓ, કિશોરીઓ, તરુણીઓ અને મહિલાઓ માટે ગુડ ટચ અને બેડ ટચ વિશે જાગૃતિ ખૂબ જરૂરી છે. કયો સ્પર્શ પ્રેમાળ, સુરક્ષિત અને સ્વીકાર્ય છે અને કયો સ્પર્શ અસ્વસ્થતા, ડર કે અયોગ્ય લાગણી પેદા કરે છે તે સમજવું અત્યંત મહત્વનું છે. આવી સમજ તેમને પોતાના શરીરની સુરક્ષા માટે સજાગ બનાવે છે અને કોઈ પણ અયોગ્ય વર્તન સામે સમયસર અવાજ ઉઠાવવા માટે હિંમત આપે છે. જાગૃતિ, સંવાદ અને આત્મવિશ્વાસ દ્વારા મહિલાઓ અને દીકરીઓ પોતાની સુરક્ષા વધુ મજબૂત બનાવી શકે છે. આથી આ વિષયક હવે જાગૃત થવું જ પડશે.આજના યુગમાં પ્રતિકાર શકિતની ખીલવણી જ તમારો શ્રેષ્ઠ બચાવ કરી શકશે. આજના પર્વતમાન યુગમાં દિવસ ઉગેને મહિલા અત્યચારો, જાતિય સતામણી કે બળાત્કાર જેવી વિવિધ ઘટનાના સમાચારો અખબારો અને ટીવી ચેનલમાં જોવા મળી રહ્યા છે. મહિલા દિવસે રક્ષણની વાતો થશે, બાદમાં ૩૬૪ દિવસ ફરી એ જ માહોલને એ જ સમસ્યા જોવા મળે છે. બધા બદલાવની વાતો કરે છે, પણ હજી આવી ઘટના રોજ-બરોજ બનતી જ રહે છે. હવે એક વાત નકકી છે કે મહિલાઓએ જાગૃત થઈને પોતાના સ્વ-બચાવ માટે તાલિમ બધ્ધ થવું પડશે ‘અબળા’ નારીનો શબ્દ ખોટો પાડીને ‘સબળા’ નારી બનવું જ પડશે.

એક હાથે તાલી કયારેય ન પડી શકે તે એટલું જ નગ્ન સત્ય સાથે છોકરાની સાથે છોકરીનો પણ વાંક હોય જ છે. નારીને દુર્ગાનું, શકિતનું સ્વરુપ ગણવામાં આવે છે, પણ ખરા સમયની મુશ્કેલી સર્જે છે. તેવા વાતાવરણમાં જાતીય સતામણી, બળાત્કાર, ઘરેલું હિંસા, છુટાછેટા, અત્યાચારો મજબુરી, લાચારીનો ફાયદો ઉઠાવવો, મારકુટ જેવી ઘણી ઘટનાઓ સમાજમાં સતત બનતી જોવા મળે છે. ત્યારે હવે સમાજના દરેક વર્ગે જાગૃત થવાની જરુર છે. કારણ કે બધાના ઘરમાં મા-બેન અને દિકરીઓ હોય જ છે. આજે સમાજમાં ૧૦ વર્ષથી નાની ઉમરની છોકરીઓ ઉપર પણ આ પ્રકારની ઘટનાની જોવા મળે છે. ત્યારે આપણો સમાજ કેટલી હદે અધ:પતન તરફ જઈ રહ્યો છે. આજના યુગમાં સુખીસંપન્ન લોકોમાં માત્ર ૯ ટકા જ મહિલાઓ ઘરનું નેતૃત્વ સંભાળે છે અને




ગરીબ કે ઓછી આવક વાળા પરિવારમાં ૨૦ ટકા ઘરનું નેતૃત્વ, સંચાલન કે જવાબદારી સંભાળે છે. આપણે આ ટકાવારીમાં બદલાવ લાવી શકી તો જ સાચો દેશનો વિકાસ ગણાશે. મહિલાઓએ તેના પર થતાં અત્યાચારો, બદીઓ સામે અવાજ ઉઠાવવાનો સમય પાકી ગયો છે, સહનશકિત પણ એક હદ હોય છે. જાતીયતા સમાનતાએ વિશ્વના વિકસીત દેશોમાં સારી જોવા મળતા તેઓ હરણ ફાળ ગતિએ તેનો વિકાસ કરવા લાગ્યને આપણે પાછળ રહી ગયા. એક તારણ મુજબ લગ્નના પ્રથમ વર્ષે કે એક-બે માસમાં ઘર તૂટતા જોવા મળે છે, સૌથી વધુ મહિલાઓની ફરીયાદ ઘરેલું હિંસા અને હેરાનગતિ કે મારકુટની આવતી જોવા મળે છે. આ બાબતે સ્ત્રીઓ એ અવાજ ઉઠાવવો પડશે. આજના યુગમાં મા-બાપ જ પુત્ર-પુત્રીના ઉછેરમાં ‘બાયસ’ (ભેદભાવ) રાખે છે. ત્યારે આ આગ કયારે બુજાશે તે નકકી ન કરી શકાય. સૌ એ પોતાના ઘરથી જ બદલાવ લાવીને આ સમસ્યાનો અંત લાવવા સક્રિયતા દાખવવી પડશે. આજની મહિલાઓ જેમાં કિશરી - તરૂણી કે છોકરીને આવરી લઈએ તો તે મોટેથી ‘રાડ’ પાડી શકતી નથી, તેથી પણ ઘણી સમસ્યામાં તે વધુ સપડાય જાય છે. લાચારી, મજબૂરી અને તરૂણાવસ્થાને કારણે ઘણી વાર લાગણીના આવેગમાં આવી જઈને અવિચારી પગલું ભરી લેતી જોવા મળે છે. જે બાદમાં સમગ્ર કુટુંબને શરમજનક સ્થિતિમાં મુકી દે છે. ઘણીવાર તો ફરીયાદ કરતાં પણ લોકો કે પરિવાર ડરતા હોવાથી સામે વાળાની હિંમત વધવા લાગે છે. આવી જ બીજી ‘ના’ પાડતા શીખી લેવાની છે સંબંધ ન બગડે તેવી રીતે ‘ના’ પાડવી તે પણ એક જીવન કૌશલ્ય છે. આજની યુવતિ માટે સાવચેતી સાથે ઘણું શીખવું જ પડશે.આજે ઘરની બહાર નીકળતી છાત્રા પારાવાર મુશ્કેલીનો સામનો કરતી જોવા મળે છે તેથી જ ગરીબ કે મધ્યમ વર્ગના પરિવારો છોકરીને ભણાવતા ન હોવાથી કન્યાઓને ડ્રોપ આઉટ રેશીયો ઊંચો થતો જાય છે. આજના યુગમાં મા-બાપને સૌથી વધુ ચિંતા તેમને છોકરીઓની છે. એક તારણમાં જાણવા મળ્યું છે કે જાતિય સતામણી ના કેસમાં નજીકનો, ઓળખી તો કે પરિવારનો જ કોઈ વ્યકિત હોવાનું વધુ જોવા મળે છે. શાળા બાદ ટયુશન ને વિવિધ બીજા વર્ગો સતત સવારથી સાંજ છોકરીઓને બહાર આવવું જવું પડતું હોવાથી અને મોબાઈલનો વધુ ઉપયોગ પણ ઘણીવાર અણધારી આફત લાવે છે. પરિવાર ના સભ્ય સિવાય ‘ટચ’ કરે ત્યારે તે સંદર્ભે ના સારા કે નરસા પાસાના સમજવા અતિ જરુરી છે. અજાણ્યા વ્યકિત પર આંધળો વિશ્વાસ પણ ઘણીવાર ઘાતક બને છે. વિડિયો કોલીંગ સૌથી ભયંકર દુષણ છે. તેનાથી બચવું જરુરી છે, આમાંથી ‘સેકસ ટીંગ’નો જન્મ થયો છે. રોડ પર કયારેય અજાણ્યા માણસ સાથે વાત ન કરવી કે હાસ્ય ન આપવું કે વારંવાર સામે ન જોવા જેવી નાનકડી તકેદારી પણ તમને મોટી મુશ્કેલીથી બચાવી શકે છે. મિત્ર કે ભાઈબંધ શબ્દ સુધી બધુ સારુ હતું પણ આજે ગર્લફ્રેન્ડ કે બોયફ્રેન્ડ જેવા શબ્દો આવતા પારાવાર દુષણો જન્મયા છે. છોકરીઓ માટે સૌથી અગત્યની બાબત પ્રતિકાર છે જો તે હસ્તગત થઈ જાય તો તે ‘લેડી સિંધમ’ બની જાય છે, પછી કોઈની હિંમત નથી કે તમને હેરાન કરે.

**નોલેજ કોર્નર**



**ડો.અરૂણ દવે**
**મો.૯૮૨૫૦૭૮૦૦૦**

આજની છોકરીઓ ઝડપથી અંજાઈ જાય છે તે જે દેખાય છે એને જ સાચુ માની બેસે છે જે ખોટું છે. લકકી ખોટી પણ હોય ને કાર ભાડે કે મિત્રની પણ હોય, સમસ્યાના મૂળમાં સંગત પણ બહુ મોટી અસર કરે છે તેથી તે બાબતે ચેતવું જરુરી છે. જયાં જાવ ત્યૌ ‘મા-બાપ’ ને જાણ કરીને ટાઈમીંગ જણાવીને જાવું હિતાવહ છે. અજાણ્યા કે ફ્રેન્ડના મિત્રો સાથે બહુ દૂર લાંબી મુસાફરી ન કરવી. આજના યુગમાં ઘણી બાબતોમાં છોકરીઓએ સાવચેત રહેવું કારણ સામે પક્ષે છોકરા તૈયાર હોવાથી તે તમારો ઉપયોગ કયાં એન્ગલથી કરશે તે તમે નકકી ન કરી શકો. દેખાય છે એ ક્યારેય સાચુ ન હોતું ને જે નથી દેખાતું તે સાચુ પણ હોય શકે, પુરી તપાસ કર્યા વગર ઉતાવળો નિર્ણય મુશ્કેલી ઉભી કરે છે. આખા દિવસની બધી વાત મમ્મીને સો ટકા કરવી, ને મુશ્કેલી જણાય ત્યારે પોલિસ કે દુર્ગાવાહિની ટીમ કે મા-બાપનો તાત્કાલીક સંપર્ક કરવો. હવે તો ખાસ મહિલાઓ માટે જ ‘પોલિસ સ્ટેશન’ બનાવાયા છે. મહિલા હેલ્પલાઈનની એપ ડાઉનલોડ કરી જ રાખવી. સાવચેતી એજ સલામતી છે.

### ચાલુ વર્ષેમાં ડીપફેક અને સોશિયલ મીડિયા દ્વારા થતી સાયબર સતામણીના કેસોમાં પણ મોટો ઉછાળો જોવા મળ્યો છે: મહિલાઓએ સેલ્ફ ડિફેન્સ સાથે મોટેથી ‘રાડ’ પાડતા શીખી લેવું પડશે: જાતીય સતામણીના વધતા બનાવોને કારણે મહિલાઓએ એકાંતવાળી અને અજાણી જગ્યાએ વિશેષ સાવચેતી રાખવી

# માધવપુર ઘેડના મેળામાં ભીડ ટાળવા ગ્રાઉન્ડના લે-આઉટમાં ફેરફાર

## સાંસ્કૃતિક કાર્યક્રમો માટે ‘એરેના ટાઈપ સ્ટેડિયમ’ થયું તૈયાર: આનંદ નગરી આકર્ષણનું કેન્દ્ર બનશે

**અબતક, અશોક થાનકી, પોરબંદર**

તારીખ ૨૭ થી ૩૧ માર્ચ સુધી માધવપુર ખાતે ભગવાન શ્રી કૃષ્ણ અને દેવી રૂકમણીજીના લગ્ન પ્રસંગની યાદમાં માધવપુર ઘેડના મેળાનું આયોજન કરાયું છે. જેની તૈયારીને આખરી ઓપ આપવામાં આવી રહ્યો છે. મેળાની તૈયારી આયોજન અંગે માહીતી આપવા પોરબંદર જિલ્લા કલેકટરે પ્રેસ કોન્ફરન્સનું આયોજન કર્યુ હતું.

આ મેળા અંગે માહિતી આપતા પોરબંદર જિલ્લા કલેકટર એસ. ડી. ધાનાણીએ જણાવ્યું હતું કે, જિલ્લા વહીવટી તંત્રનો મુખ્ય ઉદ્દેશ્ય મેળામાં ઉમટતા લાખો શ્રદ્ધાળુઓની સુખાકારી અને મોકળાશમાં વધારો કરવાનો છે. મેળાના પાછલા વર્ષોના અનુભવોથી મેળા ગ્રાઉન્ડમાં લોકોને સ્પેસ ઓછી હોવાથી અગવડતા પડતી હોવાનુ ધ્યાને આવતા લોકોને વધુ સુવિધાઓ મળે તે માટે આ વખતે મેળાના લે-આઉટમાં નોંધપાત્ર ફેરફારો કરવામાં આવ્યા છે, જેથી લોકો ભીડભાડ વગર સરળતાથી હરી-ફરી શકશે. આ મેળા ગ્રાઉન્ડમાં સાંસ્કૃતિક કાર્યક્રમોની પ્રસ્તુતિ માટે વિશેષ ’એરેના ટાઈપ સ્ટેડિયમ’ તૈયાર કરવામાં આવ્યું છે, જે વધુ કોમ્પેક્ટ અને સુવિધાસભર હોવાથી પ્રેક્ષકો કલાકારોની પ્રસ્તુતિને વધુ નજીકથી અને



આરામદાયક રીતે માણી શકશે. આ મેળાના મેદાનમાં શ્રદ્ધાળુઓના મનોરંજન માટે વિવિધ રાઈડ્સ સાથેની ’આનંદ નગરી’ આકર્ષણનું કેન્દ્ર બની રહેશે. આ ઉપરાંત, મુલાકાતીઓ માટે ૪૦ જેટલા ફૂડ સ્ટોલ, ૩૦ ક્રાફ્ટ સ્ટોલ અને વાહનો માટે વિશેષ પાર્કિંગ સુવિધા ઉભી કરવામાં આવી છે.

મેળામાં ટ્રાફિકની સમસ્યા નિવારવા માટે વહીવટી તંત્ર દ્વારા વિશેષ આયોજન કરવામાં આવ્યું છે, જેમાં ટ્રાફિક ડાયવર્ઝન સહિત મેળાના મુખ્ય વિસ્તારમાં ભારે અને મોટા વાહનોના પ્રવેશ પર પ્રતિબંધ મુકાયો છે, જોકે શ્રદ્ધાળુઓ માટેની બસોને એન્ટ્રી આપવામાં આવશે.

## દ્વારકામાં ભગવાન શ્રી કૃષ્ણ સંગ રૂકમણીજીનું ભવ્ય સ્વાગત કરાશે

**અબતક, મહેન્દ્ર કકકડ, દ્વારકા**


માધવપુર ઘેડનો મેળો દરમ્યાન આગામી ૩૧મી માર્ચ, ૨૦૨૬ના રોજ ભગવાન શ્રીકૃષ્ણ સંગ વિવાહ કરીને માતા રૂકમણીજી જયારે જાન સાથે દ્વારકા પહોંચ્યા તે પૌરાણિક મહાત્મ્યને પુન: ઉજાગર કરતા પ્રસંગે દ્વારકામાં શ્રીકૃષ્ણ સંગ રૂકમણીજીનું ભવ્ય સ્વાગત કરાશે. આ કાર્યક્રમના આયોજન અંગે ખંભાળીયા જિલ્લા સેવા સદન ખાતે કલેકટર રાજેશ તન્નાની અધ્યક્ષતામાં બેઠક યોજાઈ હતી.



૩૧મી માર્ચે દ્વારકા શહેરમાં ભવ્ય સ્વાગત સાથે શહેરના રાજમાર્ગો પર શોભાયાત્રા, ભવ્ય મટીમીડીયા શો તેમજ સાંસ્કૃતિક કાર્યક્રમોનું યોજાશે આ કાર્યક્રમ દરમ્યાન ભાવિકો માટે આનુષાંગિક વ્યવસ્થાઓ સુનિશ્ચિત કરી લેવા તેમજ સુવ્યવસ્થિત તૈયારીઓ અંગે વિવિધ વિભાગના અધિકારીઓને સૂચનો અપાયા હતા. બેઠકમાં જિ.વિ.અધિ. એ.બી.પાંડોર, પોલીસ અધિક્ષક જયરાજસિંહ વાળા, નિવાસી અધિક કલેકટર ભૂપેશ જોટાણીયા, જિ.ગ્રા. વિ.એ.નિયામક હેતલ જોશી, દ્વારકાધીશ મંદિરના વહીવટદાર હિમાંશુ ચૌહાણ, ખંભાળીયા પ્રાંત અધિકારી કે.કે.કરમટા સહિત વિવિધ વિભાગના અધિકારીગણ ઉપસ્થિત રહયા હતા.

## સોમનાથમાં ત્રિવેણી ઘાટ પર બિરાજમાન ચંદ્રભાગા શક્તિપીઠ મહાકાલી મંદિરે ચૈત્રી નવરાત્રિ ઉજવાશે

**અબતક જયેશ પરમાર, સોમનાથ**



સમગ્ર દેશમાં આજથી ચૈત્ર સુદ એકમથી ચૈત્રી નવરાત્રીનો પ્રારંભ થયો છે ત્યારે વિશ્વપ્રસિદ્ધ સોમનાથ પ્રભાસ પાટણમાં ત્રિવેણી સંગમ ઘાટ પર બિરાજમાન ચંદ્રભાગા શક્તિપીઠ મહાકાલી મંદિરે ચૈત્રી નવરાત્રીના અનુષ્ઠાનનો ભાવિકોને લાભ મળશે મંદિરના મહંત હરીનારાયણ ગીરીએ જણાવ્યું હતું કે ૫૨ શક્તિપીઠ માથી એક ગણાતું આ ધામમા ચૈત્રી નવરાત્રીમાં માની આરાધના થશે.

## ગીર સોમનાથ જિલ્લામાં રાંધણગેસના ગેરકાનુની વપરાશ સંગ્રહાખોરી સામે તંત્રની તવાઈ

### કલેકટર ઉપાધ્યાયના માર્ગદર્શન તળે ગેસ ગોડાઉન હોટલ રેસ્ટોરન્ટો પર વ્યાપક તપાસ

**અબતક, અતુલ કોટેચા, વેરાવળ**

ઈરાન-ઈઝરાયેલ યુદ્ધ તળે ઉભી થયેલી રાંધણગેસની અછતની સ્થિતિ વચ્ચે ગીર સોમનાથ જિલ્લા કલેકટર એન.વી. ઉપાધ્યાયના માર્ગદર્શનમાં પુરવઠા વિભાગ દ્વારા સાંપ્રત પરિસ્થિતિને ધ્યાને રાખીને ગેસ સિલિન્ડરના ગેરકાયદેસર વપરાશ અને સંગ્રહખોરી



અટકાવવા માટે કડક ઝુંબેશ હાથ ધરવામાં આવી છે. પુરવઠા અધિકારીઓની અલગ-અલગ ટીમો દ્વારા જિલ્લાની ૪૮ જેટલી સ્થાનિક હોટલો, રેસ્ટોરન્ટ્સ અને ખાણી-પીણીના વિવિધ એકમો પર તેમજ ૨૧ ગેસ એજન્સીઓની આકસ્મિક તપાસ હાથ ધરી ૦૬ ગેસ સિલિન્ડર સીઝ કરી રૂ.૪.૧૭ લાખનો જથ્થો સીઝ કર્યો હતો.

તપાસ દરમિયાન ખાસ કરીને વ્યાપારી હેતુ માટે ઉપયોગમાં લેવાતા ગેસ સિલિન્ડરના જથ્થાની ચકાસણી કરવામાં આવી હતી. હોટલ સંચાલકો દ્વારા નિયમ મુજબના સિલિન્ડરનો ઉપયોગ કરવામાં આવે છે કે કેમ, વધુ સંગ્રહ કરવામાં આવ્યા છે કે કેમ તેની સ્થળ પર તપાસ કરવામાં આવી હતી. જિલ્લાના વિવિધ વિસ્તારોમાં કાર્યરત એલ.પી.જી. ગેસના ગોડાઉનો ખાતે પુરવઠા વિભાગ દ્વારા તપાસનો દોર લંબાવવામાં આવ્યો હતો.

## કાર્યક્રમોની યાદી

અબ તક CHANNEL

**તારીખ ૧૯-૦૩-૨૦૨૬ ગુરુવાર**
૧૨:૦૦ થી ૦૨:૦૦ ગુજરાતી મુવી (જય માતાજી લેટ્સ રોક)
૦૨:૦૦ થી ૦૩:૦૦ મોટીવેશનલ સ્પીચ (સંજય રાવલ)
૦૩:૦૦ થી ૦૩:૩૦ રસથાળ (કાજુ બટર મસાલા)+(લૌકી કોફ્તા)
૦૩:૩૦ થી ૦૪:૦૦ આયુર્વેદ: આજે નહીં તો કયારે
૦૪:૦૦ થી ૦૪:૩૦ હેલ્થ વેલ્થ (ડો.રવિ ઠેસીયા)
૦૪:૩૦ થી ૦૫:૦૦ સૌરાષ્ટ્રની રસધાર
૦૫:૦૦ થી ૦૭:૩૦ ગુજરાતી નાટક (ગુકકુભાઈ બન્યા દબંગ)
૦૭:૩૦ થી ૦૮:૦૦ મનુ મોજીલો
૦૮:૦૦ થી ૦૯:૦૦ ચાલ જીવી લઈએ
૦૯:૦૦ થી ૧૨:૦૦ કલાકુંભ

**તારીખ ૨૦-૦૩-૨૦૨૬ શુક્રવાર**
૦૭:૦૦ થી ૧૦:૦૦ ભાગવત કથા (પુ.દિપાલી દીદી)
૧૦:૦૦ થી ૧૧:૦૦ ગીત ગુંજાવલી
૧૧:૦૦ થી ૧૧:૩૦ રસથાળ
૧૧:૩૦ થી ૧૨:૦૦ મોટીવેશનલ સ્પીચ

## અબતક પંચાગ

### તા.૨૦-૩ -૨૦૨૬ શુક્રવાર

**વિક્રમ સંવત** ૨૦૮૨ **શાલીવાહન શકિ:** ૧૯૪૭
**ખ્રિસ્તી સંવત** ૨૦૨૬
**તિથી** ચૈત્ર શુદ બીજ ચેટીચાંદ (સિંધી) પંચક
**નક્ષત્ર** રેવતી
**યોગ** બ્રહ્મ **કરણ:** બાલવ
**સુર્યોદય** ૬.૫૧ **સુર્યાસ્ત:** ૬.૫૮
**ચંદ્ર રાશી** મીન શુક્રવારે રાત્રે ૨.૨૮થી મેષ
**રાશિ અક્ષર** દ.ચ.ઝ.થ/અ.લ.ઈ.
**દિશાશૂળ** પશ્ચિમ દિશા તરફ
**રાહુકાળ** સવારે ૧૦.૩૦ થી ૧૨
**દિવસનાચોઘડીયા** ચલ,લાભ,અમૃત,કાળ,શુભ,રોગ,ઉદવેગ,ચલ
**રાત્રીનાચોઘડીયા** રોગ,કાળ,લાભ,ઉદવેગ,શુભ,અમૃત,ચલ,રોગ
**અભિજીત મુહૂર્ત** બપોરે ૧૨.૩૧ થી ૧.૧૯

શાસ્ત્રી રાજદીપ ડી. જોષી - ૯૯૨૫૬ ૧૧૯૭૭

## સૂડોકુ -૮૬

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | ૪ | | | | ૯ | ૩ | | ૮ |
| ૧ | ૮ | | | | ૨ | | ૫ | ૯ |
| | | ૩ | | | | ૧ | ૨ | |
| ૪ | | ૯ | ૫ | | | | | |
| | | | | ૪ | | ૨ | | |
| ૬ | ૧ | ૭ | | | | ૮ | | |
| | | | | ૩ | | | | |
| ૭ | | | ૯ | ૮ | | | | |
| | | ૪ | | | | | ૮ | |


આપેલા ચોરસમાં ખૂટતા અંકો ભરો કે દરેક કોલમ દરેક હરોળ અને 3x3 ના બોકસમાં ૧ થી ૯ સુધીના આંકડા આવે. આપેલા આંકડાઓનો તમે સ્થાન ફેર કરી શકશો નહિ. અહીં આપેલા અંકો સિવાયના ખૂટતા અંકો મેળવો.

## સૂડોકુ-૮૫ ઉકેલ

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૩ | ૭ | ૬ | ૪ | ૫ | ૮ | ૯ | ૧ | ૨ |
| ૫ | ૧ | ૨ | ૯ | ૬ | ૩ | ૪ | ૮ | ૭ |
| ૪ | ૯ | ૮ | ૭ | ૧ | ૨ | ૬ | ૩ | ૫ |
| ૬ | ૨ | ૪ | ૩ | ૯ | ૫ | ૧ | ૭ | ૮ |
| ૭ | ૮ | ૫ | ૧ | ૨ | ૪ | ૩ | ૯ | ૬ |
| ૧ | ૩ | ૯ | ૮ | ૭ | ૬ | ૫ | ૨ | ૪ |
| ૨ | ૫ | ૩ | ૬ | ૮ | ૯ | ૭ | ૪ | ૧ |
| ૯ | ૬ | ૧ | ૨ | ૪ | ૭ | ૮ | ૫ | ૩ |
| ૮ | ૪ | ૭ | ૫ | ૩ | ૧ | ૨ | ૬ | ૯ |

## આવતીકાલનું રાશિફળ

### તા.૨૦.૩.૨૦૨૬ શુક્રવાર, સંવંત ૨૦૮૨, ચૈત્ર સુદ બીજ, રેવતી નક્ષત્ર, બ્રહ્મ યોગ, બાલવ કરણ આજે જન્મેલાંની ચંદ્ર રાશિ મીન રહેશે



જ્યોતિષાચાર્ય
રોહિત જીવાણી-૭૯૯૦૫૦૦૨૮૨

**મેષ (અ,લ,ઈ) :** વિદ્યાર્થીવર્ગે વધુ મહેનત કરવી પડે, સ્ત્રીવર્ગએ સમજીને ચાલવું પડે,નિર્ણયમાં ઉતાવળ ના કરવી.

**વૃષભ (બ,વ,ઉ) :** આકસ્મિત લાભ થાય,જુના મિત્રોને મળવાનું બને, મનની વાત વ્યક્ત કરી શકો, શુભ દિન.

**મિથુન (ક,છ,ઘ) :** વેપારીવર્ગને ખરીદ વેચાણમાં લાભ આપતો દિવસ, નોકરિયાતવર્ગને પણ સારું રહે, આગળ વધી શકો.

**કર્ક (ડ,હ) :** આધ્યત્મિક ચિંતન થાય, મનોમંથન કરી શકો, ઘણા રહસ્યો પ્રાપ્ત કરી શકો, શુભ દિન.

**સિંહ (મ,ટ) :** માનસિક વ્યગ્રતા જણાય, મનનું ધાર્યું ના થાય, મૂડ વારંવાર બદલાતો જોવા મળે, મધ્યમ દિવસ.

**કન્યા (પ,ઠ,ણ) :** મિત્રો સાથે બગડેલા સંબંધ સુધારી શકો, યાત્રા પ્રવાસનું આયોજન કરી શકો, દિવસ આનંદદાયક રહે.

**તુલા (ર,ત) :** ઘણી નવી પરિસ્થિતિમાં થી પસાર થવાનું આવશે, નવા વાતાવરણને સમજી એ મુજબ ચાલી શકો, દિવસ એકંદરે સારો.

**વૃશ્ચિક (ન,ય) :** વિદેશ જવા ઈચ્છતા મિત્રો માટે સમય સારો રહે,કામગીરી આગળ વધે, પેપરવર્ક કરી શકો.

**ધન (ધ,ભ,ફ,ઢ) :** પ્રોપર્ટી અંગે યોગ્ય નિર્ણય લઈ શકો, કામકાજમાં પ્રગતિ થાય, આપેલ વાયદા પુરા કરી શકો.

**મકર (ખ,જ) :** તમારી અંદરની પ્રતિભા બહાર લાવી શકો, ખુદ માટે સમય પણ ફાળવી શકો, કાર્યમાં સફળતા મળે.

**કુંભ (ગ,સ,શ) :** પરિવાર માં સુખ શાંતિ રહે, વ્યક્તિગત રીતે કેટલાક પ્રશ્નો મુન્જાવતા જણાય ,ઊંઘ આવવામાં પ્રશ્નો થતા લાગે.

**મીન (દ,ચ,ઝ,થ) :** ઘણા લાંબા સમયથી રાહ જોઈ રહ્યા હો તેવી ઘટના બને, સામાજિક રીતે તમારી સ્વીકૃતિ વધે, શુભ દિન.

# સરધારમાં આઈશ્રી સિંહમોઈ (જીવણી) માતાજીના મંદિરે ચૈત્રીબીજ મહોત્સવ ઉજવાશે

## ચારણ સમાજના લોકગાયકો દ્વારા ભાવવંદના અને મહાપ્રસાદ સહિતના કાર્યક્રમ

**અબતક, રાજકોટ**

રાજકોટ તાલુકાના ઐતિહાસિક સરધાર ગામે બિરાજતા આઈ શ્રી સિંહમોઈ (જીવણી) માતાજીના મંદિર પરિસરમાં આગામી તા. ૨૦-૦૩-૨૦૨૬, શુક્રવારના રોજ 'ચૈત્રીબીજ મહોત્સવ'નું ભવ્ય આયોજન કરવામાં આવ્યું છે. સિંહમોઈ ચેરીટેબલ ટ્રસ્ટ-સરધાર દ્વારા આયોજિત આ ધાર્મિક ઉત્સવમાં વિવિધ આધ્યાત્મિક અને સાંસ્કૃતિક કાર્યક્રમો યોજાશે.

મહોત્સવનો પ્રારંભ સવારે ૮:૦૦ કલાકે માતાજીની આરતીથી થશે. ત્યારબાદ સવારે ૮:૩૦ થી ૧૨:૩૦ દરમિયાન પવિત્ર યજ્ઞનું આયોજન કરવામાં આવ્યું છે. વિશેષ આકર્ષણ તરીકે સવારે ૯:૦૦ થી ૧૨:૦૦ કલાક દરમિયાન ચારણ સમાજના નામી-અનામી લોકગાયકો માતાજીની સ્તુતિ અને ભાવવંદના રજૂ કરશે. મહોત્સવના અંતે બપોરે ૧૨:૩૦ કલાકે મહાપ્રસાદનું આયોજન કરવામાં આવ્યું છે.

આ સમગ્ર ચૈત્રીબીજ મહોત્સવના મુખ્ય દાતા ગઢવી નરશીભાઈ જીવાભાઈ નૈયા (ગામ: ખાટડી/ભાડલા) છે, જેઓ સ્વ. જીવાભાઈ રાણાભાઈ નૈયાના સુપુત્ર છે. આ પ્રસંગને સફળ બનાવવા માટે સિંહમોઈ ચેરીટેબલ ટ્રસ્ટના મુકેશભાઈ નૈયા, જયદેવભા નૈયા, ભગવતભા સોયા, તેમજ મંદિર સેવા સમિતિના આગેવાન ચેતનભાઈ પાણ અને તેમની ટીમ ભારે જહેમત ઉઠાવી રહી છે. ટ્રસ્ટ દ્વારા ચારણ (ગઢવી) સમાજના તમામ જ્ઞાતિબંધુઓ, વિવિધ સંસ્થાઓના હોદ્દેદારો, ટ્રસ્ટીઓ અને માતાજીના તમામ ઉપાસકોને આ મંગલ પ્રસંગે ઉપસ્થિત રહી દર્શન-પ્રસાદનો લાભ લેવા ભાવભર્યું નિમંત્રણ પાઠવવામાં આવ્યું છે.

# ધ્રાંગધ્રા: બેંક ઓફ બરોડા ગ્રાહક સેવા કેન્દ્ર દ્વારા પ્રધાનમંત્રી જીવન જ્યોતિ યોજના હેઠળ સહાયનો ચેક અર્પણ

**અબતક, સલીમ ઘાંચી, ધ્રાંગધ્રા**

શહેરના મધ્યમ બજાર વિસ્તારમાં આવેલા ગણેશ ઓનલાઈન અને ઝેરોક્ષ - બેંક ઓફ બરોડા ગ્રાહક સેવા કેન્દ્ર દ્વારા સરકારી યોજનાઓનો લાભ છેવાડાના માનવી સુધી પહોંચાડવાનું સરાહનીય કાર્ય કરવામાં આવ્યું છે. બેંક મિત્ર અજયભાઈ રમેશભાઈ કણઝરીયા દ્વારા સ્થાનિક નાગરિકોને સરકારની વિવિધ કલ્યાણકારી યોજનાઓનું સતત માર્ગદર્શન આપવામાં આવે છે, જેના ભાગરૂપે દેસાઈ બોનીલને આ યોજનાનો લાભ લેવા પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા.



પ્રધાનમંત્રી જીવન જ્યોતિ વીમા યોજના (PMJJBY) ની વિશેષતા સમજાવતા જણાવાયું હતું કે, વાર્ષિક માત્ર રૂ. ૪૩૬ ના નજીવા પ્રીમિયમ સામે રૂ. ૨ લાખનું જીવન વીમા કવચ મળે છે, જે પરિવાર માટે મુશ્કેલ સમયમાં આર્થિક સુરક્ષાનું સાધન બને છે.

દેસાઈ બોનીલનું અવસાન થતા, આ યોજના હેઠળ તેમના માતા અને વારસદાર દેસાઈ સીમાબેનને રૂ. ૨,૦૦,૦૦૦ (બે લાખ) ની વીમા સહાય મંજૂર કરવામાં આવી હતી. આ સહાયનો ચેક બેંક ઓફ બરોડાના બ્રાન્ચ મેનેજર, સ્ટાફ અને બેંક મિત્ર અજયભાઈની ઉપસ્થિતિમાં પરિવારને અર્પણ કરવામાં આવ્યો હતો. આર્થિક સંકટના સમયે મળેલી આ મોટી સહાયથી પરિવારે રાહત અનુભવી હતી અને બેંકની સેવાઓની પ્રશંસા કરી હતી.

# ધ્રાંગધ્રા: આંગણવાડી બહેનો એ પડતર પ્રશ્ને ત્રણ દિવસની હડતાળનું રણશિંગુ ફૂંક્યું

## પગાર વધારો અને કાયમી કરવા સહિતના ૭ મુદ્દે લડાઈ: માંગણીઓ નહીં સંતોષાય તો ગાંધીનગર કૂચ કરવાની ચીમકી

**અબતક, સલીમ ઘાંચી, ધ્રાંગધ્રા**

ધ્રાંગધ્રા શહેર અને ગ્રામ્ય પંથકની ૪૦૦થી વધુ આંગણવાડી મહિલા કર્મચારીઓએ પોતાની પડતર માંગણીઓ બાબતે રાજ્ય સરકાર સામે કડક વિરોધ નોંધાવતા ત્રણ દિવસીય હડતાળનો પ્રારંભ કર્યો છે. મહિલા અને બાળ વિકાસ વિભાગ હેઠળ કાર્યરત આ કર્મચારીઓએ કામકાજથી સંપૂર્ણ અળગા રહી આંદોલનનો માર્ગ અપનાવતા તંત્રમાં દોડધામ મચી ગઈ છે.



આ આંદોલનના ભાગરૂપે તમામ મહિલા કર્મચારીઓ આગામી ત્રણ દિવસ સુધી પોતાની ફરજોથી દૂર રહી ધ્રાંગધ્રા સ્થિત આંગણવાડી મુખ્ય કચેરી ખાતે એકત્રિત થઈ વિરોધ પ્રદર્શન કરશે. આગામી ચૂંટણી પૂર્વે જ આંગણવાડી બહેનોએ સરકાર સામે રણશિંગુ ફૂંકીને ગંભીર ચેતવણી આપી છે. કર્મચારીઓની મુખ્ય માંગણીઓમાં વેતન વધારો, નવા સ્માર્ટ મોબાઈલ ફોન પૂરા પાડવા અને કર્મચારીઓને કાયમી કરવા સહિતના કુલ સાત મહત્વના મુદ્દાઓનો સમાવેશ થાય છે.

હડતાળ પર ઉતરેલી મહિલા કર્મચારીઓએ ભારે રોષ સાથે જણાવ્યું હતું કે, સરકાર વિવિધ સરકારી કામગીરીઓમાં આંગણવાડી બહેનોની સતત સેવાઓ લે છે, પરંતુ તેની સામે મળતું વળતર અત્યંત ઓછું છે. લાંબા સમયથી રજૂઆતો કરવા છતાં હજુ સુધી કોઈ ઠોસ નિર્ણય ન લેવાતા આખરે આંદોલનનો માર્ગ લેવો પડ્યો છે. જો આગામી ટૂંક સમયમાં આ સાત મુદ્દાની માંગણીઓ સ્વીકારવામાં નહીં આવે, તો આંગણવાડી બહેનોએ અનિશ્ચિત મુદ્દતની હડતાળ પર ઉતરવાની અને ગાંધીનગર તરફ કૂચ કરવાની ચીમકી પણ ઉચ્ચારી છે. હાલ ધ્રાંગધ્રા વિસ્તારમાં આ હડતાળને લઈ ભારે ચર્ચાઓ જાગી છે.

# ચૈત્રી નવરાત્રીના પાવન પર્વ નિમિત્તે લોકોને શુભેચ્છા પાઠવતા ધોરાજી ભાજપના અગ્રણીઓ

**અબતક, રમણીક ટોપીયા, ધોરાજી**

આજે થી પ્રારંભ થતીહિન્દુ સમાજના અતિ પવિત્ર અને આસ્થાના પર્વ એવા 'ચૈત્રી નવરાત્રી'નો મંગલ પ્રારંભ થઈ રહ્યો છે. આ ભક્તિમય અવસરે રાજકોટ જિલ્લા અને ધોરાજી શહેર ભાજપના વિવિધ હોદ્દેદારો અને આગેવાનોએ નગરજનોને શુભકામનાઓ પાઠવી છે.

રાજકોટ જિલ્લા ભાજપ ઉપપ્રમુખ રાજેશભાઈ બાલધા તથા રેખાબેન ડાભી, ધોરાજી શહેર ભાજપ પ્રમુખ કૌશિકભાઈ વાગડિયા, મહામંત્રી જેન્તીભાઈ કોયાણી અને વિમલભાઈ સાકરીયાએ સંયુક્ત યાદીમાં જણાવ્યું હતું કે, ગુરુવારથી આદ્યશકિતની આરાધનાના પર્વનો પ્રારંભ થઈ રહ્યો છે ત્યારે સમગ્ર હિન્દુ સમાજ માતાજીની ભક્તિમાં લીન બનશે.

આ ઉપરાંત કિસાન મોરચાના પ્રમુખ રમણીકભાઈ બાલધા, યુવા મોરચાના પ્રમુખ નિરવભાઈ ઘાડિયા તેમજ નગરપાલિકાના સભ્યો જેન્તીભાઈ બાલધા, હેતલબેન જયદીપભાઈ વાગડિયા, નૈનાબેન રણજીતભાઈ ગાંગડીયા, બ્રિજેશભાઈ કાચા અને એ.વી. બાલધાએ પણ તમામ નાગરિકો અને ભાજપ પરિવારના કાર્યકર્તાઓને શુભેચ્છા પાઠવી હતી.

આગેવાનોએ માતાજી સૌના જીવનમાં સુખ, શાંતિ અને સમૃદ્ધિ અર્પે તેવી મનોકામના વ્યકત કરી હતી અને ભક્તિભાવપૂર્વક નવરાત્રી ઉજવવા અપીલ કરી હતી.


**પશ્ચિમ રેલવે**
**રાજકોટ મંડળ**

**પુનઃસ્થાપન કામ માટે ટ્રક ભાડે લેવા બાબતની નિવિદા**

**ટેન્ડર નોટિસ નં.: M-2026-7-RMRV તારીખ: 14/03/2026 1. કામનું નામ:** SSE (ART) – રાજકોટના અધિકાર હેઠળ અકસ્માત સ્થળે પુનઃસ્થાપન કાર્ય માટે 03 વર્ષ માટે ટ્રક ભાડે લેવાનું કામ. **2. અંદાજિત કિંમત:** ₹34,21,412.64 **3. અર્નેસ્ટ મની:** ₹68,400/- **4. ટેન્ડર જમા કરવાની અને ખોલવાની તારીખ અને સમય:** ટેન્ડર જમા કરવાની છેલ્લી તારીખ 06-04-2026 ના રોજ 15:00 વાગ્યા સુધી અને ટેન્ડર ખોલવાનો સમય 06-04-2026 ના રોજ 15:30 વાગ્યે. **5. કચેરીનું સરનામું જ્યાંથી ટેન્ડર ફોર્મ મેળવી શકાય તથા નોટિસ બોર્ડનું સ્થાન:** મંડળ રેલવે મેનેજર (મેકેનિકલ) પશ્ચિમ રેલવે, રાજકોટ મંડળ કોઠી કમ્પાઉન્ડ, રાજકોટ – 360001 **6. વેબસાઈટ વિગતો: www.ireps.gov.in** **RJT 213**

અમને લાઇક કરો: facebook.com/WesternRly


# રાજુલામાં એકલિંગેશ્વર મહાદેવજીના પાટોત્સવની ભવ્ય ઉજવણી



**અબતક, ચેતન વ્યાસ, રાજુલા**

રાજુલા શ્રી સૌરાષ્ટ્ર ત્રિવેદી મેવાડા બ્રાહ્મણ જ્ઞાતિ દ્વારા આયોજિત ઈષ્ટદેવ શ્રી એકલિંગેશ્વર મહાદેવનો ભવ્યાતિ ભવ્ય પાટોત્સવ મહોત્સવ ધામધૂમથી ઉજવાયો હતો. આ પવિત્ર પ્રસંગે ભક્તિભાવ અને ઉત્સાહનું અનોખું દ્રશ્ય જોવા મળ્યું હતું. મહોત્સવ દરમિયાન દાતાઓનું સન્માન કરવામાં આવ્યું હતું તેમજ કાત્યાયાની મહિલા મંડળને પણ સન્માનિત કરવામાં આવ્યું હતું. આ ઉપરાંત ભવ્ય શોભાયાત્રા સાથે રંગારંગ સાંસ્કૃતિક કાર્યક્રમો યોજાઈ, જેમાં મોટી સંખ્યામાં સમાજજનો જોડાયા હતા.

રાજુલા શહેરમાં આહીર સમાજની વાડીથી ભગવાન એકલિંગજીની ભવ્ય શોભાયાત્રા મુખ્ય માર્ગો પર ફરી આવી હતી. યજ્ઞ, ભોજન પ્રસાદ તથા અન્ય ધાર્મિક કાર્યક્રમોનું પણ આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં ભક્તોએ ભાવપૂર્વક ભાગ લીધો હતો.

આ સમગ્ર આયોજન સૌરાષ્ટ્ર ત્રિવેદી મેવાડા બ્રાહ્મણ સમાજ દ્વારા કરવામાં આવ્યું હતું. સમાજના પ્રમુખ ભરતભાઈ વ્યાસના માર્ગદર્શન હેઠળ આ કાર્યક્રમ સફળતાપૂર્વક પાર પાડવામાં આવ્યો હતો, જે સમાજ માટે ગૌરવની બાબત બની રહી હતી.

# લખતર તાલુકા પંચાયતના હોદેદારોની મુદત પૂર્ણ થતાં જ વહીવટદાર શાસન લાગુ



**અબતક, ઘનશ્યામ ભટ્ટી, સુરેન્દ્રનગર**

સમગ્ર રાજ્ય સાથે સુરેન્દ્રનગર જિલ્લા અને તાલુકા પંચાયતો સહિત નગરપાલિકાઓની ચુંટણીઓ જાહેર થવાની તૈયારીમાં છે. તેમજ ચુંટણી પંચ દ્વારા પણ તમામ તૈયારીઓને આખરી ઓપ આપવામાં આવી રહ્યો છે. જિલ્લામાં પણ આગામી દિવસોમાં સ્થાનિક સ્વરાજ્યોની ચૂંટણી માટે નગારે ઘા વાગી રહ્યા છે. ત્યારે લખતર તાલુકા પંચાયતની ભાજપ શાસિત ચૂંટાયેલ હોદેદારોની પાંચ વર્ષની મુદત પૂર્ણ થઈ છે. જેને લઈને લખતર તાલુકા પંચાયતની અંદર વહીવટદાર શાસન લાગુ કરવામાં આવ્યું છે. આથી હાલ લખતર તાલુકા પંચાયતના વહીવટદાર તરીકે વઢવાણ પ્રાંત અધિકારીની નિયુક્તિ કરવામાં આવી છે.

લખતર તાલુકા પંચાયતના વહીવટદાર તરીકે કાર્યભાર વઢવાણ પ્રાંત અધિકારીએ વહીવટ સંભાળ્યો છે. આગામી સ્થાનિક સ્વરાજ્યોની ચૂંટણીઓ યોજાય નહીં ત્યાં સુધી આ સંસ્થાઓનું સંચાલન વહીવટદાર દ્વારા કરવામાં આવશે. તાલુકા પંચાયતની સામાન્ય ચૂંટણીના પગલે રાજકીય પક્ષો પણ સક્રિય થઈ ગયા છે.


**એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટની કચેરી, ગોંડલ (શહેર)ની કોર્ટ સમક્ષ**
"તાલુકા સેવા સદન", ૨૧-સ્ટેશન પ્લોટ, ગોંડલ, તા. ગોંડલ, જી. રાજકોટ
ફોન નં. ૦૨૮૨૫-૨૨૦૦૯૩, ફેક્સ નં. ૦૨૮૨૫-૨૪૦૪૯૩,
ઈ-મેઈલ : mam-gondal@gujarat.gov.in

જન્મ-મરણ/નોંધણી કેસ નં.૧૪/૨૦૨૬

**જાહેર નોટીસ**

શ્રી પરેશ ભરતભાઈ સાકરીયા ................અરજદાર

વિરુધ્ધ

રજીસ્ટ્રારશ્રી, જન્મ-મરણ નોંધણી અધિકારી અને
ચીફ ઓફિસરશ્રી, નગરપાલિકા કચેરી, ગોંડલ .............સામાવાળા

**વિષય : જન્મ/મરણ અધિ.૧૯૬૯ની કલમ ૧૩(૩)હેઠળની નોટીસ**

આ જાહેર નોટીસથી લાગતા વળગતાઓને જાણ કરવામાં આવે છે કે, આ કામના અરજદારના દાદીશ્રી-સ્વ.સવિતાબેન નાથાભાઈ સાકરિયાનું તા. ૨૧/૦૧/૨૦૧૩ ના રોજ ગોંડલ મુકામે અવસાન થયેલ છે. તેમના અવસાનની નોંધ જે-તે વખતે સામાવાળાના અવસાન રજીસ્ટરે નોંધ થઈ શકેલ ન હોય, જેથી તેની નોંધ કરાવવા માટે અત્રેની કોર્ટમાં તે અંગે હુકમ મળવા અરજી કરેલ છે. સદરહું હુકમ થવા સામે જે કોઈને વાંધોતકરાર હોય, તેઓએ અત્રેની કોર્ટ સમક્ષ જરૂરી આધાર-પુરાવા સાથે તા.૨૩/૦૨/૨૦૨૬ ના રોજ ૧૨/૦૦ કલાકે, મામલતદાર કચેરી, "તાલુકા સેવા સદન", ૨૧-સ્ટેશન પ્લોટ, ગોંડલ (શહેર) ખાતે હાજર રહેવા મુદત મુકરર કરવામાં આવેલ છે. આ મુદતે અરજદાર / સામાવાળા જે કોઈ આધાર-પુરાવાઓ રજુ કરવા માંગતા હોય તો તે જાતે અથવા કાયદેસરના મુખત્યાર મારફત રજુ કરવા હાજર રહેશો. મુદતે હાજર રહેવામાં કસુર કરશો તો તમારે આ બાબતે કાંઈ કહેવાનું નથી. તેમ માની આગળની કાર્યવાહી હાથ ધરવામાં આવશે.

આજ તા.૨૦/૦૧/૨૦૨૬ ના રોજ મારી સહ તથા કોર્ટની મહોર સાથે નોટીસ બહાર પાડવામાં આવેલ.

કોર્ટનો સિક્કો — એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ, ગોંડલ (શહેર)



**જાહેર નોટીસ**

જન્મ-મરણ કેસ નં. ૫૧/૨૦૨૬

શ્રી વૃત્તિ વિનોદભાઈ ડાભી ...અરજદાર

વિરૂધ્ધ

રજીસ્ટ્રારશ્રી, જન્મ-મરણ નોંધણી અધિકારી અને
તલાટી કમ મંત્રીશ્રી, મોટાદડવા, તા. ગોંડલ, જી. રાજકોટ ...સામાવાળા

વિષય :- જન્મ-મરણ અધિનિયમ-૧૯૬૯ ની કલમ-૧૩(૩) હેઠળની નોટીસ

આ જાહેર નોટીસથી લાગતા વળગતાઓને જાણ કરવામાં આવે છે કે, આ કામના અરજદારનો જન્મ તા.૦૧/૦૬/૨૦૦૨ ના રોજ મોટાદડવા મુકામે થયેલ છે. તેમના જન્મની નોંધ જે-તે વખતે સામાવાળાનો જન્મ રજીસ્ટરે નોંધ થઈ શકેલ ન હોય, જેથી તેની નોંધ કરાવવા માટે અત્રેની કોર્ટમાં તે અંગે હુકમ મળવા અરજી કરેલ છે. સદરહું હુકમ થવા સામે જે કોઈને વાંધો-તકરાર હોય, તેઓએ અત્રેની કોર્ટ સમક્ષ જરૂરી આધાર-પુરાવા સાથે તા.૦૯/૦૪/૨૦૨૬ ના રોજ ૧૨/૦૦ કલાકે, મામલતદાર કચેરી, 'તાલુકા સેવા સદન', ૨૧-સ્ટેશન પ્લોટ, ગોંડલ (તાલુકા) ખાતે હાજર રહેવા મુદત મુકરર કરવામાં આવેલ છે. આ મુદ્દતે અરજદાર / સામાવાળા જે કોઈ આધાર-પુરાવાઓ રજુ કરવા માંગતા હોય તો તે જાતે અથવા કાયદેસરના મુખત્યાર મારફત રજુ કરવા હાજર રહેશો. મુદતે હાજર રહેવામાં કસુર કરશો તો તમારે આ બાબતે કોઈ કહેવાનું નથી. તેમ માની આગળની કાર્યવાહી હાથ ધરવામાં આવશે.

આજ તા.૦૩/૦૨/૨૦૨૬ ના રોજ મારી સહી તથા કોર્ટની મહોર સાથે નોટીસ બહાર પાડવામાં આવેલ.

કોર્ટનો સીકકો — એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ, ગોંડલ (તાલુકા)



**જાહેર નોટીસ**

નં.જન્મ-મરણ કેસ નં.૧૪૫/૨૦૨૫

પ્રતિ. શ્રી ગીતાબેન નોંઘણભાઈ ભાલીયા,
રહે. પીછવી, ગામ-પીછવી તાલુકો ગીરગઢડા, જિલ્લો-ગીર સોમનાથ....અરજદાર
વકીલશ્રી, જે.પી.જાની ગીરગઢડા

વિરૂધ્ધ

રજીસ્ટારશ્રી (જન્મ-મરણ) અને તલાટી-કમ-મંત્રીશ્રી,
ગ્રામ પંચાયત કચેરી, પીછવા, તા. ગીરગઢડા, જિ. ગીરસોમનાથ...સામાવાળા

આથી લાગતા વળગતાઓને આ નોટીસથી જાણ કરવામાં આવે છે કે, ગીરગઢડા તાલુકાના પીંછવી ગામના રહીશ ગીતાબેન નોંઘણભાઈ ભાલીયા તથા નોંઘણભાઈ રાજાભાઈ ભાલીયાના પુત્રી સંગીતાબેન નોંઘણભાઈ ભાલીયાનો જન્મ તારીખ ૧૫/૦૫/૧૯૯૨ના રોજ ગીરગઢડા તાલુકાના પીછવી ગામ ખાતે થયેલ છે જેની જન્મ નોંધણી રજીસ્ટરમાં તેમના જન્મની નોંધ ગ્રામ પંચાયત કચેરી. પીછવા, તાલુકો-ગીરગઢડા સને-૧૯૯૨ના જન્મ રજીસ્ટરે લખવાની રહી ગયેલ છે. જે નામ રજીસ્ટરે નોધ કરવા અત્રેની કોર્ટમાં અરજી કરેલ છે. આ કામના સામાવાળાને જન્મ નોંધ દફ્તરે ચડાવી આપવા સામે કોઈને વાંધો હરકત સરખું હોય તો તેમને જાતે અગર તેમના મુખત્યાર અથવા વકીલ મારફત અંત્રેની કોર્ટમાં મુદત તા.૨૬/૧૨/૨૦૨૫ના રોજ ૧૫:૦૦ કલાકે વાંધા તકરાર સાથે હાજર રહેવા જણાવેલ પરંતુ કોઈ પક્ષકાર મુદતે અત્રેની કોર્ટમાં હાજર રહેલ નથી જેથી હવે પછીની આગામી મુદત તારીખ ૨૦/૩/૨૦૨૧ના ૧૫-૦૦ કલાકે વાધા-તકરાર સાથે હાજર રહેવા જણાવવામાં આવે છે. અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે.

આજ તા. ૨૩/૦૧/૨૦૨૬ના રોજ મારી સહી તથા સિક્કો કરીને આપ્યાં.

કોર્ટનો સીકકો — એકજીક્યુટીવ મેજીસ્ટ્રેટ, ગીરગઢડા



**ગુજરાત રાજ્ય**
**નાયબ કાર્યપાલક ઈજનેરની કચેરી,**
**માર્ગ અને મકાન પેટા વિભાગ (રાજ્ય), ગોંડલની**
**ટુંકી મુદતની જાહેર નિવિદા નં.:૩/ ૨૦૨૫-૨૬**

નાયબ કાર્યપાલક ઈજનેરની કચેરી, માર્ગ અને મકાન પેટા વિભાગ (રાજ્ય), ૨૧-સ્ટેશન પ્લોટ, તાલુકા સેવા સદન, પ્રથમ માળ, ગોંડલ-૩૬૦૩૧૧, ફોન નં.: ૦૨૮૨૫-૨૨૦૧૬૯ દ્વારા માર્ગ અને મકાન પેટા વિભાગ, ગોંડલ હસ્તકના વિવિધ કક્ષાના રસ્તા પર મેન્યુઅલ તેમજ વિડીયોગ્રાફી બેઝ ટ્રાફીક સેન્સસની કામગીરીનાં ભાવપત્રકો તા.:૨૫/૦૩/૨૦૨૬ સુધીમાં અરજી કર્યે સરકારશ્રી દ્વારા માન્ય પ્રાપ્ત રજીસ્ટ્રેશન,ભાવપત્રક ફી રૂ.:૧૫૦૦.૦૦, કન્સલ્ટન્સીના જરૂરી રજીસ્ટ્રેશન, જીએસટી રોડ સર્વે અથવા સ્ટ્રક્ચર ઇન્વેટરી તેમજ ટ્રાફિક સેન્સસ કરેલ કામો કર્યાનો આધાર, જી.એસ.ટી. સર્ટીફિકેટ વગેરેની સેલ્ફ એટેસ્ટેડ નકલ રજુ કર્યે ૧૧:૦૦ થી ૧૬:૦૦ કલાક દરમ્યાન કોરા ભાવપત્રકો આપવામાં આવશે. ભરેલા ભાવપત્રકો તા.:૦૭/૦૪/૨૦૨૬ સુધીમાં રજી.એ.ડી./ સ્પીડ પોસ્ટથી સ્વિકારવામાં આવશે. બાનાની રકમ વિનાનાં, અધુરા, છેક-છાકવાળા કે કોઇપણ ભાવપત્રક મંજુર/ ના-મંજુર કરવાની સત્તા સક્ષમ કક્ષાએથી રહેશે. જેની વિગતો કચેરીનાં નોટીશ બોર્ડ ઉપર મુકવામાં આવેલ છે. આ નોટીશ અંગેની વધુ માહિતી માટે ઉપરોક્ત કચેરીમાં જાહેર રજા સિવાયનાં દિવસોમાં રસ ધરાવતા ઈજારદારશ્રીઓ રૂબરૂ સંપર્ક સાધવાથી મેળવી શકશે.

માહિતી -રાજ-૨૦૦૪-૨૫-૨૬



જા.નં.: 0504/03/2026 તા.: 16/03/2026

**મોરબી મહાનગરપાલિકા**

**LED સ્ટ્રીટ લાઈટનાં રીપેરીંગનાં કામ**

આથી મોરબી મહાનગરપાલિકા, મોરબી જી.મોરબી ને વિવિધ યોજના હેઠળ નીચે મુજબની વિગતે કામગીરી કરાવવા માટે ઓફલાઈન ટેન્ડર મંગાવવામાં આવે છે.

| અ. નં. | કામની વિગત | ટેન્ડર ફી | ઇ.એમ.ડી. ની રકમ | કામની અંદાજીત રૂ. |
|---|---|---|---|---|
| ૧ | LED સ્ટ્રીટ લાઈટનાં રીપેરીંગનાં કામ | 750/- | 2000/- | 2,00,000/- |

મોરબી મહાનગરપાલિકામાં LED સ્ટ્રીટ લાઈટનાં રીપેરીંગનાં કામ માટે ઓફ્લાઈન ટેન્ડરની શરતો મુજબભાવ પૂરા પાડવા માટે જાહેરાત પ્રસિધ્ધ કરવામાં આવે છે . આ ટેન્ડરની અંદાજીત રકમ રૂ. ૨ લાખ છે. આ કામ માટે રસ ધરાવતી એજન્સીઓ પાસે ઓફલાઇન ભાવો મંગાવવામાં આવે છે.

આ કામગીરી માં રસ ધરાવતા ઉમેદવારો એ જરૂરિયાત મુજબ ના ડોક્યુમેન્ટ્સ તા: 18-03-2026 સમય ૧૧:00 થી 27-03-2026 ૧૮:00 સુધીમાં મોરબી મહાનગરપાલિકા ઓફિસે પહોંચી જાય તે રીતે RPAD થી પહોંચાડવાનું રહેશે કવર પર મોરબી મહાનગરપાલિકામાં LED સ્ટ્રીટ લાઈટનાં રીપેરીંગનાં કામનો ઉલ્લેખ કરવાનો રહેશે.

નાયબ કમિશનર
મોરબી મહાનગરપાલિકા

માહિતી -રાજ-૧૯૯૬-૨૫-૨૬



**RAJKOT URBAN DEVELOPMENT AUTHORITY**

SHRI CHIMANBHAI PATEL VIKAS BHAVAN, POST BOX NO.238, JAMNAGAR ROAD, RAJKOT.

**જાહેર હિતની નોટીસ**

આથી રાજકોટ શહેરી વિકાસ સત્તામંડળ દ્વારા નિર્મિત પ્રધાનમંત્રી આવાસ યોજના અંતર્ગત નીચે મુજબની સાઇટ ખાતે ફાળવેલ આવાસો પૈકી નીચેની યાદી મુજબના આવાસધારકો દ્વારા રૂડાનાં હપ્તા પેટે બાકી રહેતી રકમ આજદિન સુધી ભરવામાં આવેલ નથી. આ બાબતે લાભાર્થીશ્રીઓને અત્રેની કચેરીએથી વારંવાર જાણ કરવામાં આવેલ છે.પરંતુ, આજદિન સુધી આવાસધારકો દ્વારા રૂડામાં રકમ જમા કરાવેલ નથી. તેથી સદરહુ બાબતે રૂડાની બોર્ડ બેઠકમાં ઠરાવ્યા મુજબ આ પ્રકારના આવાસધારકોનાં આવાસ રદ કરવામાં આવે છે.

| ક્રમ | સોસાયટીનું નામ | ફ્લેટ નં. | |
|---|---|---|---|
| ૧ | આદિત્ય-૭૯ હાઉસિંગ કો. ઓપરેટીવ સર્વિસ સોસાયટી, રાજકોટ (ટી.પી.૧૭, એફ.પી.૭૯) | B-202 | C-604 |
| ૨ | શિવશકિત હાઉસિંગ કો. ઓપરેટીવ સર્વિસ સોસાયટી, રાજકોટ (ટી.પી.૦૯, એફ.પી.૨૦/એ ) | C-204 | D-903 |
| ૩ | આદર્શ હાઉસિંગ કો. ઓપરેટીવ સર્વિસ સોસાયટી, રાજકોટ (ટી.પી.૧૦, એફ.પી.૩૨/એ) | B-1201 | D-303 |
| ૪ | વૃંદાવન હાઉસિંગ કો. ઓપરેટીવ સર્વિસ સોસાયટી, રાજકોટ (ટી.પી.૧૭, એફ.પી.૯૫) | F-403 | |
| ૫ | ગોકુલમ હાઉસિંગ કો. ઓપરેટીવ સર્વિસ સોસાયટી, રાજકોટ (ટી.પી.૦૯, એફ.પી.૯/એ) | D-404 | |
| ૬ | એકલવ્ય હાઉસિંગ કો. ઓપરેટીવ સર્વિસ સોસાયટી, રાજકોટ (ટી.પી.૦૯, એફ.પી.૯/એ) | K-706 | |


આ બાબતે કોઇ પણ પ્રકારનાં વાંધાવચકા કે રજુઆતો હોય તો જાહેરાત પ્રસિધ્ધ થયાની તારીખથી દિન-૭ માં રૂડા કચેરીનાં કામકાજનાં દિવસો દરમ્યાન આવાસ શાખાનો સંપર્ક કરવો.

-SD-
મુખ્ય કારોબારી અધિકારી
રાજકોટ શહેરી વિકાસ સત્તામંડળ
રાજકોટ

માહિતી -રાજ-૨૦૦૧-૨૫-૨૬



**દુઃખદ અવસાન / બેસણું**



**સ્વ. શ્રી કશ્યપભાઈ હરસુતરાય રાવલ**
જન્મ તા. ૩૦-૧૧-૧૯૬૬, બુધવાર ● સ્વ. તા. ૧૮-૦૩-૨૦૨૬, બુધવાર

ઔદિચ્ય સહસ્ત્ર ઝાલાવાડી બ્રાહ્મણ (હડીયાણા ચોવીસી વાળા), કરાંચીવાળા શાસ્ત્રી શ્રી જીવનલાલ રાવલના પૌત્ર તથા જીવન કોમર્શીયલ બેન્કના સ્થાપક સ્વ. શ્રી હરસુતરાય જીવનલાલ રાવલના સુપુત્ર, તે રીમાબહેનના પતિ તથા ભાવિક અને મમતા ના પિતાશ્રી, અભિષેક તેમજ નીકીતા ના સસરા અને રક્ષાબેન અનિલકુમાર ઠાકર (જામનગર), ભારતીબેન પરેશકુમાર ઠાકર ના ભાઈ તથા સ્વ. હરિશભાઈ મોહનલાલ પંડયાના જમાઈ તથા નવરત્નભાઈ વ્યાસ (હૈદ્રાબાદ) તથા પ્રકાશભાઈ દવેના વેવાઈ, જીવન કોમર્શીયલ બેન્કના ડીરેક્ટર કશ્યપભાઈ હરસુતભાઈ રાવલ (ઉ.વ. ૫૯) નો કૈલાસવાસ થયેલ છે.

બેસણું : તા. ૨૦-૦૩-૨૦૨૬, શુક્રવારે બપોરે ૪:૦૦ થી ૬:૦૦ કલાકે રાષ્ટ્રીય શાળા, રાજકોટ ખાતે રાખેલ છે.

**રાવલ પરિવારના જયશ્રી કૃષ્ણ**

# શકિતની ભકિત આજથી ચૈત્રી નવરાત્રીનો મંગલારંભ: માઁઈ ભકતોમાં ઉત્સાહ

## માતાજીના મંદિરે સવારથી જ ભકતો દર્શનાર્થે ઉમટ્યા, રાત્રે ગરબા ગાઈ માતાજીની સ્તૃતિ કરાશે





**અબતક, રાજકોટ**

આજથી ચૈત્ર નવરાત્રી મહોત્સવનો પ્રારંભ થયો છે. આ નવે નવ દિવસ માઈભકતો માતાજીની આરાધના ભકિતમાં લીન થશે તેમજ રાત્રે -સાંજે ગરબા ગઈ, રમી માતાજીની સ્તૃતિ કરશે દેશભરની આસ્થા કેન્દ્ર સમાન ચોટીલા, કચ્છના મા આશાપુરાધામ, અંબાજી મંદિર, રાજકોટ ખાતે પેલેસ રોડ પર સ્થિત આશાપુરા મંદિરે સવારથી જ ભકતો દર્શન માટે ઉમટયા હતા. તેમજ નવરાત્રી દરમ્યાન માતાજીને વિવિધ શરગાર કરવામાં આવશે.

રાજકોટમાં આશાપુરા મંદિર પેલેસ રોડ ખાતે ચૈત્ર નવરાત્રી

(અનુ. આઠમા પાને)

### શક્તિપીઠ અંબાજીમાં ભક્તોની ભીડને ધ્યાને રાખી દર્શન અને આરતીના સમયમાં ફેરફાર



પવિત્ર ચૈત્રી નવરાત્રિનો આજથી મંગલ પ્રારંભ થઈ રહ્યો છે ત્યારે સુપ્રસિદ્ધ શક્તિપીઠ અંબાજીધામ ખાતે લાખો શ્રદ્ધાળુઓની ભીડને ધ્યાનમાં રાખીને મંદિર ટ્રસ્ટ દ્વારા દર્શન અને આરતીના સમયમાં ફેરફાર કરવામાં આવ્યો છે. આરાસુરી અંબાજી માતા દેવસ્થાન ટ્રસ્ટની પરંપરા મુજબ આજે તા. ૧૯/૦૩/૨૦૨૬, ગુરુવારના રોજ સવારે ૦૭૩૦ કલાકે શાસ્ત્રોક્ત વિધિ સાથે ઘટ સ્થાપન કરવામાં આવ્યું હતું.

આજથી ચૈત્ર સુદ આઠમ એટલે કે તા. ૨૬/૦૩/૨૦૨૬ સુધી માતાજીની આરતી સવારે ૦૭૦૦ થી ૦૭૩૦ કલાકે અને સવારના દર્શન ૦૭૩૦ થી ૧૧૩૦ કલાક સુધી ખુલ્લા રહેશે. ત્યારબાદ બપોરે ૧૨૦૦ વાગ્યે રાજભોગ ધરાવ્યા બાદ ૧૨૩૦ થી ૦૪૩૦ સુધી ભક્તો દર્શન કરી શકશે. સાંજની આરતીનો સમય ૦૭૦૦ થી ૦૭૩૦ અને રાત્રિના દર્શન ૦૭૩૦ થી ૦૯૦૦ કલાક સુધી રાખવામાં આવ્યો છે.

વિશેષમાં, ચૈત્ર સુદ આઠમ અને ચૈત્રી પૂનમના રોજ આરતી વહેલી સવારે ૦૬૦૦ કલાકે યોજાશે. તા. ૨૭/૦૩/૨૦૨૬ થી દર્શન અને આરતીનો સમય ફરી રાબેતા મુજબ થઈ જશે. આજથી પ્રારંભ થયેલા આ નવરાત્રિ પર્વને લઈને અંબાજીધામમાં માઈભક્તોનું ઘોડાપૂર ઉમટી પડ્યું છે અને સમગ્ર મંદિર પરિસર 'જય અંબે'ના નાદથી ગુંજી ઉઠ્યું છે.

# રાજકોટ જિલ્લા ભાજપના ચુંટણી સંયોજક તરીકે ભુપતભાઇ બોદરને જવાબદારી

## સહ-સંયોજકપદે પ્રફુલભાઈ ટોળીયા, સભ્યપદે મુકેશભાઇ મેર અને વિરલભાઇ પનારાની વરણી



**અબતક, રાજકોટ**

આગામી સમયમાંસ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓ જીલ્લા પંચાયતો, તાલુકા પંચાયતો અનેગોંડલનગરપાલિકાની સામાન્ય ચૂંટણીઓ યોજાવાની છે. જે ચૂંટણીને અનુલક્ષીને વર્ષોથી ભાજપનું ગઢ ગણાતી ભાજપની જસત્તા બનાવવાની નેમ સાથે સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓની ચૂંટણીની સુચારુ વ્યવસ્થા તથારાજકોટ જીલ્લાની જીલ્લા પંચાયત, તાલુકા પંચાયત અને ગોંડલ નગરપાલિકાની ચૂંટણીના આયોજન અનેવ્યવસ્થા માટે ગુજરાત પ્રદેશ ભાજપ અધ્યક્ષ જગદીશભાઈ વિશ્વકર્મા, સૌરાષ્ટ્ર ઝોન મહામંત્રી અનિરુદ્ધભાઈ દવેની સુચના અનુસાર તેમજ રાજકોટ જીલ્લા ભાજપ પ્રભારી ભરતભાઈ આર્ય, રાજકોટ જીલ્લા ભાજપ અધ્યક્ષ અલ્પેશભાઈ ઢોલરીયા, રાજકોટ જીલ્લા ભાજપ મહામંત્રી નરેન્દ્રસિંહ જાડેજા, હરેશભાઈ હેરભા, રવિભાઈ માંકડિયા દ્વારા ચર્ચા-વિમર્શ અને વિચારણા કરી રાજકોટ જીલ્લાના એક સંયોજક, એક સહ-સંયોજક અને અન્ય બે સભ્ય, કુલ ચાર લોકોની ટીમ બનાવવામાં આવી છે. જેમાં જીલ્લાના કુશળ તેમજ પક્ષની કામગીરીને બહોળો

(અનુ. આઠમા પાને)

# તમામ ૧૮૨ વિધાનસભા વિસ્તારમાં ૧૮૨ નવી એસટી બસની ફાળવણી



ગુજરાત એસ.ટી.નિગમ દૈનિક ૮૦૦૦ થી વધુ બસોના કાફલાથી ૩૩ લાખ કિલોમીટરનું સંચાલન કરીને ૨૭ લાખથી વધુ મુસાફરોને પોતાના ગંતવ્ય સ્થળ સુધી પહોંચવા સલામત અને સમયબદ્ધ બસ સેવાઓ પુરી પડે છે.

**અબતક, રાજકોટ**

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વ અને નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીના દિશાદર્શનમાં ગુજરાત રાજ્ય માર્ગ વાહન વ્યવહાર નિગમે જનસેવા પ્રતિબદ્ધતામાં એક નવું સિમાચિહ્ન ૧૮૨ નવિન બસોના લોકાર્પણથી ઉમેર્યુ છે.

આ હેતુસર રાજ્યના તમામ ૧૮૨ વિધાનસભા વિસ્તાર માટે એક એમ કુલ ૧૮૨ નવિન બસોને મુસાફરોની સેવા માટે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ, નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવી તથા વાહન વ્યવહાર રાજ્ય મંત્રી પ્રવીણ માળીના હસ્તે લીલી ઝંડી આપીને પ્રસ્થાન કરાવવાનો ગૌરવશાળી સમારોહ ગાંધીનગરમાં યોજવામાં આવ્યો હતો. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે તથા નાયબ મુખ્યમંત્રીએ આ નવિન બસોના ડ્રાયવર્સને પ્રતિકરૂપે ચાવી અર્પણ કરી હતી.

સામાન્ય માનવી માટે અવર-જવરના સરળ માધ્યમ એવું

રાજ્ય સરકાર દ્વારા દર વર્ષે નવી એસ.ટી બસો ખરીદવા એસ.ટી નિગમને નાણાકીય સહાય અપાય છે. તે અંતર્ગત ૨૦૨૪-૨૫માં ૯૬૩ સુપર એક્સપ્રેસ, ૫૫૦ ગુર્જર નગરી, ૧૦૦ સ્લીપર બસ, ૩૫૦ મીડી બસ મળીને ૧૯૬૩ વાહનો પ્રજાજનોની સેવામાં મૂકાયા છે.

પીપીપી ધોરણે અત્યાધુનિક

(અનુ. આઠમા પાને)

# ઈફકો ટોકિયોની સફળતાનો મુળ આધાર નિષ્ઠાવાન કર્મચારીઓ છે: દિલીપ સંઘાણી

## ઈફકો ટોકિયોના અધ્યક્ષનો ચાર્જ લીધાબાદ દિલીપ સંઘાણીએ કાર્યાલયમા કર્મચારીઓ સાથે કર્યો સંવાદ




**અબતક, રાજકોટ**

ઈફકો ટોકિયોના અધ્યક્ષ બન્યા બાદ દિલીપભાઈ સંઘાણીએ પ્રથમ વાર કાર્યાલયની મુલાકાત લઈ કર્મચારીઓ સાથે સંવાદ પરામર્શ કર્યો હતો.

દિલીપ સંઘાણીનું ઈફકોના મેનેજિંગ ડિરેક્ટર કે જે પટેલ મેનેજિંગ ડિરેક્ટર સુબ્રતો મોંડલ રમેશકુમાર સહિત હાર્દિક અભિવાદન કર્યું હતું સંઘાણીએ ઈફકો ટોકીયોની કાર્યક્ષમતામાં વધારો ગ્રાહક સેવા વધુ મજબૂત બનાવવી અને ટેક્નોલોજી આધારિત નવીનતાઓ અપનાવવા પર ખાસ ભાર મુક્યો, કર્મચારીઓ સાથે સંવાદ કરતા ઈફ્તો ટોકિયોની પ્રગતિ કાર્યશૈલી અને ભવિષ્યની યોજનાઓ અંગે વિગતવાર વિચારવિમર્શ કર્યો, તેમણે કર્મચારીઓના સૂચનોને જ મહત્વપૂર્ણ ગણાવ્યા અને સંસ્થાની સતત પ્રગતિ માટે તે અનિવાર્ય હોવાનું જણાવ્યું કે ઈફકો ટોકિયોની સફળતાનું મૂળ આધાર તેના કર્મચારીઓ છે. તેમની પ્રતિબદ્ધતા ઈમાનદારી અને સમર્પણ સંસ્થાને નવી ઊંચાઈઓ સુધી પહોંચાડે છે.

બદલાતા સમય અને

(અનુ. આઠમા પાને)

## રાજકોટ શહેરમાંથી ૨૪ કલાકમાં બીજીવાર હાઈબ્રિડ ગાંજો ઝડપાયો

# ૬૯ ગ્રામ ગાંજા સાથે ઝડપાયેલા ધ્રુવ જોશીના મકાનમાંથી વધુ રૂ.૧૦.૩૬ લાખનો માદક પદાર્થ જપ્ત

### પાંચ દિવસના રિમાન્ડ પર રહેલા શખ્સની આકરી પૂછપરછમાં જગન્નાથ ચોક નજીકના મકાનમાં ડ્રગ્સ છુપાવ્યાની માહિતી સાંપડી

**અબતક, રાજકોટ**

રાજકોટ શહેરમાંથી ફક્ત ૨૪ કલાકમાં બીજી વાએ હાઈબ્રિડ ગાંજાનો જથ્થો ઝડપાયો છે. શહેર એસઓજી ટીમે ધ્રુવ જોશી નામના શખ્સ પાસેથી ૬૯.૩૮૦ ગ્રામ હાઈબ્રિડ ગાંજાનો જથ્થો ઝડપી પાડ્યો હતો. જે રાજકોટ શહેરમાંથી હાઈબ્રીડ ગાંજો ઝડપાવવાનો પ્રથમ મામલો હતો. બાદમાં એસઓજીની ટીમે ઝડપાયેલ શખ્સના રિમાન્ડ મેળવી આકરી પૂછપરછ કરી તેણે અન્ય એક મકાનમાં છુપાવેલો રૂ. ૧૦.૩૬ લાખની કિંમતનો ૨૯૬ ગ્રામ હાઈબ્રિડ ગાંજો પણ એસઓજીની ટીમે ઝડપી લેતા આંતરરાજ્ય ડ્રગ્સની હેરાફેરીનું રેકેટ ખોલવાની શક્યતા પ્રબળ બની છે. શહેર પોલીસ કમિશનર બ્રજેશકુમાર ઝા, અધિક પોલીસ કમિશનર ચૈતન્ય મંડલીક, ડીસીપી ક્રાઈમ જગદીશ બાંગરવા અને એસીપી ક્રાઈમ ભરત બસીયા દ્વારા શહેરી વિસ્તારમાં યુવાધનને નશાના રવાડે ચડતા અટકાવવા તેમજ નાર્કોટિક પદાર્થનું વેચાણ અટકાવવા 'સે નો ટુ ડ્રગ્સ મિશન' અંતર્ગત નાર્કોટિક્સ પદાર્થનું ખરીદ-વેચાણ કે સેવન કરનારા શખ્સો વિરુદ્ધ કડક કાર્યવાહી કરવા સૂચના આપવામાં આવી હતી. જે સૂચના અનુસંધાને શહેર એસઓજીની ટીમે ગત તા.૧૭-૦૩-૨૦૨૬ ના રોજ ધ્રુવ સંજયભાઈ જોશી(ઉવ ૨૬ રહે. શિતલપાર્ક શેરી નં.-૩, શિવશક્તિ સોસાયટી બ્લોક નં.-૯, રાજકોટ મૂળ રહે. એ-૧૩૦૪, સ્પ્રિંગ બિલ્ડીંગ સંઘવી એસ-૩, ઈકોસીટી મહાજનવાડી, મીરા રોડ ઈસ્ટ, થાણે, મુંબઈ)નામના શખ્સને પ્રતિબંધિત હાઈબ્રિડ ગાંજાના ૬૯.૩૮૦ ગ્રામ જથ્થા સાથે પકડી કોર્ટમાં રજૂ કરી પાંચ દિવસના રિમાન્ડ મેળવ્યા હતા.




રાજકોટ શહેરી વિસ્તારમાંથી પ્રથમવાર હાઈબ્રિડ ગાંજાનો જથ્થો ઝડપાયો હોય ડ્રગ્સના દૂષણના મૂળ સુધી પહોંચવા એસઓજી પીઆઈ એસ એમ જાડેજાની રાહબરી હેઠળ સાઈબર ક્રાઈમ પી.આઈ. એસ ડી ગીલવાના માર્ગદર્શન હેઠળ એસ.ઓ.જી. પીએસઆઈ એમ વી જાડેજા, વી વી ધ્રાંગુ ટીમ દ્વારા આરોપીની યુકિત-પ્રયુકિતથી આકરી પૂછપરછનો દોર શરૂ કરવામાં આવ્યો હતો. જે પૂછપરછમાં ભાંગી પડેલા ધ્રુવ જોશીએ ૧૫૦ ફૂટ રીંગ રોડ, ગીરીરાજ હોસ્પિટલ પાછળ, જગન્નાથ ચોક, પ્લોટ નંબર ૪૪, દેવભૂમિ મકાનની બાજુમાં અમરનાથ મેઈન રોડ ઉપર ભાડાના મકાનમાં વધુ ગાંજાનો જથ્થો છુપાવ્યાની કેફિયત આપતાની સાથે એસઓજીની ટીમ અહીં દોડી ગઈ હતી અને મકાનની જડતી કરી રૂ. ૧૦.૩૬ લાખની કિંમતનો ૨૯૬ ગ્રામ ગાંજો કબજે કરી વધુ તપાસ આદરી હતી.

હવે સમગ્ર મામલામાં પોલીસ સૂત્રોમાંથી પ્રાપ્ત વિગત અનુસાર સમગ્ર રેકેટ આંતરરાજ્ય હોવાનું પોલીસને અગાઉ ઉપજેલી શંકા પ્રબળ બની છે. ઝડપાયેલ શખ્સ ગાંજાનો જથ્થો મહારાષ્ટ્ર પંથક તરફથી લઈ આવી અહીં વેપલો કરતો હોય તેવી માહિતી પોલીસને મળી છે.જેથી પોલીસે આંતરરાજ્ય રેકેટ તેમજ રાજકોટ શહેરી વિસ્તારમાં હાઈબ્રીડ ગાંજાનો વેપલા સાથે સંકળાયેલા શખ્સોની તપાસ આદરી છે. ઉલ્લેખનીય છે કે રાજકોટ શહેરી વિસ્તારના પણ ત્રણેક શખ્સો એસઓજીની રડારમાં છે અને ગમે ત્યારે તેમની ધરપકડ તોળાઈ રહી છે.

### હાઈબ્રિડ ગાંજા સપ્લાયનું મૂળ મહારાષ્ટ્ર તરફ ભણી રાજકોટના પણ ત્રણેક શખ્સો પણ પોલીસની રડારમાં

### આરોપીએ પોલીસને સતત ગેરમાર્ગે દોરવાનો પ્રયાસ કર્યો પણ સફળ ન થયો

સમગ્ર મામલામાં પોલીસ સુત્રોમાંથી પ્રાપ્ત વિગત અનુસાર ઝડપાયેલ શખ્સેં પ્રથમ તે તેની માતા સાથે શીતલ પાર્ક નજીક શિવ શક્તિ સોસાયટી બ્લોક નંબર ૯ ખાતે રહેતો હોય તેવી કેફિયત આપી હતી. જેથી પોલીસે અહીં તપાસ કરતા છેલ્લા ત્રણ મહિનાથી આરોપી આ મકાને ગયો ન હોય તેવી માહિતી મળી હતી. બાદમાં ધ્રુવ જોશી ૧૫૦ ફૂટ રીંગ રોડ પર જેડ બ્લુ શોરૂમ નજીક અન્ય એક ફ્લેટ ભાડે રાખી રહેતો હોય તેવી કબુલાત આપતા પોલીસની ટીમો અહીં પણ દોડી ગઈ હતી પરંતુ અહીં તે એક વર્ષ પૂર્વે રહેતો હોય તેવી માહિતી સ્થાનિકોએ આપતા અહીંથી પણ કશું શંકાસ્પદ મળ્યું ન હતું. બાદમાં પોલીસે આગવી ઢબે પૂછપરછ શરૂ કરતા તેણે અમરનાથ મેઈન રોડ પર જગન્નાથ ચોક ખાતે એક મકાન ભાડેથી રાખ્યું હોય અને પોતે ત્યાં રહેતો હોય તેવી કેફિયત આપી હતી. જે બાદ પોલિસેં અહીં દરોડો પાડતા રૂ.૧૦.૩૬ લાખની કિંમતનો હાઈબ્રીડ ગાંજો ઝડપાયો હતો.

આ કામગીરી એસ.ઓ.જી. પીઆઈ એસ એમ જાડેજા, સાઈબર ક્રાઈમ પોલીસ મથકના પીઆઇ એસ ડી ગીલવા, એસ.ઓ.જી શાખાના પીએસઆઇ એમ વી જાડેજા, પીએસઆઈ વી વી ધ્રાંગુ, એએસઆઈ વિરેન્દ્રસિંહ ઝાલા, અરૂણભાઈ બાંભણિયા, ઈન્દ્રસિંહ જાડેજા, ફિરોજભાઈ શેખ, હેડ કોન્સ્ટેબલ હરદેવસિંહ જાડેજા, યોગરાજસિંહ ગોહિલ, દિગ્વિજયસિંહ કિરીટસિંહ, કોન્સ્ટેબલ રોહિતસિંહ જાડેજા, અનુપસિંહ ઝાલા, હાર્દિકસિંહ પરમાર, યોગેન્દ્રસિંહ જાડેજા અને ડ્રાઈવર કોન્સ્ટેબલ નિર્મળસિંહ જયેન્દ્રસિંહ દ્વારા કરવામાં આવી હતી.

### ૧૦૦ ગણો વધુ નશો ધરાવતો હાઈબ્રિડ ગાંજો છેક ઈરાન, ઈરાક અને થાઈલેન્ડથી રાજકોટ પહોંચી જાય છે : તંત્રની લાચારી કે નબળાઈ?

પોલિસ સૂત્રોમાંથી પ્રાપ્ત વિગત અનુસાર હાઈબ્રિડ ગાંજો સામાન્ય ગાંજાની પ્રજાતિથી ૧૦૦ ગણો વધુ નશો ધરાવતો હોય છે જે જ એકમાત્ર કારણ છે કે, સામાન્ય ગાંજા કરતા હાઈબ્રિડ ગાંજાની કિંમત ૩૫ ગણી વધુ હોય છે. હાઈબ્રિડ ગાંજાની બજાર કિંમત રૂ. ૩૫ લાખ/કિલો આંકવામાં આવે છે. હાઈબ્રિડ ગાંજો ઈરાન, ઈરાક અને થાઈલેન્ડથી આવતો હોય છે. ત્યારે છેક આ ત્રણ દેશના સીમાડા વટાવી ડ્રગ્સ રાજકોટ પહોંચી જતો હોય ત્યારે રાષ્ટ્રીય એજન્સીઓ, એરપોર્ટ સિક્યુરિટી સહીતની નબળાઈ છે કે લાચારી? તે એક સવાલ છે.

**એસઓજી પીઆઈ એસ એમ જાડેજાના માર્ગદર્શન હેઠળ પીએસઆઈ એમ વી જાડેજા અને વી વી ધ્રાંગુ ટીમની કાર્યવાહી**

# ગોંડલમાં હિટ એન્ડ રન, નશાની હાલતમાં કાર ચાલકે યુવકને ઠોકરે લીધો

### કારનો પિછો કરી ચાલક સહિત બંને યુવકની ટોળાએ કરી ધોલાઈ: દીવથી મોરબી જઈ રહ્યા'તા

**અબતક, જીતેન્દ્ર આચાર્ય, ગોંડલ**

ગોંડલમાં રાત્રીનાં હિટ એન્ડ રન ની ઘટના બની હતી. અલ્ટ્રો કાર ચાલકે નશીલી હાલતમાં બેકાબુ કાર ચલાવી પાંજરાપોળ પાસે યુવાનને હડફેટ લેતા યુવાન ઈજાગ્રસ્ત બન્યો હતો. બીજી બાજુ સર્પાકાર ચાલતી કારનો પીછો કરી લોકોએ આશાપુરા અંડરબ્રીજ નજીક કાર આંતરી ચાલક સહિત બે યુવાનોને લમધારી નાખ્યાં હતાં.

પ્રાપ્ત વિગત મુજબ રાત્રીનાં સુમારે મોવિયા તરફથી આવી રહેલી જીજેઓ 1 HP 3789 નંબરની અલ્ટ્રો કાર ચાલકે પાંજરાપોળ પાસે ઈબ્રાહીમભાઈ આમદાણી નામનાં યુવાનને ઠોકર મારતા ઈજાગ્રસ્ત હાલત માં સરકારી હોસ્પિટલ ખસેડાયા હતાં. અકસ્માત સર્જી કાર ચાલકે માર્ગમાં વાહનો હડફેટે લીધા હતાં. દરમિયાન રોષે ભરાયેલા લોકોનાં ટોળાએ કારનો પીછો કરી આશાપુરા અંડરબ્રીજ નજીક આંતરી કારમાંથી ચાલક સહીત બેઠેલા અન્ય યુવાનને બહાર ખેંચી લઈ ધોલાઈ કરી હતી. કોઈએ પોલીસને જાણ કરતા દોડી આવેલી પોલીસે બન્ને શખ્સોને લોકોથી બચાવી પોલીસ સ્ટેશન ભેગા કર્યા હતા. બન્ને દારૂનાં ફુલ નશામાં હતાં. પોલીસ પુછપરછમાં બળદેવ વશરામભાઈ પરમાર બળદેવ ભીખાભાઈ ઓગણીયા હોવાનું જણાવ્યું હતું. બન્ને મોરબી રહેતા હોવાનું જણાવ્યુ હતું. પોલીસ સુત્રો અનુસાર બન્ને દિવથી મોરબી જઈ રહ્યા હતા અને નશીલી હાલતમાં હતાં. બન્નેએ એટલી હદે દારૂ પીધો હતો કે પોલીસ પુછપરછમાં યોગ્ય જવાબ પણ આપી શકતાં ના હતાં.




# ગીરગઢડાના થોરડી ગામે સરકારી જમીનમાં ખેતી કરતા શખ્સ સામે લેન્ડગ્રેબીંગ

### ૩૫ વર્ષથી બિન કાયદે કબ્જો કરી વાવેતર કરતા સોમા બારૈયા સામે કાર્યવાહીથી ભૂમાફીયામાં ફફડાટ

**અબતક, ઉના**

ગીર ગઢડા તાલુકાના થોરડી ગામે સરકારી જમીન ઉપર ૩૫ વરસથી બિન અધિકૃત કબજો કરી ફળાઉ ઝાડ વાવી, પાક લેતા ખેડૂત સામે લેન્ડ ગ્રેબિંગની ફરિયાદ નોંધાય છે.

ગીર ગઢડા તાલુકા ના મામલતદાર અને એજ્યુકેટિવ મેજિસ્ટ્રેટ તરીકે ફરજ બજાવતા મામલતદાર જી. કે. વાળા એ ગીર ગઢડા પોલીસ સ્ટેશન મા લેખિત માં ફરિયાદ નોંધાવી છે કે ગીર ગઢડા તાલુકાના થોરડી ગામ માં આવેલ સરકારી સર્વે નંબર ૪૪ વાળી સરકારી જમીન હેક્ટર ૫-૦૦-૦૦ ચો મી. જમીન ઉપર ૧૩/૩/૧૯૯૧થી ૩૫ વરસ થી ગીર ગઢડા તાલુકાના થોરડી ગામના સોમાભાઈ હમીરભાઈ બારૈયા એ અનઅધિકૃત ખેતીવિષયક દબાણ કરી તે જમીન ઉપર આંબાના ઝાડ, નાળિયેરી ના ઝાડ નું વાવેતર કરેલ અને ફ્લાઉ ઝાડ નું વાવેતર કરી. ઘઉ નો પાક લઈ આર્થિક લાભ લઈ રહ્યા છે તેમજ આ જગ્યા ઉપર રહેણાંક મકાન બનાવી ઢાળિયું બનાવી બાંધકામ કરી સરકારી જમીન ઉપર ગેર કાયદેસર કબજો કરી સરકારી જમીન પચાવી પાડી હતી. આ અંગે ૨૦૧૭માં દબાણ દૂર કરવા હુકમ કર્યો હતો તેમ છતાં દબાણ દૂર ના કરતા ઊના પ્રાંત કચેરી અને જિલ્લા કલેકટર કચેરી માં રજૂઆત કરવામાં આવી હતી. ત્યાંથી ખેડૂત સામે લેન્ડ ગ્રેબિંગ ની ફરિયાદ કરવા હુકમ થતા પોલીસે આરોપી સોમાભાઈ હમીરભાઈ બારૈયા રે. થોરડી સામે ગુજરાત જમીન પચાવી પાડવા પર પ્રતિબંધ કાયદો અધિનિયમ ૪(૨),૪(૩) મુજબ લેન્ડ ગ્રેબિંગ ની ફરિયાદ નોંધી હતી. આની તપાસ ઊના ના પ્રાંત નાયબ પોલીસ અધિક્ષક એમ. એફ. ચૌધરી કરી રહ્યા છે.

# વિસાવદર: લોકોના સ્વાસ્થય સાથે ચેડા કરતો ડિગ્રી વગરનો ડોકટર પકડાયો

### લીમધ્રા (ગીર) ગામે પોલીસે દરોડો પાડી રૂ.૫૫ હજારનો મુદામાલ કબ્જે કર્યો

**અબતક, દર્શન જોશી, જુનાગઢ**

વિસાવદર તાલુકાના લીમધ્રા (ગીર) ગામેથી મેડીકલ ડીગ્રી વગર જાહેર જનતાના આરોગ્ય સાથે ચેડા કરતા નકલી બોગસ ડોકટરને વિસાવદર પોલીસે પકડી પાડી, કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી.

પોલીસ માંથી પ્રાપ્ત વિગતો મુજબ, વિસાવદર તાલુકાના લીમધા (ગીર) ગામે કોઈ જાતની ડોકટરની ડીગ્રી મેળવ્યા સિવાય અને લાયસન્સ ધરાવતા નહીં હોવા છતાં દવાખાનું ચલાવે છે. જેથી પોલીસે બરડીયા ગામના મેડીકલ ઓફીસર ડો. કસ્યપ હિમ્મતભાઈ ટાંકની મેડીકલ ટીમને સાથે રાખી બાતમીવાળી જગ્યાએ તપાસ કરતાં લીમધા (ગીર) ગામે મેઈન બજારમાં ભાડાના મકાનમાં પ્રાઈવેટ દવાખાનું ચલાવતા વિસાવદર તાલુકાના ખાંભા ગામના વિપુલકુમાર વશરામભાઈ કોટડીયા (ઉ.વ.૪૦) પોતે ડોકટર ન હોવા છતાં બીમાર લોકોને તપાસી દવા તથા ઈંજેકશન આપી બીમાર લોકોના સ્વાસ્થય સાથે બેદરકારી ભર્યું કૃત્ય કરતા મળી આવતા પોલીસે નકલી ડોકટરને પકડી પાડ્યો હતો.

મેડિકલને લગતી સાધનસામગ્રી ચીજવસ્તુઓ મળી કુલ કિ.રૂ.૫૫,૪૭૦,૮૭ નો મુદામાલ મળી આવતા પોલીસે આ મુદામાલ કબજે કર્યો હતો. વધુ તપાસ પી.એસ.આઈ. ડી.એચ વાળા ચલાવી રહ્યા છે.



# ધ્રાંગધ્રા નજીક એસ.ટી.માં મહિલાનું મોત

### ધંધુકાથી ભુજ જતી બસમાં મુસાફરનું હૃદય રોગના હુમલાથી મોતની આશંકા

**અબતક**
**સલીમ ઘાંચી, ધ્રાંગધ્રા**

ધંધુકાથી ભુજ જતી જીજે ૧૮ ઝેડ ૦૨૮૧ નંબરની એસ.ટી. બસમાં કૈલાશબેન આચાર્ય નામની મહિલા ધંધુકાથી મુસાફરી કરી રહી હતી. બસ ધ્રાંગધ્રા નજીક પહોંચતા તેમની તબિયત અચાનક લથડી જતા બસમાં હાજર મુસાફરો અને સ્ટાફમાં ચિંતા ફેલાઈ હતી બસના કંડક્ટરે તાત્કાલિક ધ્રાંગધ્રા એસ.ટી. વિભાગને જાણ કરી હતી તેમજ ૧૦૮ એમ્બ્યુલન્સને સ્ટેન્ડબાય રાખવામાં આવી હતી. બસ ડેપો પહોંચતા જ મહિલાને તાત્કાલિક ધ્રાંગધ્રાની હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા પરંતુ હોસ્પિટલ ખાતે ફરજ પરના તબીબોએ તપાસ કર્યા બાદ મહિલાને મૃત જાહેર કરી હતી. તબીબોના પ્રાથમિક તારણ મુજબ મહિલાનું મોત હૃદયરોગના હુમલાના કારણે થયું હોવાની આશંકા વ્યક્ત કરવામાં આવી છે આ ઘટના અંગે મહિલાના પરિવારજનોને જાણ કરવામાં આવી છે.

# પોરબંદર 'ભાઈ' બનવાના મોહમાં યુવાનો પર હુમલો

### ૪ શખ્સોનો ૪ યુવાને મારમાર્યો

**અબતક**
**અશોક થાનકી, પોરબંદર**

બોખીરા મહેર સમાજ સામેની ગલીમાં રહેતા અને સુદામા ડેરીમાં નોકરી કરતા રામદે દેવશી પરમાર નામના યુવાને આ મામલે એવી પોલીસ ફરિયાદ નોંધાવી છે કે તા. ૧૬-૩ ના રાત્રે તે પોતાના ઘરે સુતો હતો ત્યારે પોણા બાર વાગ્યે તેના મિત્ર બોખીરાના મહેશ જીવા ઓડેદરાએ ફોન કરીને એવુ કહ્યુ હતુ કે વિજય સરમણ બાપોદરા તને બોલાવે છે. એટલું કહી તેનો ફોન વિજયને આપ્યો હતો અને વિજયે ફોનમાં એવુ કહ્યુ હતુ કે, 'તું અહીં સતીઆઈના મંદિર પાસે આવ મારે વાત કરવી છે.' જેથી રામદે તરત જ બાઈક લઈને ત્યાં ગયો એ દરમિયાન બોખીરા તુંબડામાં રહેતો તેનો મિત્ર સુનીલ થાનકી પણ ત્યાં આવી ગયો હતો અને વિજય સરમણ બાપોદરાની કાર રોડની વચ્ચોવચ પડી હતી. ત્યારે વિજય સરમણ બાપોદરા, કરણ ઉર્ફે કલો મેઘનાથી ઉર્ફે કલો બાવો, નાગાજણ રામ ભુતીયા અને ભુમિત પરબત બાપોદરા, એમ ચારેચાર શખ્સો રામદે ના મિત્ર મહેશ જીવા ઓડેદરા અને મેહુલ બાલુ બોખીરીયાને ઢીકાપાટુનો માર મારતા હતા. નાગાજણ અને ભુમિતે મળી મહેશ તથા મેહુલને પકડી રાખ્યા હતા. રામદેને જોઈને વિજય એકદમ ગુસ્સે થઈને તેની પાસે આવી ગયો હતો અને બે ત્રણ ઝાપટ મારી દીધી હતી. તેમજ વાળ પકડીને તેનું માથુ કારના બોનેટમાં અથડાવ્યુ હતુ. કલાબાવાએ રામદે ના હાથ પકડી રાખ્યા હતા. અને નાગાજણ તથા ભુમિતે રામદે ના મિત્ર સુનીલ અને મહેશને પકડીને ગાળો બોલતા હતા.

વિજય સરમણ બાપોદરાએ રામદે ને એવુ કહ્યુ હતુ કે, 'હું અહીનો દાદો છું, તમારે હવેથી મને વિજયભાઈ કહેવાનું' તેમ કહી માર મારતો હતો તેથી રામદે પોતાનો આઈ.ફોન કાઢીને પોલીસને ફોન કરતો હતો તે દરમ્યાન કલાબાવાએ આઈફોન ઝૂંટવી લીધો હતો અને વિજયને આપી દેતા વિજયે તેનો રોડ પર ઘા કર્યો હતો જેના કારણે મોબાઈલ ફોન નો ગ્લાસ તૂટી ગયો હતો. ત્યારબાદ છરી બતાવીને વિજયે 'તમે હવે મને કયાંય જોવામાં આવતા નહી' તેમ કહી તેઓ કારમાં બેસીને નાશી ગયા હતા. આ ઘટના બનતા રામદે ને લોહી નીકળતા હોવાથી મહેશ તેના સ્કૂટરમાં બેસાડીને સરકારી હોસ્પિટલે લઈ ગયો હતો. અને ત્યારબાદ હોસ્પિટલેથી રજા આપ્યા બાદ બોખીરાના ચારેય શખ્સો વિજય સરમણ બાપોદરા, કરણ ઉર્ફે કલો બાવો ઉર્ફે કલો મેઘનાથી, નાગાજણ રામ ભુતીયા અને ભુમિત પરબત બાપોદરા સામે ગુન્હો દાખલ કરાવ્યો છે.

# લીંબડી: બાઈક અને ટ્રેક્ટર વચ્ચે ગમખ્વાર અકસ્માત : યુવક ગંભીર

**અબતક**
**ઘનશ્યામ ભટ્ટી, સુરેન્દ્રનગર**

સુરેન્દ્રનગર જીલ્લામાં અકસ્માતના બનાવો વધી રહ્યા છે ત્યારે લીંબડી-રાણપુર રોડ પર ટ્રેક્ટર અને બાઈક વચ્ચે અકસ્માત સર્જાયો હતો જેમાં બાઈક ચાલકને ગંભીર ઈજા પહોચી છે.

આ અંગે મળતી માહિતી મુજબ લીંબડી થી બે યુવકો ભાર્ગવભાઈ અને મોહિતભાઈ બન્ને બાઈક પર પોતાના ઘર તરફ ભગુપુર જઈ રહ્યા હતા. ત્યારે અચાનક લીંબડી-રાણપુર હાઈવે પર આવેલ પાંદરી ગામના પાટિયા પાસે સામે થી આવી રહેલ ટ્રેક્ટર સાથે અકસ્માત સર્જાયો હતો. જેમાં બાઈક ચાલક મોહિતભાઈને ગંભીર ઈજાઓ પહોચતા સારવાર અર્થે ૧૦૮ એમ્બ્યુલન્સ મારફતે પ્રથમ લીંબડી સરકારી હોસ્પિટલ અને ત્યારબાદ વધુ સારવાર અર્થે

સુરેન્દ્રનગર હોસ્પિટલ ખાતે રીફર કરવામાં આવ્યા હતા. આ અકસ્માતને પગલે હાઈવે પર ટ્રાફિક જામના દ્રશ્યો સર્જાયા હતા અને પોલીસે ઘટના સ્થળે પહોંચી વધુ તપાસ હાથ ધરી હતી.

# ધોરાજીના વાડોદર ગામે એટ્રોસિટીના ગુનામાં ત્રણ શખ્સોનો છૂટકારો

### સ્મશાનમાં માટી ચોરી કરી પૂર્વજોની સમાધીને નુકસાની પહોંચાડ્યું

**અબતક**
**રમણીક ટોપીયા, ધોરાજી**

ધોરાજીના વાડોદર ગામે અનુજાતીના સ્મશાનની જગ્યામાં ખોદ કામ કરી માટી ચોરી કરી પુર્વજોની સમાધીને નુકશાન કરી જ્ઞાતિ પ્રત્યે અપમાનીત કરવાના એટ્રોસીટીનો કેસ ચાલી જતા તમામને નિર્દોષ છોડી મુકવાનો હુકમ કર્યો છે.

ધોરાજીના વાડોદર ગામે આવેલ અનુજાતી સમાજના સ્મશાનમાં કરશનભાઈ મનજીભાઈ ઠેસિયા, હિતેષ ગાંડુભાઈ લાખાણી, જગદિશ બાવનજીભાઈ મૈયડ, દ્વારા સને-૨૦૨૧ ની સાલમાં ટ્રેકટરો તથા જે.સી.બી. દ્વારા ખોદ કામ કરી અનુજાતી સમાજના પુર્વજોની સમાધીઓને અપમાનીત થાય તેવી રીતે ખોદકામ કરી માટી ચોરી કરતા હોય ફરીયાદી તથા સાહેદોને જાણ થતા સ્થાનિક જગ્યાએ જઈ આરોપીઓને રોકવા જતા ફરીયાદી તથા સાહેદોને બેફામ ભુંડી ગાળો આપી જાતી પ્રત્યે અડધુત કરી થાઈ તે કરી લેવાનું જણાવી ખોદકામ ચાલુ રાખતા આ બનાવ સબંધે પાટણવાવ પોલીસ સ્ટેશનમાં આરોપીઓ વિરૂધ્ધ ગુન્હા નોંધી તપાસ ડી.વાય.એસ.પી., એસી.એસ.ટી. સેલ. દ્વારા તપાસ કરી આરોપીઓ વિરૂધ્ધ પુરતો પુરાવો હોય આરોપીઓની ધરપકડ કરી ચાર્જશીટ સાથે ધોરાજી સેશન્સ કોર્ટમાં રજુ કરવામાં આવેલ સદરહુ કેસ ચાલી જતા આરોપી પક્ષે ધોરાજીના વકિલ અરવિંદકુમાર જી. કાપડીયા એ ફરીયાદ પક્ષના સાક્ષી તથા સાહેદોની વિસ્તૃત ઉલટ તપાસ લીધેલ અને ઉચ્ચ અદાલતના ચુકાદાના સિધ્ધાંતો ટાંકી વિસ્તૃત દલીલો આરોપીઓના બચાવમાં કરતા ધોરાજી એડી.ડિસ્ટ્રી.એન્ડ સેશન્સ કોર્ટના જજ એ.એમ.શેખએ આરોપીઓને નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરેલ. આ કામમાં બચાવ પક્ષે ધોરાજીના વકિલ અરવિંદકુમાર જી. કાપડીયા, જયદિપ ટી. કુબાવત તથા પાર્થ વી.વઘાસીયા રોકાયેલ હતા.

## મોરબી નજીક અકસ્માતમાં પતિની નજર સામે પત્નીનું મોત

**અબતક, રાજકોટ:** મોરબી-માળિયા હાઈવે પાસે મોટરસાયકલ પર જઈ રહેલા દંપતી આડે અચાનક શ્વાન ઉતરતા અકસ્માત સર્જાયો હતો. આ અકસ્માતમાં ગંભીર રીતે ઈજાગ્રસ્ત થયેલા ૨૩ વર્ષીય પરિણીતાનું સારવાર દરમિયાન મોત નીપજતા પરિવારમાં ગમગીની છવાઈ ગઈ છે.પ્રાપ્ત વિગતો મુજબ, મોરબીના ઈન્દિરા નગર, મહેન્દ્રનગર ચોકડી પાસે રહેતા પૂજાબેન શંકરભાઈ લાલવાણી (ઉં.વ. ૨૩) ગત ૧૫ માર્ચના રોજ બપોરના આશરે ચારેક વાગ્યે તેમના પતિ સાથે મોટરસાયકલ પર બેસીને સાસરે આંટો મારવા જઈ રહ્યા હતા. આ દરમિયાન માળિયા હાઈવે પર ગામના પાટીયા પાસે અચાનક જ કૂતરું આડું ઉતર્યું હતું. ચાલકે કાબૂ ગુમાવતા બાઈક સ્લિપ થઈ ગયું હતું, જેમાં પૂજાબેનને માથાના ભાગે તથા શરીરે ગંભીર ઈજાઓ પહોંચી હતી. ઈજાગ્રસ્ત પૂજાબેનને તાત્કાલિક સારવાર અર્થે રાજકોટની સિવિલ હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા. જોકે, સારવાર કારગત નીવડે તે પહેલા જ તેમનું મોત નીપજ્યું હતું. પ્રાથમિક તપાસમાં જાણવા મળ્યું છે કે, મૃતક પૂજાબેનના પતિ રિક્ષા ચલાવી પરિવારનું ગુજરાન ચલાવે છે. આ દંપતીને સંતાનમાં માત્ર ૩ મહિનાનો દીકરો છે. બનાવને લઈ પરિવારમાં શોકનું મોજું ફરી વળ્યું છે.

# ઉનાના નજીક બોલેરો અને રીક્ષા વચ્ચે અકસ્માતમાં મહિલાનું મોત: ત્રણ ઘવાયા

**અબતક, ઉના**

ઊના ભાવનગર નેશનલ હાઈવે રોડ ઉપર સનખડા આઉટ પોસ્ટ પોલિસ સ્ટેશન સામે ગાંગડા ગામ નજીક રિક્ષામાં ગાંગડા ગામના પરિવારના સભ્યો વાડીએ જતા હતા ત્યારે કાર નંબર એમએચ ૪૩ સીકે ૭૯૫૨ ના ચાલકે પુર ઝડપે અને બેદરકારી થી ચલાવી છકડા રિક્ષા સાથે ટક્કર મારતાં રિક્ષા ના બે ટુકડા થઈ ગયા હતા અને તેમાં મુસાફરી કરી રહેલ રૂકુબેન ધીરુભાઈ ગોહિલ ( ૬૫), દિલીપભાઈ ધીરુભાઈ ગોહિલ (૪૦) , હંસાબેન દિલીપ ભાઈ ગોહિલ (૩૫), રાઘુબેન મનુ ભાઈ ગોહિલ(૬૦) રે. તમામ ગાંગડા તા. ઊના રોડ ઉપર ફંગોળાઈ ગયા હતા. ઊનાની મામલતદાર કચેરીમાં ફરજ બજાવતા નાયબ મામલતદાર ભાવેશભાઈ ધીરુભાઈ ગોહિલના પરિવારના હતા.તમામને સારવાર માટે ઊનાની ખાનગી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા જ્યાં ફરજ ઉપર ના ડોક્ટરે રૂકુબેન ધીરુભાઈ ગોહિલને ગંભીર ઈજાઓ થવાથી મોત થયા નું જાહેર કર્યું હતું. જયારે હંસાબેન દિલીપભાઈ, રાઘુબેન મનુભાઈ ગોહિલની સ્થિતિ ગંભીર હોય વધુ સારવાર માટે રાજકોટ લઈ જવામાં આવ્યા છે. આ અંગે ઊના પોલીસ ને જાણ થતા પોલીસ એ બોલેરો ચાલક રામદયાલ ભોલાસી રે. મુંબઈ વાળા ને અટક કરી તપાસ શરૂ કરી છે.



# સૌરાષ્ટ્રભરમાં તરખાટ મચાવનાર તસ્કર ગેંગના ૧૯ શખ્સો સામે ગુજસીટોક હેઠળ કાર્યવાહી

## પાલીતાણાનો રણજીત ઉર્ફે બોડિયો અને તેના સાગરીતો મળી ગુના આચરતા, દશ વર્ષમાં ૯૨ ગુનામાં સંડોવણી: ૧૦ આરોપીઓને ઝડપી લેવાયા,એક સંકજામાં, ચાર જેલહવાલે



તસ્વીરઃ શૈલેષ વાડોલીયા



### રેન્જ આઈ.જી નિર્લિપ્ત રાય અને એસ પી વિજયસિંહ ગુર્જર દ્વારા ગુનાખોરી ડામવા અને ગુનેગારોને આકરી ચીમકી

**અબ તક,રાજકોટ**

સૌરાષ્ટ્રભરમાં ચોરી સહિતના ગુના આચરતી ટોળકીના ૧૯ શખ્સો વિરુદ્ધ ગુજસીટોક હેઠળ ગુનો નોંધવામાં આવ્યો છે. આ ટોળકીએ અત્યાર સુધીમાં ચોરી, લૂંટ, દુષ્કર્મ સહિતના ગુનાઓ મળી કુલ ૯૨ ગુના આચર્યા હોવાનું માલુમ પડ્યું છે. પોલીસે ગેંગના ૧૦ આરોપીઓને ઝડપી લીધા છે જ્યારે વધુ એક આરોપી સકંજામાં હોવાનું તેમજ ચાર આરોપીઓ જેલમાં હોવાનું જાણવા મળ્યું છે.જાણવા મળતી વિગતો મુજબ, રાજકોટ રેન્જ આઈ.જી નિર્લિપ્ત રાય અને રાજકોટ જિલ્લા પોલીસ વડા વિજયસિંહ ગુર્જરના માર્ગદર્શન હેઠળ જિલ્લામાં ગુનાખોરીને ડામવા માટે જિલ્લા પોલીસ દ્વારા કડકમાં કડક કાર્યવાહી કરવામાં આવી રહી છે.દરમિયાન પાલીતાણાના રણજીત ઉર્ફે બોડિયો ઉર્ફે રણીયો રામજીભાઈ પરમાર નામનો શખસ તેના સાથીદારો અને સાગરીતો સાથે મળી છેલ્લા દસ વર્ષમાં સૌરાષ્ટ્રમાં રાજકોટ ગ્રામ્ય સુરેન્દ્રનગર, બોટાદ, અમરેલી, ભાવનગર, જૂનાગઢ, જામનગર, ગીર સોમનાથ, દેવભૂમિ દ્વારકા, અમદાવાદ સહિતના વિસ્તારોમાં ચોરી સહિતના ગુના આચરતા હોય જેથી આ ટોળકી સામે કડક કાર્યવાહી કરવાના ભાગરૂપે ગ્રામ્ય એલસીબી પીઆઇ વી.વી.ઓડેદરા તથા ટીમે આ ટોળકી ગુનાઓ અંગે ઊંડાણપૂર્વક અભ્યાસ કરી ગુનાહિત માહિતી મેળવી ગુજસીટોક મુજબ ગુનો બનતો હોવાનું ફલિત થતું હોય જેથી રેકર્ડના આધારે વિગતવારની દરખાસ્ત તૈયાર કરી વીંછિયા પોલીસ સ્ટેશનમાં આ ટોળકીના ૧૯ શખસો વિરુદ્ધ હેઠળ ગુનો દાખલ કરવામાં આવ્યો છે.પોલીસે જણાવ્યું હતું કે, આ ટોળકી સામે ચોરી ઘરફોડ ચોરી, લૂંટ, દુષ્કર્મ સહિતના મળી કુલ ૯૨ ગુનાઓ નોંધાઈ ચૂક્યા છે. આ ટોળકીના ૧૦ આરોપીઓને પોલીસે ઝડપી લીધા છે. જ્યારે ૧૧ મો આરોપી હાથ વેંતમાં હોવાનું જાણવા મળ્યું છે તેમજ ચાર આરોપીઓ જેલમાં હોવાનું પોલીસ સૂત્રોએ જણાવ્યું હતું. આ અંગે વધુ તપાસ જેતપુર ડીવાયએસપી રોહિતસિંહ ડોડીયા ચલાવી રહ્યા છે.આ કામગીરીમાં એલસીબી પીઆઇ વી.વી. ઓડેદરા, પીએસઆઇ કે.એમ. ચાવડા, એચ.સી. ગોહિલ, આર.વી. ભીમાણી, પી.એન. ભરવાડ, એએસઆઈ બાલકૃષ્ણભાઈ ત્રિવેદી, અમિતસિંહ જાડેજા, ઈન્દ્રસિંહ જાડેજા, જયવીરસિંહ રાણા, અનિલભાઈ ગુજરાતી, રોહિતભાઈ બકોત્રા, બ્રિજરાજસિંહ જાડેજા, રવિદેવભાઈ બારડ, ભાવેશભાઈ ચાવડા, અનિલભાઈ બડકોદિયા, હેડ કોન્સ્ટેબલ રસિકભાઈ જમોડ, પ્રહલાદસિંહ રાઠોડ, ભગીરથસિંહ જાડેજા, શિવરાજભાઈ ખાચર, જીતેન્દ્રભાઈ ગોહિલ, ધર્મેશભાઈ બાવળીયા સહિતનો સ્ટાફ સાથે રહ્યો હતો.

### આ શખસો સામે ગુજસીટોક કરાઈ

ગુજસીટોકની કાર્યવાહી કરવામાં આવી છે જેમાં ભરત ઉર્ફે પથુ મનુભાઇ વાઘેલા,ભયલુ મનુભાઇ વાઘેલા,સંજય ઉર્ફે સી.જે.મનુભાઇ વાઘેલા(ત્રણેય રહે નવાણીયા તા.વલ્લભીપુર જી.ભાવનગર), મુકેશ ઉર્ફે ભોપો ઉર્ફે ભગો ઉર્ફે કામલી રમેશભાઇ સોલંકી(રહે.ચોગઠ તા.ઉમરાળા જી.ભાવનગર),અજય ઉર્ફે બોડીયો જેન્તીભાઇ ઝાપડીયા (રહે.મુળ. તુરખા બોટાદ), મનજી ઉર્ફે બાટલી પરસોતમભાઇ ડાભી(રહે.ચોગઠ ભાવનગર), વિપુલબચુભાઇ વણોદીયા (રહે.લાખણકા ગોવાળીયા બોટાદ,) અશોક લાભુભાઇ સોલંકી (રહે.મોખડકા તા.પાલીતાણા ભાવનગર ), સંજય બાવકુભાઇ ઉર્ફે બાબુભાઇ સોલંકી (રહે.ભંડારીયા તા.જસોણ રાજકોટ), મનજી ઉર્ફે લાલો ઉર્ફે લાલી દોલાભાઇ વાઘેલા(રહે.ગરીબપરા તા.ઘોઘા ભાવનગર), જગદીશ ઉર્ફે કાળીયો ઉર્ફે ગગુડીયો પોપટભાઇ ચૌહાણ(રહે.હાલ.પાલીતાણા શકિતનગર મુળ.નાના જાળીયા તા.પાલીતાણા ભાવનગર),ભરત ઉર્ફે બોડીયો ગંભીરભાઇ પરમાર (રહે.હાલ દરેડ ગામ જામનગર મુળ મેઢા ગામ તા.પાલીતાણા ભાવનગર), રાજુ ઉર્ફે ભાણો ઉર્ફે રાજેશ મંગાભાઇ પરમાર(રહે.ચોટીલા જુના બસ સ્ટેન્ડ પાસે તા.ચોટીલા ), નરેશ મગનભાઇ કારડીયા (કાંજીયા) (રહે.ઠેબા ગામ જામનગર), દિનેશ ધીરૂભાઇ વાઘેલા(રહે.પાલીતાણા સી.એન.જી. ગેસની સામે), અજીત ઉર્ફે ટીહલો પુનાભાઇ વાઘેલા(રહે.પાલીતાણા શકિતનગર તા.પાાલીતાણા ભાવનગર), અર્જુન ભગવાનભાઇ ઉર્ફે ભગાભાઇ વાઘેલા(રહે.માલવણ ગામ તા.પાલીતાણા જી.ભાવનગર),હિરા ઉર્ફે નાનો દલસુખભાઇ સાથળીયા(રહે.નીંગાળા ગામ તા.ગઢડા જી.બોટાદ) નો સમાવેશ થાય છે.

# મોરબી: ધક્કાવાળી મેલડી માતાજીના મંદિરે ૨૮મીએ નવરંગ માંડવો

### ધાર્મિક વિધિઓ, યજ્ઞ, આરતી, ડાકલાની રમઝટ સાથે ભક્તિભાવનો માહોલ સર્જાશે

**અબતક, ઋષિ મહેતા, મોરબી**

મોરબી શહેરના નવલખી રોડ પર રેલવે સ્ટેશન નજીક આવેલા ધક્કાવાળી મેલડી માતાજીના મંદિરે નવરંગ માંડવાનો ભવ્ય ધાર્મિક કાર્યક્રમ યોજાનાર છે. સમગ્ર મોરબી પંથકમાં આસ્થા અને શ્રદ્ધાનું પ્રતિક મનાતા માતાજીના આ કાર્યક્રમનું આયોજન ધક્કાવાળી મેલડી માઁ ચેરીટેબલ ટ્રસ્ટ, મોરબી દ્વારા તા.૨૮/૦૩/૨૦૨૬ના શનિવારે કરવામાં આવ્યું છે. આ પ્રસંગે વિવિધ ધાર્મિક વિધિઓનું આયોજન કરવામાં આવ્યું છે. કાર્યક્રમની શરૂઆત શુભ ચોઘડિયામાં થાંભલી રોપણથી થશે. ત્યારબાદ સવારે ૮ વાગ્યે નવચંડી યજ્ઞ યોજાશે. બપોર પછી સાંજે ૪ વાગ્યે બિડું હોમવાની વિધિ થશે અને સાંજે ૫ વાગ્યે ભુવાના સામૈયા યોજાશે.સાંજે ૬ વાગ્યે મહાપ્રસાદનું આયોજન કરવામાં આવ્યું છે. જ્યારે સાંજે ૭ વાગ્યે મહાઆરતી યોજાશે. રાત્રે ૯ વાગ્યે ડાકલાંની રમઝટ યોજાશે, જેમાં ગોંડલના રાવણદેવ હિતેષભાઈ સહિતના ભુવાઓ દ્વારા માતાજીના દુહા, છંદ અને ગરબા ગાઈને ભક્તિમય માહોલ સર્જવામાં આવશે. ત્યારે ધક્કાવાળી મેલડી ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા મોરબી પંથકના સર્વ ધર્મપ્રેમી જનતાને આ પવિત્ર પ્રસંગે ઉપસ્થિત રહી લાભ લેવા અપીલ કરવામાં આવી છે. હાલ તો આ કાર્યક્રમને લઈને ભક્તોમાં ભારે ઉત્સાહ અને તૈયારીઓ ચાલી રહી છે.

# મોરબીમાં યુવાનનો આપઘાત

### હળવદ નજીક કેનાલમાંથી અજાણ્યા યુવકનો મૃતદેહ મળ્યો

**અબતક, ઋષિ મહેતા, મોરબી**

મોરબી જીલ્લામાં અલગ-અલગ સ્થળોએ ત્રણ અપમૃત્યુના બનાવ સામે આવ્યા છે. મોરબીના શનાળા રોડ વિસ્તારમાં શુભ હોસ્પિટલ ખાતે ભાવેસકુમાર કેસુભાઈ મકવાણા ઉવ.૨૬ રહે.ગામ વાંગર તા.મહુવા જી. ભાવનગર વાળાનું અગમ્ય કારણોસર હોસ્પિટલમાં રૂમ નંબર ૨૦૨માં તેમનું મોત નીપજ્યું હતું. પોલીસે પ્રાથમિક વિગતો મેળવી અ.મોત નોંધી આગળની તપાસ હાથ ધરી છે.લગધીરપુર રોડ પર શક્તિ ચેમ્બર પાસે રહેતા પ્રિન્સભાઈ સાગરભાઈ નાકીયા ઉવ.૨૦એ પોતાના ઘરે ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી હોવાનું સામે આવ્યું છે. મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો.

હળવદ તાલુકાના ઈંગોરાળા ગામની સીમમાં બન્યો હતો જ્યાં નર્મદા કેનાલમાં અજાણ્યા પુરુષનો મૃતદેહ તરતો મળી આવ્યો હતો. મૃતકની ઉંમર અંદાજે ૪૫ થી ૫૦ વર્ષ વચ્ચે હોવાનું જાણવા મળ્યું છે. પ્રાથમિક રીતે પાણીમાં ડૂબી જવાથી મોત થયાનું સામે આવ્યું છે.

# મોરબીના બેલા ગામે પુત્રના જન્મ બાદ જનેતાનું મોત

### પ્રસુતિ બાદ તબિયત લથડતા હોસ્પિટમા સારવાર દરમિયાન દમ તોડ્યો, પરિવારમાં અરેરાટી

**અબતક રાજકોટ**

મોરબી જિલ્લાના બેલા ગામમાં રહેતી ૨૮ વર્ષીય પરણિતાનું સિઝરિયન બાદ તબિયત લથડતા સારવાર દરમિયાન મોત નીપજ્યું હોવાની ઘટના સામે આવી છે. આ બનાવને પગલે શ્રમિક પરિવારમાં ગમગીની છવાઈ છે.પ્રાપ્ત વિગતો મુજબ મૂળ મધ્યપ્રદેશના વતની અને હાલ મોરબીના બેલા ગામમાં રહેતા સુમનબેન રાજુભાઈ પાસવાન (ઉં.વ. ૨૮) ને ગત તા. ૧૪ માર્ચ ના રોજ પ્રસૂતિની પીડા ઉપડતા મોરબીની શિવમ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. જ્યાં બપોરે ૧૨:૦૦ વાગ્યાના અરસામાં તેમનું સિઝરિયન ઓપરેશન કરવામાં આવ્યું હતું. સુમનબેને ૮ માસના અધૂરા માસે પુત્રને જન્મ આપ્યો હતો. ઓપરેશન દરમિયાન ગર્ભાશયની કોથળી કાઢી નાખવામાં આવી હતી, ત્યારબાદ સુમનબેનની તબિયત અચાનક વધુ લથડતા તેમને તાત્કાલિક રાજકોટની ખાનગી સાર્થક હોસ્પિટલમાં ખસેડાયા હતા. ત્યાં પણ સ્થિતિમાં સુધારો ન થતા અંતે રાજકોટ સિવિલ હોસ્પિટલ ખાતે લાવવામાં આવ્યા હતા, જ્યાં ફરજ પરના તબીબોએ તેમને મૃત જાહેર કર્યા હતા.પ્રાથમિક તપાસમાં જાણવા મળ્યું છે કે મૃતક સુમનબેનના પતિ સિરામિક ફેક્ટરીમાં કામ કરીને પરિવારનું ગુજરાન ચલાવે છે. સુમનબેનને સંતાનમાં એક દીકરો અને એક દીકરી છે. નવજાત બાળકના જન્મની ખુશી પ્રસરે તે પહેલા જ માતાનું છત્ર છીનવાઈ જતાં પરિવારમાં શોકનું મોજું ફરી વળ્યું છે. આ મામલે પોલીસે હાલ પ્રાથમિક તપાસ હાથ ધરી છે.

# મોરબી: ચોરાઉ બાઇક સાથે તસ્કર ઝડપાયો

**અબતક, ઋષિ મહેતા, મોરબી**




મોરબી જીલ્લામાં મિલ્કત સંબંધિત ગુનાઓ અટકાવવા માટે ઉચ્ચ અધિકારીઓના માર્ગદર્શન હેઠળ એ ડિવિઝન પોલીસ કાર્યરત હોય તે અંતર્ગત એ-ડિવિઝન પોલીસના સર્વેલન્સ સ્ટાફને બાતમી મળી હતી કે એક શખ્સ શંકાસ્પદ હાલતમાં મોટરસાયકલ સાથે ફરતો જોવા મળ્યો છે. પોલીસે તાત્કાલિક કાર્યવાહી કરીને ઈસમને પકડી પાડ્યો હતો. પોલીસ દ્વારા આરોપી દિલીપભાઈ ઉર્ફે ઈમરાનબાવો પાસે વાહનના દસ્તાવેજો માંગતા તેની પાસે ન હોવાનું જણાવતા, એન્જિન અને ચેસીસ નંબરના આધારે તપાસ કરતા આ એક્ટીવા વાહન અગાઉ નોંધાયેલ ચોરીનું હોવાનું સામે આવ્યું હતું. જેથી આરોપી દિલીપભાઈ ઉર્ફે ઈમરાનબાવો રાજેશભાઈ જાની ઉવ.૨૬ રહે. મોરબી વીસીપરા રોહિદાસપરા ખાડામાં વાળાની અટક કરી વધુ તપાસ હાથ ધરવામાં આવી છે. પકડાયેલ આરોપી અગાઉ પણ મોરબી સીટી એ ડિવિઝન તથા બી ડિવિઝનમાં અલગ-અલગ ત્રણ ગુનામાં પોલીસ ચોપડે નામ નોંધાવી ચુક્યો છે.

# મોરબી: વીમાનો દાવો નકારનાર ઈન્શ્યોરન્સ કંપનીને ગ્રાહક અદાલતની લપડાક

### બીમારી છુપાવવાનો આક્ષેપ ખોટો ઠરાવી ગ્રાહકને રૂ.૧.૬૬ લાખ ૯% વ્યાજ સાથે ચૂકવવાનો આદેશ

**અબતક, ઋષિ મહેતા, મોરબી**



મોરબી ગ્રાહક અદાલતે વધુ એક ગ્રાહક તરફી ચુકાદો આપ્યો છે, જેમાં વીમા કંપની દ્વારા સારવાર ખર્ચનો દાવો નકારાતા ગ્રાહક અદાલતમાં કેસ કરવામાં આવ્યો હતો. અદાલતે કંપનીનો નિર્ણય ખોટો ગણાવી રૂ.૧.૬૬ લાખ સાથે ૯% વ્યાજ અને ખર્ચ ચૂકવવા આદેશ કર્યો છે.મોરબીના સુપર ટોકીઝ પાછળ રહેતા સોનલબેન ભોજાણીના પતિ આનંદભાઈને સારવાર માટે એશિયન ટ્રોમા હોસ્પિટલમાં દાખલ કરાયા હતા, જ્યાં રૂ. ૧,૬૬,૪૯૩/-નો ખર્ચ થયો હતો. તેમનો વીમો રીલાયન્સ જનરલ ઈન્સ્યુરન્સ કંપનીમાં હોવા છતાં કંપનીએ દાવો ચૂકવવા ઈન્કાર કર્યો હતો. વીમા કંપનીએ દલીલ કરી હતી કે આનંદભાઈએ વિમો લેતા પહેલાં ડાયાબિટીસ હોવાની માહિતી છુપાવી હતી, જેના આધારે કંપનીએ પોલિસી રદ કરી હતી. આ નિર્ણય સામે સોનલબેને મોરબી જીલ્લા ગ્રાહક સુરક્ષા મંડળના પ્રમુખ લાલજીભાઈ મહેતા મારફતે ગ્રાહક અદાલતમાં કેસ દાખલ કર્યો હતો.

અદાલતે બંને પક્ષોની દલીલો સાંભળ્યા બાદ કંપનીનો નિર્ણય ખોટો અને સેવામાં ખામી ગણાવી હતી. અદાલતે સ્પષ્ટ કર્યું કે માત્ર ડાયાબિટીસના કારણસર દાવો નકારવો યોગ્ય નથી. પરિણામે અદાલતે વીમા કંપનીને રૂ.૧,૬૬,૪૯૩/- સાથે ૯ ટકા વ્યાજ અને રૂા.૫,૦૦૦ ખર્ચ ચુકવવાનો આદેશ કર્યો છે.

# આંગણવાડી વર્કર અને હેલ્પર બહેનો દ્વારા પગાર વધારાની માંગણી સાથે આંદોલનનાં મંડાણ

### સેન્ટર ઑફ ઇન્ડિયન ટ્રેડ યુનિયન્સ ટ્રેડ યુનિયન દ્વારા આંદોલનનું એલાન




**અબતક,જીતેન્દ્ર આચાર્ય,ગોંડલ**

ગુજરાતમાં આંગણવાડી કર્મચારીઓની લાંબા સમયથી બાકી રહેલી ૧૨ જેટલી માંગણીઓ અંગે કોઈ ઉકેલ ન આવતાં, હવે ૧૮, ૧૯ અને ૨૦ માર્ચ ૨૦૨૬ના રોજ રાજ્યભરમાં પ્રતિકાત્મક રીતે કામકાજ બંધ રાખવાનો નિર્ણય લેવાયો હતો.

આંદોલન દરમિયાન કર્મચારીઓ સ્થાનિક કચેરીઓમાં આવેદનપત્ર આપશે તેમજ સરકાર સામે પોતાની માંગણીઓ રજૂ કરશે. મુખ્ય માંગણીઓમાં પગાર વધારો, નિવૃત્તિ વય ૬૦ વર્ષ કરવી, મોબાઈલ અને અન્ય સુવિધાઓ પૂરી પાડવી તેમજ બાળકોના પોષણ માટેના ભથ્થામાં વધારો કરવાનો સમાવેશ થાય છે.

આંગણવાડી સંઘના જણાવ્યા મુજબ, ગુજરાતમાં અંદાજે ૧ લાખથી વધુ આંગણવાડી વર્કર અને હેલ્પર બહેનો છેલ્લા ઘણા સમયથી પોતાની માંગણીઓ માટે લડી રહ્યા છે. તેઓનો આક્ષેપ છે કે વર્ષ ૨૦૧૯ બાદથી ભથ્થામાં વધારો કરવામાં આવ્યો નથી, જેના કારણે વર્તમાન મોંઘવારીમાં જીવન જીવવું મુશ્કેલ બન્યું છે.

સંઘે જણાવ્યું છે કે જો સરકાર તાત્કાલિક આ મુદ્દે યોગ્ય નિર્ણય નહીં લે તો આંદોલન વધુ ઉગ્ર બનાવવામાં આવશે.

# પોરબંદર પીજીવીસીએલ હેઠળના ડિવિઝનમાં મેગા ડ્રાઇવ: તંત્રને રૂ. ૧.૫૧ કરોડની આવક થઇ

### ૧૧૮૮ કનેકશન કાપ્યા, ૩૫૭ ટીમે કામગીરી કરી

**અબતક, અશોક થાનકી, પોરબંદર**

પોરબંદર પીજીવીસીએલ હેઠળના ડીવીઝનમાં મેગા ડ્રાઇવ દરમ્યાન તંત્રને રૂ. ૧.૫૧ કરોડની આવક થઇ છે. તેમજ ૧૧૮૮ કનેકશન કાપી લીધા છે. ૩૫૭ ટીમ આ કામગીરીમાં રોકાઇ હતી.

પોરબંદર પી.જી.વી.સી.એલ વર્તુળ કચેરી હેઠળ આવતા ૪ સર્કલના ડિવિઝનમાં મેગા ડ્રાઈવ યોજવામાં આવી હતી જેમાં એક જ દિવસમાં ૧૧૮૮ કનેક્શન કાપી રૂપિયા ૫૫.૪૯ લાખની વીજ બીલની ભરપાઈ કરાવાઈ હતી. પોરબંદર પી.જી.વી.સી.એલ કચેરી હેઠળ આવતા ડિવિઝનમાં ૧ હજારથી વધુ ગ્રાહકો છે. જેના વીજ બીલો બાકી છે. તેવોના વીજ કનેક્શન કાપવાની કામગીરી હાથ ધરી હતી. જેમાં પોરબંદર પી.જી.વી.સી.એલ દ્વારા મંગળવારે મેગા વીજ કનેકશન કાપવાની ડ્રાઈવનું આયોજન કરવામાં આવ્યું હતું. આ ડ્રાઈવ માં કુલ ૩૫૭ ટીમ મારફતે કામગીરી હાથ ધરવામાં આવી હતી. આ કામગીરી દરમ્યાન એક જ દિવસમાં કુલ ૧૧૮૮ વીજ કનેક્શન કાપવામાં આવ્યા હતા તો સ્થળ પર રૂપિયા ૫૫.૪૯ લાખની વીજ બીલ ની રકમ ની ભરપાઈ કરાવાઈ હતી.પી.જી.વી.સી.એલ દ્વારા આ મેગા ડ્રાઈવ દરમ્યાન ૨૮૯૮ વીજ ગ્રાહકો પાસેથી કુલ રૂપિયા ૮૯.૮૯ લાખની બાકી બીલની રકમ પણ ભરપાઈ થઈ હતી આમ પી.જી.વી.સી.એલ.ને એક જ દિવસમાં ૧.૫૧ કરોડની આવક થઈ હતી........

# જૂનાગઢમાં ઉપલા દાતારની જગ્યા ખાતે કાલથી શિવ મહામહાપુરાણ કથાનો પ્રારંભ

### જગ્યાના મહંત ભીમ બાપુ દ્વારા ભાવિક ભક્તોને કથા શ્રવણ કરવા આમંત્રણ

**અબ તક દર્શન જોશી, જુનાગઢ**




જૂનાગઢની ઉપલા દાતારની ધાર્મિક જગ્યા ખાતે મહંત ભીમબાપુ દ્વારા તા ૨૦ શુક્રવારથી શિવ મહામહાપુરાણ કથાનો મંગલ પ્રારંભ થવા જઈ રહ્યો છે, અને ભીમ બાપુ દ્વારા કથા શ્રવણ કરવાનું ભાવભીનું આમંત્રણ પાઠવવામાં આવ્યું છે.

જુનાગઢ ગીરનાર પર્વતની સમીપ ઉપલા દાતારની પાવનકારી જગ્યા ખાતે જગ્યાના મહંત ભીમબાપુની નિશ્રામાં ફરી એકવાર ધાર્મિક મેળાનું સુંદર મજાનું આયોજન કરાયું છે.

દાતારની જગ્યા ખાતે ફરી એક વખત દિવંગત મહંતોના અને દાતારના દીવંગત સેવકો ભક્તોના આત્મ કલ્યાણ અર્થે તા. ૨૨ માર્ચ શુક્રવાર પવિત્ર ચૈત્રી નવરાત્રીની બીજના પાવન દિવસો દરમિયાન શિવ મહાપુરાણ જ્ઞાન યજ્ઞ કથાનું અનેરૂ આયોજન કરાયું છે. જેમાં બીલખા નિવાસી યુવા કથાકાર વક્તા શાસ્ત્રી દેવેન્દ્રચાર્યજી મહેતા પોતાના કલા વૃંદ સાથે કથાનું રસપાન કરાવશે. સાત દિવસીય આ ધર્મોત્સવમાં કથા દરમિયાન ભાવિકો માટે રહેવા જમવાની વ્યવસ્થા જગ્યાના મહંત ભીમ બાપુ દ્વારા ઉભી કરાય છે.શુક્રવારે પ્રારંભ થઈ રહેલી શિવ મહાપુરાણ કથા દરમિયાન આવતા પાવન પ્રસંગોમાં શનિવારે નિષ્કલ સ્વરૂપ પ્રાગટ્ય, રવિવારે ઉમા પ્રાગટ્ય અને શિવ વિવાહનો પ્રસંગ, સોમવારે ગણેશજી અને કાર્તિકે ભગવાનનો જન્મોત્સવ, મંગળવારે શિવ અવતારનું વર્ણન, બુધવારે દાદસ્ય જ્યોતિર્લિંગોની ઉત્પત્તિ અને રહસ્યો અંગેનું વર્ણન અને ગુરુવારે શિવ તત્ત્વનું મહત્વ અને કથાની પૂર્ણાહુતિ થશે. કથાનો સમય બપોરના બે થી સાંજના પાંચ કલાકનો રખાયો છે.

# મોરબીની સરકારી કચેરી, ઈન્ડસ્ટ્રીઝમાં ફાયર સેફ્ટીની તાલીમ: એન.ઓ.સી. વગરની બિલ્ડીંગોને નોટિસ

### ઔદ્યોગિક એકમોના કર્મચારીને તાલીમ બધ્ધ કરાયા

**અબતક, ઋષિ મહેતા, મોરબી**



મોરબી મહાનગરપાલિકાની ફાયર શાખાએ સરકારી કચેરીઓ અને ઈન્ડસ્ટ્રીઝમાં કર્મચારીઓને ફાયર સેફ્ટીની તાલીમ આપી હતી. સાથે ફાયર હોઝ ડ્રિલ અને સેફ્ટી ચેકિંગ અભિયાન હાથ ધરી લોકોને આગથી બચાવ અંગે જાગૃત કરવામાં આવ્યા હતા.

મોરબી મહાનગરપાલિકાની અગ્નિશમન શાખા દ્વારા શહેરમાં ફાયર સેફ્ટી અંગે જાગૃતિ લાવવા માટે વિવિધ કાર્યક્રમો યોજાયા હતા. તેમાં ૨ સરકારી કચેરીના ૪૮ કર્મચારીઓ અને ૧ ઈન્ડસ્ટ્રીઝના ૯૭ કર્મચારીઓને ફાયર પ્રિવેન્શન અંગે તાલીમ આપવામાં આવી હતી. તાલીમ દરમિયાન આગ લાગ્યાની પરિસ્થિતિમાં પ્રાથમિક પ્રતિસાદ અને સલામતીના ઉપાયો અંગે માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. ફાયર પ્રિવેન્શનના ભાગરૂપે સમાજવાડી, કોમ્પ્લેક્સ અને ઈન્ડસ્ટ્રીઝ બિલ્ડિંગોમાં ફાયર સેફ્ટી સર્ટિફિકેટની ચકાસણી કરવામાં આવી હતી. ફાયર એનઓસી વગરની બિલ્ડિંગોને નોટિસ આપી જરૂરી માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. અગાઉ અપાયેલી નોટિસના પગલે ૧૯૨ કોમ્પ્લેક્સ અને ૩૮ સમાજવાડીમાં ફાયર સેફ્ટી સિસ્ટમ સ્થાપિત કરાઈ છે.

આ ઉપરાંત એલ.ઈ. કોલેજ નજીક ફાયર હોઝ ડ્રિલ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં જવાનો દ્વારા ઝડપી પ્રતિસાદ, હોઝ પાઈપ હેન્ડલિંગ, નોઝલ ઓપરેશન અને ટીમ વર્ક જેવી કુશળતાઓનું પ્રદર્શન કરવામાં આવ્યું હતું. આધુનિક ફાયર ફાઈટીંગ સાધનો સાથે કરવામાં આવેલી આ ડ્રિલથી જવાનોની ટેકનિકલ તૈયારીનું મૂલ્યાંકન થયું હતું. અધિકારીઓએ જણાવ્યું હતું કે આવી પ્રવૃત્તિઓથી જવાનોમાં આત્મવિશ્વાસ વધે છે અને આગ જેવી ઈમરજન્સીમાં વધુ અસરકારક રીતે કામગીરી કરી શકાય છે. મોરબીમાં તાજેતરમાં ૪ આગના બનાવ અને ૧ રેસ્ક્યુ કોલ નોંધાયા હતા, જેમાં ફાયર ટીમે સંપૂર્ણ સુરક્ષા સાધનો સાથે કામગીરી કરી હતી. આ સાથે આપાતકાલીન સ્થિતિમાં નાગરિકોને ફાયર બ્રિગેડના ૧૦૧, ૧૧૨ અથવા (૦૨૮૨૨) ૨૩૦૦૫૦ નંબર પર સંપર્ક કરવાની અપીલ કરવામાં આવી છે.તાલીમ દરમ્યાન આગની પરિસ્થિતિમાં કેમ બચવું, કંઇ બાબતની તકેદારી રાખવી તેની સુચના અપાઇ હતી

તંત્રી લેખ

# ભારતનું ડિજિટલ અર્થતંત્ર: વિકાસની હરણફાળ સાથે પડકારો પણ અનેક

આધુનિક યુગમાં કોઈપણ દેશના આર્થિક વિકાસને માપવા માટે તેનું ડિજિટલ ઈન્ફ્રાસ્ટ્રક્ચર એક મહત્વપૂર્ણ માપદંડ બની ગયું છે. છેલ્લા એક દાયકામાં ભારતે આ દિશામાં જે હરણફાળ ભરી છે તે સમગ્ર વિશ્વ માટે એક કેસ સ્ટડી સમાન છે. ડિજિટલ પેમેન્ટથી લઈને ઈ-ગવર્નન્સ સુધી, ભારતે તકનીકી ક્ષેત્રે અકલ્પનીય પ્રગતિ સાધી છે અને અર્થતંત્રને એક નવો જ આયામ પૂરો પાડ્યો છે.

આંકડાકીય વિગતો પર નજર કરીએ તો, ભારતની યુનિફાઈડ પેમેન્ટ્સ ઈન્ટરફેસ સિસ્ટમે વૈશ્વિક સ્તરે ડંકો વગાડ્યો છે. રિઝર્વ બેંક અને એનપીસીઆઈ ના આંકડાઓ મુજબ, વર્ષ ૨૦૨૩-૨૪ ના સમયગાળામાં ભારતમાં ૧૦૦ અબજથી વધુ યુપુઆઉ ટ્રાન્ઝેક્શન નોંધાયા હતા. આજે વિશ્વના કુલ રિયલ-ટાઈમ ડિજિટલ પેમેન્ટ્સમાં ભારતનો હિસ્સો ૪૬ ટકાથી વધુ છે, જે અમેરિકા અને ચીન જેવા વિકસિત દેશો કરતા પણ ક્યાંય આગળ છે.

આ ડિજિટલ ક્રાંતિની સૌથી મોટી અસર જમીની સ્તરે જોવા મળી છે. એક સમય હતો જ્યારે નાના વેપારીઓ, શાકભાજી વિક્રેતાઓ કે ચાની લારીવાળા માટે બેંક ખાતા કે ડિજિટલ લેવડદેવડ એક સપના સમાન હતી. આજે ભારતના ખૂણે-ખૂણે દરેક નાની-મોટી દુકાન પર ક્યુઆર કોડ જોવા મળે છે, જેણે છેવાડાના સામાન્ય માણસને મુખ્યપ્રવાહના બેન્કિંગ અને અર્થતંત્ર સાથે જોડવાનું અદભૂત કામ કર્યું છે.

ઈન્ટરનેટ વપરાશકર્તાઓની વાત કરીએ તો, ભારતમાં સક્રિય ઈન્ટરનેટ યુઝર્સની સંખ્યા ૮૨૦ મિલિયન એટલે કે ૮૨ કરોડનો આંકડો પાર કરી ચૂકી છે. વિશેષ નોંધનીય બાબત એ છે કે આમાંથી ૫૦ ટકાથી વધુ યુઝર્સ ગ્રામીણ વિસ્તારોમાંથી આવે છે. આ આંકડો દર્શાવે છે કે ભારતનું ગ્રામીણ અર્થતંત્ર હવે ધીમે ધીમે ઓનલાઈન બજારો, ઈ-કોમર્સ અને કૃષિ સંબંધિત ડિજિટલ સેવાઓ તરફ મક્કમ ગતિએ આગળ વધી રહ્યું છે.

પરંતુ, આ તેજસ્વી ચિત્રની પાછળ એક ચિંતાજનક અંધકાર પણ રહેલો છે, અને તે છે વધતા જતા સાયબર ક્રાઈમ. ડિજિટલ લેવડદેવડ વધવાની સાથે ઓનલાઈન છેતરપિંડીના કેસોમાં પણ ભયજનક ઉછાળો આવ્યો છે. નેશનલ સાયબર ક્રાઈમ રિપોર્ટિંગ પોર્ટલના ડેટા મુજબ, વાર્ષિક ધોરણે નાણાકીય છેતરપિંડીની લાખો ફરિયાદો નોંધાય છે, જેમાં સામાન્ય નાગરિકો પોતાની પરસેવાની કમાણીના કરોડો રૂપિયા ગુમાવી રહ્યા છે.

આ ઉપરાંત, 'ડિજિટલ ડિવાઈડ' એટલે કે ડિજિટલ અસમાનતા હજુ પણ દેશ માટે એક મોટો પડકાર છે. મોટા શહેરી વિસ્તારોમાં હાઈ-સ્પીડ ૫જી ઈન્ટરનેટની સુવિધા મળી રહી છે, જ્યારે અનેક અંતરિયાળ ગામડાઓમાં હજુ પણ પ્રાથમિક નેટવર્ક કનેક્ટિવિટીના પ્રશ્નો ઉભા છે. શિક્ષણ અને આરોગ્ય ક્ષેત્રે સંપૂર્ણ ડિજિટલાઈઝેશન લાવવા અને સમાન તકો પૂરી પાડવા માટે આ અસમાનતા દૂર કરવી અત્યંત આવશ્યક છે.

સરકાર દ્વારા 'ડિજિટલ ઈન્ડિયા' અભિયાન હેઠળ અનેક નોંધપાત્ર પગલાં લેવામાં આવ્યા છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને કેન્દ્રીય આઈટી મંત્રીઓ દ્વારા વારંવાર ડિજિટલ અર્થતંત્રને મજબૂત કરવા પર વિશેષ ભાર મૂકવામાં આવ્યો છે. સરકારી સબસિડી અને યોજનાઓના સીધા લાભાર્થીઓના ખાતામાં નાણાં જમા થવાથી વચેટિયા પ્રથા નાબૂદ થઈ છે અને ભ્રષ્ટાચારમાં નોંધપાત્ર ઘટાડો જોવા મળ્યો છે.

જોકે, ભવિષ્યના પડકારોને પહોંચી વળવા માટે માત્ર ઈન્ફ્રાસ્ટ્રક્ચર ઉભું કરવું પૂરતું નથી, પરંતુ લોકોમાં ડિજિટલ સાક્ષરતા વધારવી અનિવાર્ય છે. શાળાકીય અભ્યાસક્રમમાંથી જ બાળકોને સાયબર સિક્યોરિટી અને ડીપફેક જેવી નવી ટેકનોલોજીના જોખમો અંગેનું જ્ઞાન આપવું જોઈએ. સાથે જ, બેંકો અને નાણાકીય સંસ્થાઓએ પણ પોતાની સુરક્ષા પ્રણાલીઓને આધુનિક અને વધુ મજબૂત બનાવવાની તાતી જરૂર છે.

# પીજીવીસીએલએ સૌરાષ્ટ્ર-કચ્છમાં એક જ દિવસમાં ૨૧,૯૪૫ વીજ કનેક્શન કાપી કરી રૂ. ૪૧.૪૮ કરોડની તોતિંગ વસૂલાત

## ૩,૧૯૬ ટીમોના મેગા ઓપરેશનમાં બાકી બિલ ધરાવતા ગ્રાહકો અને નગરપાલિકાઓ સામે કડક કાર્યવાહી

**અબતક રાજકોટ**

પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમિટેડ દ્વારા સૌરાષ્ટ્ર અને કચ્છના ઈતિહાસમાં અત્યાર સુધીની સૌથી મોટી અને આક્રમક 'મેગા ડિસ-કનેક્શન ડ્રાઈવ' હાથ ધરવામાં આવી છે. નાણાકીય વર્ષના અંતિમ દિવસોમાં વીજ બિલની બાકી રકમ વસૂલવા માટે કંપનીએ રણશિંગું ફૂંક્યું છે. ગત તા. ૧૭.૦૩.૨૦૨૬ના રોજ સમગ્ર સૌરાષ્ટ્ર અને કચ્છ ઝોનમાં હાથ ધરાયેલી આ કડક ઝુંબેશ દરમિયાન વીજ કંપનીએ કરોડો રૂપિયાની વસૂલાત કરી બાકીદારો સામે અભૂતપૂર્વ કાર્યવાહી કરી છે.

આ મેગા ઓપરેશનને સફળ બનાવવા માટે કોર્પોરેટ ઓફિસના મેનેજમેન્ટ દ્વારા કુલ ૩,૧૯૬ ટીમોને મેદાનમાં ઉતારવામાં આવી હતી. આ ટીમોએ સવારથી જ બાકી લેણાં ધરાવતા ગ્રાહકોના કનેક્શન કાપવાની કામગીરી શરૂ કરી દીધી હતી. દિવસભર ચાલેલી આ સઘન ઝુંબેશમાં સૌરાષ્ટ્ર અને કચ્છના વિવિધ જિલ્લાઓમાં કુલ ૨૧,૯૪૫ વીજ જોડાણો સ્થળ પર જ કાપી નાખવામાં આવ્યા હતા. આ આક્રમક કામગીરીને પગલે વીજ ગ્રાહકોમાં ફફડાટ ફેલાયો હતો અને અનેક લોકોએ જોડાણ કપાતા બચવા માટે તાત્કાલિક બાકી રકમની ચુકવણી કરી હતી.

આ મેગા ડ્રાઈવના અંતે પીજીવીસીએલની તિજોરીમાં એક જ દિવસમાં અધધ રૂ. ૪૧ કરોડ ૪૮ લાખ જેટલી માતબર રકમ જમા થઈ છે. આ વસૂલાતમાં માત્ર સામાન્ય ઘરેલુ ગ્રાહકો જ નહીં, પરંતુ બાકી બિલ ધરાવતી વિવિધ નગરપાલિકાઓ પાસેથી પણ અંદાજિત રૂ. ૫૦ લાખની વસૂલાત કરવામાં વીજ કંપનીને સફળતા મળી છે. કંપનીના આંકડાકીય અહેવાલ મુજબ, જામનગર વર્તુળમાં સૌથી વધુ ૪,૬૭૩ કનેક્શન કાપવામાં આવ્યા હતા, જ્યારે ભાવનગરમાં ૪,૪૨૦ જોડાણો ડિસ-કનેક્ટ કરાયા હતા. વસૂલાતની દ્રષ્ટિએ પોરબંદર વર્તુળમાં સૌથી વધુ રૂ. ૯.૭૦ કરોડ અને રાજકોટ શહેરમાં રૂ. ૭.૩૯ કરોડની વસૂલાત કરવામાં આવી છે.

અન્ય વર્તુળોની વાત કરીએ તો, ભુજમાં ૩.૧૩ કરોડ, મોરબીમાં ૨.૬૫ કરોડ અને અમરેલીમાં ૧.૬૧ કરોડની વસૂલાત સાથે વીજ કંપનીએ બાકીદારો સામે કડક વલણ અપનાવ્યું છે. કચ્છના અંજાર વર્તુળમાં પણ ૧,૧૩૪ જોડાણો કાપી રૂ. ૨.૧૦ કરોડની રકમ અંકે કરવામાં આવી છે. સૂત્રોના જણાવ્યા અનુસાર, નાણાકીય વર્ષ પૂરું થવાને આડે હવે ગણતરીના દિવસો બાકી છે ત્યારે બાકી લેણાંની પૂર્તિ માટે આ પ્રકારની ઝુંબેશ હજુ પણ તેજ કરવામાં આવશે. ગ્રાહકોને નમ્ર અપીલ કરવામાં આવી છે કે તેઓ પોતાના વીજ બિલની બાકી રકમ સત્વરે ભરી દે, જેથી વીજ જોડાણ કપાવાની અગવડતા અને ફરીથી જોડાણ કરાવવાના વધારાના ચાર્જથી બચી શકાય. આ કામગીરી દ્વારા વીજ કંપનીએ સ્પષ્ટ સંદેશ આપ્યો છે કે નિયમિત બિલ ભરતા ગ્રાહકોના હિતમાં બાકીદારો સામે કડક પગલાં લેવા અનિવાર્ય છે.

# ભાયાવદરના પી.આઇ. પરમારની અંતે બદલી: લીવ રિઝર્વમાં મુકાયા

## પોલીસ ઈન્સ્પેકટર રૂતુરાજસિંહ જાડેજાની નિમણુંક: 'અબતક' સાંધ્ય દૈનિકે બદલીની દહેશત વ્યકત કરી તી

**અબતક, કિરીટ રાણપરિયા, ઉપલેટા**




ગુજરાત સરકારે આમ જનતાને વ્યાજખોરોની ચુગાલથી છોડવા માટે અનેક પ્રયાસો કરે છે પણ આનો લાભ લઈ લીલીયા વાડી કરી ગમે ત્યારે ગમે તેની સામે તપાસ પૂર્ણ કર્યા વગર ગુના નોંધી આગવી સરભરા કરવી તે ક્યારેક ભારે પડતું હોય છે. આવું જ કાંઈક ભાયાવદર ની પોલીસની ઘટનામાં બન્યું અને અંતે પી.આઈ. વી.સી. પરમાર ની બદલી રાજકોટ એસ.પી. કચેરીમાં લીવ રિઝરવ કરી નાખતા ખાખી વર્દીમાં સોપો પડી ગયો હતો. ભાયાવદરના નવા પી.આઈ. તરીકે ઋતુરાજસિંહ જાડેજાની નિમણુંક કરાઈ છે.ભાયાવદર પોલીસ સ્ટેશનમાં ઉચ્ચ અધિકારીઓના આદેશથી સામાન્ય માનવીને વ્યાજના ચકરમાંથી છોડાવવા માટે લોન મેળો યોજાયો હતો જેમાં એક વર્ષો જુની વ્યાજની મેટરમાં સ્થાનકી પોલીસ દ્વારા પુરતી તપાસ કર્યા વગર ઝડપથી ગુનો દાખલ કરી દીધો હતો. હકિકતમાઃ દરજી યુવાન સામે ગુનો દાખલ કરતા પહેલા જો ઉંડાણપૂર્વક તપાસ કરવામાં આવી હોત તો ચિત્ર કંઈક અલગ જોવા મળત આ વાતની પુષ્ટિ સાથે ગત તા.૧૨ના 'અબતક'ના અંકમાં ભાયાવદર પોલીસ ક્યાંક કાચુ કપાયા ના અહેવાલ છપાયો હતો. તેમાં પણ અનેકના તપેલા ચડી જશે તેવી દહેશત વ્યકત કરવામાં આવી હતી તે ગતરાત્રે સાચી પડી છે અને ભાયાવદરના પી.આઈ. વી.સી. પરમારની રાજકોટ એસ.પી. કચેરીમાં બીવ રીઝરવમાં મૂકી દેવા ઓડર કરતા જ પોલીસ બેડામાં ચકચાર મચી જવા પામી હતી. નવા મુકાયેલા પી.આઈ ઋતુરાજસિંહ જાડેજા કડક અને શિસ્તના આગ્રહી હોવાનુ માનવામાં આવે છે. અગાઉ જેતપુર મુકામે ફરજ બજાવી ચૂક્યા છે.

# કેશોદ યુવા ભાજપના પ્રમુખ તરીકે તેજસ કિકાણીની વરણી

**અબતક, જય વિરાણી, કેશોદ**



કેશોદ શહેરમાં રાજકીય ક્ષેત્રે મહત્વપૂર્ણ ઘટનાક્રમ સામે આવ્યો છે, જેમાં યુવા ભાજપના પ્રમુખ તરીકે તેજસ કિકાણીની નિમણૂક કરવામાં આવી છે. આ નિમણૂક સાથે ભાજપના યુવા કાર્યકર્તાઓમાં ઉત્સાહ અને આનંદની લાગણી જોવા મળી રહી છે.

કેશોદ યુવા ભાજપના વિવિધ હોદ્દેદારોની નવી નિમણૂકો જાહેર કરવામાં આવી હતી, જેમાં તેજસ કિકાણી પર પાર્ટીએ વિશ્વાસ મૂકી તેમને પ્રમુખ તરીકે જવાબદારી સોંપી છે. તેજસ કિકાણી અગાઉથી જ ભાજપના સક્રિય યુવા કાર્યકર્તા તરીકે ઓળખ ધરાવે છે અને તેઓ બજરંગ દળના ઉપપ્રમુખ તરીકે પણ કામગીરી કરી ચૂક્યા છે.તેમની ઓળખ માત્ર રાજકીય પ્રવૃત્તિઓ સુધી મર્યાદિત નથી, પરંતુ તેઓ સામાજિક અને સેવાકીય કાર્યોમાં પણ સક્રિય રહેતા આવ્યા છે.

નવનિયુક્ત પ્રમુખ તરીકે પોતાની પ્રતિક્રિયા આપતા તેજસ કિકાણીએ જણાવ્યું હતું કે, મને કેશોદ યુવા ભાજપના પ્રમુખ તરીકે પસંદ કરવા બદલ હું પાર્ટીનો દિલથી આભાર માનું છું. પાર્ટીએ મારી ઉપર વિશ્વાસ મૂકી જે મોટી જવાબદારી સોંપી છે, તેને હું સંપૂર્ણ નિષ્ઠા અને મહેનતથી નિભાવવાનો પ્રયાસ કરીશ.

# ગોંડલના મોવિયાની ગુમ મહિલાને પોલીસે શોધી કાઢી: પતિ-બાળકી સાથે મુલાકાતનો ઈનકાર


### પત્નીએ સાથે જવાની ના પાડતા પોલીસે નિવેદન નોંધી મુક્ત કરી, પત્ની મળી હોવા છતાં પોલીસે અમને અંધારામાં રાખી મુલાકાત ન કરાવ્યાનો પતિનો આક્ષેપ

**અબતક, હરેશ ગણોદિયા, ગોંડલ**

ગોંડલ તાલુકાના મોવિયા ગામેથી ગુમ થયેલ ૩૫ વર્ષીય પરણીતાને ગોંડલ તાલુકા પોલીસે ટેકનિકલ સોર્સની મદદથી શોધી કાઢી હતી. જોકે, મહિલાએ તેના પતિ કે બાળકી સાથે મળવાની કે વાત કરવાની સ્પષ્ટ ના પાડી દેતા પોલીસે તેનું નિવેદન નોંધી તેને મુક્ત કરી હતી. બીજી તરફ, પોતાની પત્ની મળી ગઈ હોવાની જાણ થતા પોલીસ મથકે દોડી ગયેલા પતિને પત્ની સાથે મુલાકાત ન કરાવતા તેણે પોલીસની કામગીરી સામે રોષ સાથે ગંભીર સવાલો ઉઠાવ્યા હતા.પ્રાપ્ત વિગતો મુજબ મોવિયા ગામના રહેવાસી સોનલબેન કમલેશભાઈ જાદવ (ઉં.વ. ૩૫) ગુમ થવા અંગેની ફરિયાદ બાદ પોલીસે ટેકનિકલ સર્વેલન્સ અને હ્યુમન ઈન્ટેલિજન્સના આધારે તેમને શોધી કાઢ્યા હતા. માર્ગદર્શન હેઠળ પોલીસે મહિલાને શોધી પોલીસ મથકે લાવ્યા હતા. જોકે, મહિલાએ પોલીસ સમક્ષ નિવેદન આપ્યું હતું કે, ''મારે મારા પતિ સાથે જવું નથી કે કોઈ વાત પણ કરવી નથી.'' મહિલા પુખ્ત વયની હોવાથી કાયદાકીય જોગવાઈ મુજબ પોલીસે તેની મરજી મુજબ જવા દીધી હતી. બીજી તરફ, પત્ની મળી હોવાની જાણ થતા પતિ કમલેશભાઈ પોલીસ મથકે પહોંચ્યા હતા, પરંતુ તે પૂર્વે જ મહિલાને રવાના કરી દેવાઈ હતી. પતિએ આક્ષેપ કર્યો હતો કે પોલીસે તેને કે તેની નાની બાળકીને એકવાર મળવા પણ ન દીધા અને પરિવારને અંધારામાં રાખી મહિલાને જવા દીધી હતી. આ કામગીરીમાં ગોંડલ તાલુકા પોલીસનો સ્ટાફ જોડાયો હતો.

# ગોંડલ રામજી મંદિરે આજથી ભજન, ભક્તિ અને ભોજનનો સંગમ રચાશે

## મહંત જયરામદાસજી મહારાજના અધ્યક્ષસ્થાને તા.૧૮ થી તા.૨૬ સુધી ધાર્મિક મહોત્સવ:જ્ઞાન, વૈરાગ્ય, ભકિતનો લાભ લેવા નિમંત્રણ





**અબતક રાજકોટ**

ગોંડલ શહેરના કાશી વિશ્વનાથ રોડ પર આવેલા શ્રી રામજી મંદિર ખાતે ચૈત્રી નવરાત્રી દરમિયાન ભજન, ભકિત અને ભોજનનો ત્રિવેણી સંગમ રચાશે જેમાં મહંત જયરામદાસજી મહારાજના અધ્યક્ષ સ્થાને તા.૧૮ થી તા.૨૬ સુધી શ્રીરામ નવમી મહોત્સવનુ દબદબાભેર આયોજન કરવામાં આવ્યુ છે. જેમાં રામ ચરિત માનસ - સમૂહ પાઠ તથા લઘુરામયજ્ઞ યોજાશે. શ્યામસુંદરજી મહારાજના સંગીતમય પાઠમાં સૌ ભકતો, શિષ્યપરિવારને જ્ઞાન, વૈરાગ્ય, ભકિત અને સેવાયજ્ઞનો લાભ લેવા પણ આમંત્રણ પાઠવાયુ છે.

રામનવમી ઉત્સવના ધાર્મિક કાર્યક્રમોમાં તા.૧૮મીએ કળશ સ્થાપન તથા અષ્ટોતર સત શ્રીરામ ચરિત માનસજીના સમૂહ પાઠનો પ્રારંભ, પાઠ પ્રસંગે ૧૯મીએ રામ જન્મ મહોત્સવ, ૨૦મીએ શ્રીરામ વિવાહ તેમજ ૨૪મીએ હરિચરણદાસજી મહારાજની ૧૦૪મી જન્મ જયંતિની ઉજવણી, ૨૬મીએ બપોરે ૧૨ કલાકે રામજન્મ ઉત્સવ તથા લઘુરામ યજ્ઞનુ સાંજે ૪ કલાકે બીડુ હોમાશે.તેમજ ૩૧મીએ ગુરૂદેવ રણછોડદાસજી મહારાજની પૂણ્યતિથીએ બપોરે સમિષ્ટ ભંડારો તથા તા.૨ ને ગુરૂવારે હનુમાન જયંતિએ બપોરે સમિષ્ટ ભંડારાનુ આયોજન કરવામાં આવ્યું છે. આ મહોત્સવનો લાભ લેવા ધર્મપ્રિય જનતાને લાભ લેવા સદગુરુ પરિવાર દ્વારા ભાવભર્યું નિમંત્રણ પાઠવવામાં આવે છે.

# જેતપુર: નટખટ હરપાલનો આજે જન્મદિવસ



જેતપુરના પોલીસમેન સમીરભાઈ બારોટના પુત્ર હરપાલનો આજે જન્મદિવસ છે. નટખટ હરપાલ પિતા સમીરભાઈ બારોટ, માતા વૈશાલીબેન અને બહેન કાવ્યનો લાડલો છે. દાદા પ્રવિણભાઈ, દાદી નિર્મળાબેન, કાકા આદિત્યભાઈ સહીતના પરિવારજનો આજે તેમના જન્મ દિવસે શુભેચ્છા પાઠવે છે.

# ઉપલેટા: ખાખીજાળીયાની ભાગવત સપ્તાહમાં શાસ્ત્રીઓનું સન્માન કરતી સામાજીક સંસ્થાઓ




તસવીર : શહેઝાદ બાદશાહ

**અબતક, કિરિટ રાણપરિયા, ઉપલેટા**

ઉપલેટા તાલુકાના ખાખીજાળીયા ગામે શ્રીજી નંદન ગૌ શાળા દ્વારા આયોજીત શ્રીમદ્ ભાગવત સપ્તાહમાં સામાજીક સંસ્થાઓ દ્વારા રસપાન કરાવતા શાસ્ત્રીજીનું સન્માન કરાયું હતું.

શ્રીમદ્ ભાગવત સપ્તાહમાં શ્રોતાઓને સુમધુર વાણીમાં રસપાન કરાવતા શાસ્ત્રી ડો.મહાદેવ પ્રસાદજીનું ફૂલહાર કરી શાલ ઓઢાડી સન્માન કરતા સિધ્ધનાથ ચેરીટેબલ ટ્રસ્ટના પ્રમુખ જયેશભાઈ ત્રિવેદી, જગદીશભાઈ પૈડા, મનુભાઈ બારોટ, તુષારભાઈ, પરાગભાઈ, વિપુલભાઈ તેમજ રાધે ગૃપ દ્વારા ભારતીબેન બાબરીયા, રીતાબેન સુવા, શીતલબેન મદલાણી, મંજુબેન માકડિયા, અસ્મીતાબેન મુરાણી, સરોજબેન વરૂ, વિજયાબેન જોષી સહિતનાઓ સન્માનમાં જોડાયા હતા.


# ઉપલેટામાં પાંચ વર્ષની બાળા અલીજાએ હરણી રોઝુ રાખી અલ્લાહની ઈબાદત કરી

**અબતક, કીરીટ રાણપરીયા, ઉપલેટા**



મુસ્લિમ સમાજના પવિત્ર રમજાન અંતિમ ચરણમાં છે ઈદની ઉજવણી કરવા આતુર બન્યા છે ત્યારે ઉપલેટા ત્યારે શહેરના યુવાન નગર સેવક અનીશભાઈ ચણાની દીકરી અલીજા એ પાંચ વર્ષની ઉંમરે હરણી રોઝુ રાખી દેશ અને દુનિયામાં સુખ, શાંતિ અને સમૃદ્ધિ વધે અને ભાઈચારાની ભાવના જળવાઈ રહે તેવી અલ્લાહને ઈબાદત કરી હતી. રોજુ રાખનાર અલીજાને નગરપાલિકાના પ્રમુખ વર્ષાબેન ગજેરા, પૂર્વ પ્રમુખ દાનભાઈ ચંદ્રવાડીયા, ચેમ્બરના પ્રમુખ રમેશભાઈ પાનેરા, ગ્રાહક સુરક્ષા મંડળના પ્રમુખ ભરતભાઈ રાણપરીયા, સમસ્ત મેમણ જમાતા પ્રમુખ હાજીભાઈ શિવાણી, માનવ સેવા ટ્રસ્ટના પ્રમુખ લાલજીભાઈ રાઠોડ, કેજીએન ગ્રુપના પ્રમુખ બોદુભાઈ હેરંજા, કમલેશભાઈ વ્યાસ તેમજ નગર સેવકો સહિત સામાજિક સંસ્થાના આગેવાનોએ અભિનંદન આપ્યા હતા

# લોધિકા તાલુકા ભાજપ બક્ષીપંચ મોરચાના મંત્રી પદે નિખિલપરી ગોસાઈની નિમણૂક



ગુજરાત પ્રદેશ ભાજપ તથા રાજકોટ જીલ્લા ભાજપના પ્રમુખ અલ્પેશભાઈ ઢોલરીયા મહામંત્રી હરેશભાઈ હેરભા નરેન્દ્રસિંહ જાડેજા રવિભાઈ માંકડીયા જીલ્લા બક્ષીપંચ મોરચા પ્રમુખ દેવરાજભાઈ સરવૈયા મહામંત્રીઓ સાથે ચર્ચા વિમર્શ કરી લોધીકા તાલુકા ભાજપ બક્ષીપંચ મોરચાના હોદેદારો કારોબારી સભ્ય ની નિમણૂક કરવામાં આવેલ છે જેમા ખીરસરા રણમલજી ગામના દશનામ ગોસ્વામી સમાજ નિખિલપરી ગોસાઈ ની લોધીકા તાલુકા ભાજપ બક્ષીપંચ મોરચા મંત્રી તરીકે નિમણૂક કરવામાં આવેલ છે.

# હિંમતનગરના રાયગઢમાં ફુડ સેફટી વિભાગે ૨૦૮ કિલો શંકાસ્પદ ઘીનો જથ્થો કર્યો જપ્ત

## લોકોના સ્વાસ્થ્ય સાથે ચેડા કરનાર ખુબીરામ શર્માની ધરપકડ

**અબતક, સંજય દીક્ષીત, સાંબરકાંઠા**



સાબરકાંઠા જીલ્લામાં ખાદ્ય પદાર્થોમાં ભેળસેળ કરનારા તત્વો સામે તંત્રએ લાલ આંખ કરી છે ત્યારે તાજેતરમાં નકલી દૂધના કૌભાંડ બાદ હવે હિંમતનગર તાલુકાના રાયગઢ ગામેથી નકલી ઘી બનાવવાનું મસમોટું નેટવર્ક ઝડપાતા સમગ્ર પંથકમાં હડકંપ મચી ગયો છે લોકોના સ્વાસ્થ્ય સાથે ચેડાં કરતા ભેળસેળિયાઓ સામે ફૂડ સેફ્ટી વિભાગે કડક કાર્યવાહી હાથ ધરી હતી

આ અંગે સૂત્રો પાસેથી મળતી વિગતો અનુસાર ફૂડ સેફ્ટી વિભાગને બાતમી મળી હતી કે રાયગઢ ગામમાં એક ફૂડ બિઝનેસ ઓપરેટરના ઘરે ગેરકાયદેસર રીતે ઘી બનાવવાની કામગીરી ચાલી રહી છે આ બાતમીના આધારે અધિકારીઓએ દરોડો પાડતા ત્યાંથી વનસ્પતિ ઘી,સોયાબીન તેલ અને શંકાસ્પદ વ્હાઈટ પાવડર મળી આવ્યો હતો આરોપ છે કે આ તમામ વસ્તુઓનું મિશ્રણ કરીને નકલી ઘી તૈયાર કરવામાં આવતું હતું.

તપાસ દરમિયાન ફૂડ વિભાગે ૨૦૮ કિલો જેટલો શંકાસ્પદ જથ્થો કબજે કર્યો હતો જેની અંદાજિત કિંમત ૫૦ હજાર રૂપિયાથી વધુ અંદાજવામાં આવી રહી છે આ મામલે ખુબીરામ શિવચરણ શર્મા નામના શખ્સને ઝડપી પાડી તેની સામે કાયદેસરની કાર્યવાહી શરૂ કરવામાં આવી છે

દિનપ્રતિદિન નકલી દૂધ અને ઘીના કેસો સામે આવતા સામાન્ય માણસના સ્વાસ્થ્ય સાથે ચેડાં થઈ રહ્યા છે અને મોટું જોખમ પણ ઊભું થઈ રહ્યું છે અધિકારીઓએ વિવિધ ખાદ્ય પદાર્થોના સેમ્પલ મેળવી તેને પૃથ્થકરણ માટે સરકારી લેબોરેટરીમાં મોકલી આપ્યા હોવાનું જાણવા મળે છે લેબ રિપોર્ટ આવ્યા બાદ આ મામલે વધુ આકરા પગલાં લેવામાં આવશે તેવું આધારભુત સૂત્રો પાસેથી જાણવા મળી રહ્યું છે તંત્રની આ કામગીરીથી ભેળસેળ કરતા વેપારીઓમાં ફફડાટ ગયો છે.

# ધોરાજી : હોટલ-રેસ્ટોરન્ટમાં એલપીજી ગેસના બાટલાની તપાસનો ધમધમાટ

**અબતક રમણીકટોપીયા ધોરાજી**

ઈરાન ,ઈઝરાઈલ, અમેરિકા યુધ્ધની સ્થિતિ વચ્ચે એલપીજી ગેસની વર્તમાન સ્થિતિને લઈને ધોરાજી માં મામલતદાર ની ટીમ દ્વારા શહેરના હોટલ રેસ્ટોરન્ટ માં ઘરેલુ એલપીજી ગેસ ના બાટલા વપરાતા નથી ને? તેની તપાસ હાથ ધરી છે. શહેરમાં પુરવઠા વિભાગની તપાસથી ફફડાટફેલાયો છે, કેટલીક જગ્યાએ ઘરેલુ ગેસના ઉપયોગની ઘટનાઓ સામે આવતા તંત્રે ધોરણસર કાર્યવાહી હાથ ધરી છે,શહેરમાં હોટલ રેસ્ટોરન્ટમાં એલપીજી ગેસના બાટલાના વપરાશ કે સંગ્રહ કરનારા સામે હજુ પણકડક કાર્યવાહી કરવાના આદેશો જારી કરવામાં આવ્યા છે.

# ધોરાજીમાં પડતર પ્રશ્નોના ઉકેલની માંગ સાથે આંગણવાડી વર્કર હેલ્પર બહેનોએ કર્યું વિરોધ પ્રદર્શન

**અબતક રમણીકટોપીયા ધોરાજી**

ધોરાજી શહેર અને ગ્રામ્ય વિસ્તારમાં આંગણવાડીમાં ફરજ બજાવતા બહેનો અને હેલ્પર દ્વારા વિવિધ માંગણીઓ મુદ્દે આક્રોશભેર નારેબાજી અને પગાર વધારા સહિતના પડતર પ્રશ્નોના ઉકેલ ની માંગસાથે સૂત્રોચાર કર્યા હતા.

આંગણવાડી કાર્યકર બહેનોએ માંગ કરી છે કે હાઈકોર્ટે પણ માનદ વેતનમાં વધારો કરવાનો આદેશ કર્યો છે ત્યારે આંગણવાડી કર્મચારીઓને કોઈપણ પ્રકારની વેતન વૃદ્ધિ મળી નથી ,આંગણવાડી ઉપરાંત કાર્યકરો પાસે વિવિધ પ્રકારની કામગીરી લેવામાં આવે છે અને ઓછા વેતને વધારે કામ અને જવાબદારી નિભાવવી પડે છે, આંગણવાડી કર્મચારીઓ ને યોગ્ય વેતન મળી રહે તે પ્રકારની વ્યવસ્થા ની માંગ કરી સૂત્રોચાર કરી વિરોધ વ્યક્ત કર્યો હતો

# અમદાવાદ પ્લેન દુર્ઘટનામાં ક્ષતિગ્રસ્ત મેડિકલ કોલેજ હોસ્ટેલનું નવું બિલ્ડીંગ બનાવવાનો નિર્ણય

## સ્મારક બનાવવાનું માંડી વાળ્યું: ત્રણ ગણી ક્ષમતા સાથેનું નવું બિલ્ડિંગ રૂ.૧૦૩ કરોડના ખર્ચે બનશે

**અબતક, રાજકોટ**

ગત વર્ષે જુન માસમાં સર્જાયેલી એર ઈન્ડિયા ક્રેશની દુર્ઘટનામાં નુકસાન પામેલા અમદાવાદ મેડિકલ કોલેજ હોસ્ટેલનું પુનર્નિર્માણનું કામ ૩ મહિનામાં કામ શરૂ થશે.ક્રેશ સાઈટ પર કોઈ સ્મારક નહીં બને ટાટા ગ્રુપે ૫૩ કરોડ રૂપિયા ચૂકવ્યા છે. જ્યારે રાજ્ય સરકાર નવી ઈમારત માટે ૫૦ કરોડ રૂપિયાનું રોકાણ કરશે.



અમદાવાદમાં બીજે મેડિકલ કોલેજના હોસ્ટેલ બિલ્ડિંગને એર ઈન્ડિયા ફ્લાઈટના ભયંકર દુર્ઘટનામાં ભારે નુકસાન થયાના નવ મહિના પછી ગુજરાત સરકારે આ સ્થળે એક નવું હોસ્ટેલ સંકુલ બનાવવાનો નિર્ણય લીધો છે. હાલની ઈમારત, જેને અસુરક્ષિત જાહેર કરવામાં આવી છે, તેને તોડી પાડવામાં આવશે અને અગાઉની રહેવાની ક્ષમતા કરતાં ત્રણ ગણી નવી ઈમારત બનાવવામાં આવશે. દુર્ઘટના સ્થળે સ્મારક બનાવવાની શરૂઆતની વાતચીતને પણ નકારી કાઢી હતી. આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રી પ્રફુલ પાનશેરિયાએ જણાવ્યું હતું કે, ''આ સ્થળે કોઈ સ્મારક નહીં હોય કારણ કે તે એક છાત્રાલય હતું અને એક નવી છાત્રાલયની ઈમારત બનાવવામાં આવશે. નુકસાન માટે વળતર ટાટા ગ્રુપ તરફથી મળી ગયું છે. ટાટા ગ્રુપ અને સરકારી ભંડોળ દ્વારા ટ્રાન્સફર કરાયેલા નાણાંનો ઉપયોગ કરીને બીજે મેડિકલ કોલેજ હોસ્ટેલ બિલ્ડિંગનું પુનર્નિર્માણ ટૂંક સમયમાં કરવામાં આવશે. નવી ઈમારતનો ખર્ચ આશરે ૧૦૩ કરોડ રૂપિયા થવાનો અંદાજ છે. ટાટા ગ્રુપે ૫૩ કરોડ રૂપિયા ચૂકવ્યા છે અને રાજ્ય સરકાર આ પ્રોજેક્ટ માટે બીજા ૫૦ કરોડ રૂપિયાનું રોકાણ કરશે. ''હાલની ઈમારતમાં ૯૬ વિદ્યાર્થીઓ રહી શકે છે અને નવી છાત્રાલયમાં ૨૯૨ વિદ્યાર્થીઓને સમાવવાની ક્ષમતા હશે. વિગતવાર પ્રોજેક્ટ રિપોર્ટ તૈયાર છે અને કામ ત્રણ મહિનામાં શરૂ થવાની અપેક્ષા છે. અમે પ્રોજેક્ટ માટે વહીવટી મંજૂરીની રાહ જોઈ રહ્યા છીએ અને તે મળ્યા પછી ટેન્ડર બહાર પાડવામાં આવશે ક્ષમતા વધારવા માટે અગાઉની પાંચ માળની ઈમારતને અગિયાર માળની કરવામાં આવશે.

ગયા વર્ષે ૧૨ જૂનના રોજ એર ઈન્ડિયાના વિમાન દુર્ઘટનામાં અતુલ્યમ સંકુલના ચાર રહેણાંક છાત્રાલય બ્લોક (અતુલ્યમ ૧-૪) અને નજીકની એક અલગ ઈમારતમાંથી ચાલતી એમબીબીએસ વિદ્યાર્થીઓ માટેની છોકરાઓની છાત્રાલયની મેસને અસર થઈ હતી. આ ઈમારતોને ભારે નુકસાન થયું હતું. દુર્ઘટના બાદ, ઈમારતો ખાલી રાખવામાં આવી હતી કારણ કે તેમને બિનઉપયોગી જાહેર કરવામાં આવી હતી.

# શિયાળ બેટ ટાપુને હવે થ્રી ફેઝ લાઈનથી વીજ પુરવઠો મળશે

## ૨૬ કી.મી. વિસ્તારમાં ૩૦ કરોડના ખર્ચે કેબલ બિછાવાશે

**અબતક, ચેતન વ્યાસ, રાજુલા**



જાફરાબાદ તાલુકાના દરિયાઈ વિસ્તારમાં આવેલ શિયાળબેટ ટાપુ માટે મહત્વપૂર્ણ વિકાસનો નિર્ણય લેવામાં આવ્યો છે. પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમિટેડ દ્વારા ટાપુના રહેવાસીઓને સતત વીજ પુરવઠો ઉપલબ્ધ કરાવવા માટે થ્રી ફેઝ લાઈટ આપવાનો પ્રોજેક્ટ હાથ ધરાયો છે.

વર્ષ ૨૦૨૧માં આવેલા વાવાઝોડા દરમિયાન સમુદ્રી કેબલ અને વીજ વાયરોને ભારે નુકસાન પહોંચતા ટાપુનો વીજ પુરવઠો અસરગ્રસ્ત બન્યો હતો. આશરે ૮૫ જેટલા લોકો વસવાટ કરતા આ ટાપુ પર હાલ સુધી સ્થિર વીજ પુરવઠાની સમસ્યા યથાવત રહી હતી. આ પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને પીજીવીસીએલ દ્વારા સમુદ્રની અંદરથી ૧૧ કે.વી. સિંગલ કોર કોપર સબમરીન કેબલ લગભગ ૨૬ કિલોમીટર સુધી બિછાવવા માટે ટેન્ડર પ્રક્રિયા હાથ ધરવામાં આવી હતી. ટેન્ડર પૂર્ણ થયા બાદ એલ-વન બીડર તરીકે અંબાસીપી કંપનીને કામ સોંપવામાં આવ્યું છે. લગભગ ૩૦ કરોડ રૂપિયાના ખર્ચે આ પ્રોજેક્ટને મંજૂરી આપવામાં આવી છે, જેના અંતર્ગત શિયાળબેટ ટાપુને હવે સ્થિર અને ગુણવત્તાસભર થ્રી ફેઝ વીજ પુરવઠો મળશે. આ પ્રોજેક્ટ માટે રાજુલા વિસ્તારના ધારાસભ્ય હીરાભાઈ સોલંકી દ્વારા ગુજરાત વિધાનસભામાં રજૂઆત કરવામાં આવી હતી. પ્રોજેક્ટ પૂર્ણ થયા બાદ ટાપુના રહેવાસીઓને વીજળી સંબંધિત મુશ્કેલીઓમાંથી મોટી રાહત મળશે અને વિકાસને પણ નવી દિશા મળશે.

# સુરત: કારખાનામાં ગેસ સિલિન્ડરમાં બ્લાસ્ટ, બે યુવકના મોત: ૧૧ ઈજાગ્રસ્ત

## શોર્ટ સર્કિટથી આગ લાગી હોવાનું પ્રાથમિક અનુમાન; પોલીસ અને એફએસએલ દ્વારા તપાસ શરૂ

### કારખાનામાં ભીષણ આગ બાદ વિસ્ફોટ થયો, ફાયર ફાઈટર કાફલા સાથે દોડી જઈ ત્રીજા માળના પતરા તોડી શ્રમિકોને રેસ્ક્યુ કર્યા

**અબતક, રાજકોટ**

સુરત શહેરના કાપોદ્રા વિસ્તારમાં આજે વહેલી સવારે ગેસ બ્લાસ્ટ સાથે ફાટી નીકળેલી ભીષણ આગમાં બે કામદારોના મોત નીપજતા અરેરાટી વ્યાપી ગઈ છે. રચના સર્કલ પાસે આવેલા ભરતનગરના મારુતિ ચોક નજીક એક એમ્બ્રોડરીના કારખાનામાં ભીષણ આગ લાગ્યા બાદ બે એલપીજી સિલિન્ડરના ધડાકા થતા અફરાતફરી મચી ગઈ હતી. આ ગમખ્વાર ઘટનામાં બે કામદારોના મોત નીપજ્યા છે, જ્યારે અન્ય ૧૧ જેટલા વ્યક્તિઓ ઈજાગ્રસ્ત થતા

કાપોદ્રા ગૌશાળા પાસે આવેલી જી+૩ (ગ્રાઉન્ડ પ્લસ ત્રણ માળ)ની ઈમારતમાં અચાનક આગ લાગી હતી. જ્યાં વિવિધ ખાતાઓ કાર્યરત છે. જોતજોતામાં આગે વિકરાળ સ્વરૂપ ધારણ કર્યું હતું. ફાયરની ટીમ ઘટનાસ્થળે પહોંચે તે પહેલા જ ઈમારતમાં રાખવામાં આવેલા એલપીજી સિલિન્ડરમાં પ્રચંડ વિસ્ફોટ થયો હતો, જેના કારણે આગ વધુ રૌદ્ર બની હતી. તપાસ દરમિયાન ઘટનાસ્થળેથી કુલ ૮ થી ૯ સિલિન્ડર મળી આવ્યા હતા, જેમાંથી ૩ સિલિન્ડર ફાટ્યા હોવાનું પ્રાથમિક તપાસમાં બહાર આવ્યું છે. બાકીના સિલિન્ડરને ફાયરના જવાનોએ સલામત રીતે બહાર કાઢી મોટી હોનારત ટાળી હતી. બ્લાસ્ટ એટલો પ્રચંડ હતો કે આસપાસની ઈમારતો ધણધણી ઉઠી હતી અને લોકોમાં ભયનો માહોલ ફેલાયો હતો.મળતી માહિતી મુજબ ઈમારતના ત્રીજા માળે પતરાના શેડમાં કેટલાક કામદારો ફસાયા હતા. ૧૦થી વધુ ફાયર ફાઈટરો અને હાઈડ્રોલિક પ્લેટફોર્મની મદદથી જવાનોએ ત્રીજા માળના પતરા તોડી અંદર પ્રવેશ કર્યો હતો. હાલમાં સ્મીમેર હોસ્પિટલ ખાતે કુલ ૧૩ વ્યક્તિ ઈજાગ્રસ્ત થયા હોવાનું જાણવા મળ્યું છે, જેમાંથી ૨ના મોત થયા છે, એટલે કે ટોટલ ૧૧ વ્યક્તિ ઈજાગ્રસ્ત છે અને ૨ના મોત થયા છે.'' ઘટનાની ગંભીરતા જોતા ચાર અલગ-અલગ ફાયર સ્ટેશનની ગાડીઓ તૈનાત કરાઈ હતી. જવાનોએ ભારે જહેમત બાદ આગ પર કાબૂ મેળવી ફસાયેલા લોકોને બહાર કાઢ્યા હતા. આ અકસ્માતમાં જાનહાનિની સાથે મોટા પાયે માલસામાનનું પણ નુકસાન થયું છે. પ્રાથમિક દ્રષ્ટિએ આગ શોર્ટ સર્કિટને કારણે લાગી હોવાનું અનુમાન સેવાઈ રહ્યું છે, પરંતુ વાસ્તવિક કારણ જાણવા માટે પોલીસ અને એફએસએલની ટીમે તપાસ હાથ ધરી છે.

(પહેલા પાનાનું ચાલું)

### સેન્સેક્સ...

આંતરરાષ્ટ્રીય બજારમાં ૧૧૨ ડોલરની સપાટી વટાવી ગયા છે. ઈંધણના ભાવમાં આવેલા આ તોતિંગ ઉછાળાને કારણે રોકાણકારોમાં ભારે ફફડાટ ફેલાયો છે.

આજે સવારે બજાર ખુલતાની સાથે જ ચારેતરફ વેચવાલીનું દબાણ જોવા મળ્યું હતું. સેન્સેકસમાં જોતજોતામાં ૨૦૦૦ પોઈન્ટનો કડાકો બોલાઈ ગયો હતો, જ્યારે નિફ્ટી પણ મોટા ગાબડા સાથે નીચે સરકી ગઈ હતી. ખાસ કરીને પેઈન્ટ્સ, એરલાઈન્સ અને ઓઈલ માર્કેટિંગ કંપનીઓના શેરોમાં ભારે ધોવાણ થયું છે.

ઈરાને સાઉદી અરેબિયા અને કતારના મહત્વના ગેસ અને તેલના પ્લાન્ટ્સ પર હુમલા કરવાની ધમકી આપતા વૈશ્વિક તેલ પુરવઠામાં ૧૦ટકા જેટલો ઘટાડો થવાની ભીતિ સેવાઈ રહી છે. 'સ્ટ્રેટ ઓફ હોર્મુઝ' જેવા મહત્વના દરિયાઈ માર્ગો બંધ થવાના સંકેતોને પગલે ક્રૂડ ઓઈલ આગામી દિવસોમાં ૧૫૦ ડોલર સુધી પહોંચી શકે છે તેવી નિષ્ણાતોની આગાહી છે.

મોંઘવારીના આ કાળા ડિબાંગ વાદળોને કારણે ભારતીય અર્થતંત્ર પર પણ મોટું જોખમ ઊભું થયું છે. જો ક્રૂડના ભાવ આ જ રીતે વધતા રહ્યા તો આગામી દિવસોમાં પેટ્રોલ-ડીઝલના ભાવમાં મોટો વધારો તોળાશે, જેની સીધી અસર સામાન્ય જનતાના ખિસ્સા પર પડશે.

### ચીન ક્રૂડ જહાજો...

લગભગ ૫૦ ટકા જેટલો જંગી ઉછાળો નોંધાયો છે. ભારતે અગાઉ પણ અમેરિકાના દાવાઓ છતાં રશિયન ઓઈલની ખરીદી ક્યારેય સંપૂર્ણપણે બંધ કરી ન હતી, અને હવે આયાતમાં નોંધપાત્ર વધારો જોવા મળી રહ્યો છે.

શિપિંગ વિભાગના સ્પેશિયલ સેક્રેટરી રાજેશ કુમાર સિન્હાએ જણાવ્યું છે કે હોર્મુઝની સામુદ્રધુનીની પશ્ચિમ બાજુએ ફસાયેલા ૨૨ જહાજોમાંથી ૧૧ જહાજોમાં આશરે ૨ લાખ ટન એલએનજી, ૧૬.૭ લાખ ટન ક્રૂડ ઓઈલ અને ૩.૨ લાખ ટન એલપીજી ભરેલો છે. આ જહાજો ફસાયેલા હોવાથી વૈશ્વિક સ્તરે સપ્લાય ચેઈનને માઠી અસર પહોંચી છે અને ભારત તેને પહોંચી વળવા પોતાના પ્રયાસો તેજ કરી રહ્યું છે.

(ચોથા પાનાનું ચાલુ)

### ચૈત્રી નવરાત્રી...

દરમ્યાન માતાજીને શણગાર, આરતી મંદિર સુશોભન કરાયું છે. માઈ ભકતો દર્શનાર્થીઓ માં આશાપુરાના દર્શનમાત્રથી પૂણ્યનું ભાથુ બાંધશે, માતાજીના શ્લોક, શ્રુતિ, ગરબા ગવાશે. તેમજ અનુષ્ઠાન કરવામાં આવેલ છે. વિશાળ સંખ્યામાં માઈભકતો, દર્શન કરવા આવે છે. માં આશાપુરાના દર્શન માત્રથી સૈની મનોકામના પૂર્ણ થાય છે . સમગ્ર મંદિર પરિસરમાં આશાપુરાના નાદથી ગુજી ઉઠશે. માં આશાપુરા મંદિરને રોશની શણગાર ભાવેશભાઈ માનસતા દ્વારા તથા મંડપ ડેકોરેશન જગદીશભાઈ જગદીશ મંડપ સર્વીસ દ્વારા કરવામાં આવેલ છે. તથા માતાજીના મંદિરમાં પુજારી તરીકે વિશ્વેશભાઈ ભટ્ટ તથા પુજારી ભરતભાઈ ભટ્ટ દ્વારા સેવા આપવામાં આવે છે.

માં આશાપુરા ધામ માતાના મઢ કચ્છ ખાતે તા.૧૮.૦૩.૨૦૨૬, બુધવારે ફાગણ વદ અમાસના રોજ રાત્રીના ૦૯:૦૦ કલાકે ઘટસ્થાપન વિધિ રાજાબાવા યોગેન્દ્રસિંહજીના અધ્યક્ષ સ્થાને તેકમજ ગોરમહારાજ દેવકૃષ્ણ જોષી દ્વારા ઘટસ્થાપન વિધિ કરવામાં આવી હતી. માતાજીના ગરબાનુ પુજન, કુંભપુજન વિધિ વિધાન પુજા અર્ચન દ્વારા કરવામાં આવેલ માતાના મઢ જાગીર ટ્રસ્ટઓ ખેગરાજી જાડેજા, પ્રવીણસિંહ વાઢેર, ભુવા દિલુભા ચૌહાણ, ગજુભા ચૌહાણ, તેમજ મયુરસિંહ જાડેજા, સચિનભાઈ, મનુભા જાડેજા, પ્રતાપસિંહ તેમજ સેવકગણ દર્શનાર્થીઓ માઈ ભકતો વિશાળ સંખ્યામાં ઉપસ્થિત રહેલ. દર્શનાર્થીઓને તકલીફ ન પડે તે માટે ટ્રસ્ટીગણ તથા સેવક ગણ દ્વારા સુંદર વ્યવસ્થા કરવામાં આવી છે.

### જિલ્લા ભાજપના ચુંટણી...

અનુભવ ધરાવતા કુશાગ્ર બુદ્ધિજીવી તેમજ ચૂંટણીના ચાણક્ય એવા જીલ્લાના સંયોજક તરીકે જીલ્લા પંચાયતના પૂર્વ પ્રમુખ ભૂપતભાઈ બોદર, સહ-સંયોજક તરીકે જીલ્લા ભાજપ ઉપપ્રમુખ પ્રફુલભાઈ ટોળીયા, અન્ય બે સભ્યો તરીકેજીલ્લા ભાજપ મંત્રી મુકેશભાઈ મેર અનેપૂર્વ જીલ્લા પંચાયત દંડક વિરલભાઈ પનારાને જવાબદારી સોંપવામાં આવી છે.જેમાં રાજકોટ જીલ્લા ભાજપ દ્વારા વહીવટી અનુભવ, સંગઠનાત્મક પ્રવૃત્તિ, સામાજીક જ્ઞાતિ બેલેન્સ તેમજ દરેક વિધાનસભાને પ્રતિનિધિત્વ સાથે સમતોલન જાળવી, પ્રભાવી, દમદાર લોકોને સ્થાનઆપવામાં આવ્યું છે.

### એસટી બસની ફાળવણી...

૨૦૦ નવીન વોલ્વો અને એ.સી. બસો સંચાલનમા મૂકવા પણ આયોજન હાથ ધરેલું છે. સમગ્રતયા ૧૯૬૩ નોન એ.સી તથા ૨૦૦ એ.સી. બસો વિવિધ તબક્કે પ્રજાની સેવામાં મૂકવામાં આવેલી છે. તેમાં હવે આ નવી કુલ ૬૨ કરોડની ૧૮૨ બસો સંચાલનમાં મૂકવા માટે લોકાર્પણ કરવામાં આવી છે.

મુખ્યમંત્રી , નાયબ મુખ્યમંત્રી અને મંત્રીઓએ આ બસ લોકાર્પણ વેળાએ લોકોનું અભિવાદન કરીને શુભેચ્છાઓ પાઠવી હતી. વાહન વ્યવહાર અગ્ર સચિવ હારિત શુક્લા, વાહન વ્યવહાર કમિશનર અને જી.એસ.આર.ટી.સી.ના એમ.ડી. ડો. રાજેન્દ્ર કુમાર તથા એસ.ટી. નિગમના અધિકારીઓ આ અવસરે ઉપસ્થિત રહ્યા હતા.

### દિલીપ સંઘાણી...

વધતી સ્પર્ધાના યુગમાં નવીનતા ડિજિટલ સશક્તિકરણ અને ગ્રાહક કેન્દ્રિત અભિગમ અપનાવવો અત્યંત જરૂરી છે.

મુલાકાત થી કર્મચારીઓમાં ઉત્સાહ અને સકારાત્મક ઊર્જાનો માહોલ જોવા મળ્યો હતો.

ઈફકો ટોકિયોના અધિકારીએ બેઠકના અંતે જણાવ્યું હતુ કે, તેમની કારકિર્દીમાં આ પ્રકારે સંસ્થાના અધ્યક્ષ એક પછી એક અધિકારી, કર્મચારી સાથે બેઠક કરે તે પ્રથમ વાર જોયું, જાણ્યું અને સૌએ ખુશી વ્યક્ત કરી હતી.

(છેલ્લા પાનાનું ચાલુ)

### કલેક્ટર નિર્ણય...

છેઅને અસામાજિક તત્વો તેના પર ગેરકાયદેસર કબજો જમાવે છે. આ ગેરકાયદેસર ટ્રાન્સફર રોકવા અને સાચા માલિકોના હિતોનું રક્ષણ કરવા આ કાયદામાં સુધારો કરવો અત્યંત જરૂરી છે.

આ સુધારાનો હેતુ ''પીડિત વ્યક્તિ'' ની વ્યાખ્યાને વિસ્તૃત કરવાનો પણ છે. મિલકતના ખરીદ-વેચાણમાં સંકળાયેલા પક્ષકારો ઉપરાંત, સરકાર ''નિર્દિષ્ટ વિસ્તારમાં રહેતી વ્યક્તિ'' એટલે કે ત્રીજા પક્ષકારનો પણ કાયદામાં સમાવેશ કરવા માંગે છે. આ ઉપરાંત, એક મોનિટરિંગ અને એડવાઈઝરી કમિટીની રચનાનો પણ પ્રસ્તાવ છે, જે કોઈપણ વિસ્તારમાં કોમી અશાંતિ કે અનૈચ્છિક સ્થળાંતરની શક્યતાઓ અંગે અભ્યાસ કરી સરકારને યોગ્ય સલાહ આપશે.

આ પ્રક્રિયામાં કમિટીને મદદ કરવા માટે સ્પેશિયલ ઈન્વેસ્ટિગેશન ટીમ ની પણ મદદ લેવાશે. વેચાણ પરવાનગીના કેસોની તપાસમાં સીટ કલેક્ટરને મદદ કરી શકશે. જો વેચાણ માટેની પૂર્વ મંજૂરીની જોગવાઈઓનો ભંગ કરવામાં આવશે, તો કલેક્ટર તે મિલકતનો કામચલાઉ કબજો લઈ શકશે. કલેક્ટર આ કાર્યવાહી જાતે (સુઓ મોટો) અથવા કોઈ પીડિત વ્યક્તિની ફરિયાદના આધારે કરી શકશે.

જ્યારે કોઈ મિલકત ટ્રાન્સફર કરનાર વ્યક્તિ મિલકતનો કબજો લેવામાં નિષ્ફળ જાય ત્યારે તેની મિલકતને સુરક્ષિત રાખવા માટે કલમ ૫એ ની પેટા-કલમ (૫) માં સુધારો સૂચવાયો છે. નોંધનીય છે કે, લાંબા સમયથી કોમી રમખાણો અને અશાંતિનો સામનો કરી રહેલા વિસ્તારોમાં સરકાર દ્વારા અશાંત ધારો લાગુ કરવામાં આવે છે, જેથી ડરના માર્યા મિલકતોના ફરજિયાત કે સસ્તા ભાવે વેચાણ પર નિયંત્રણ લાવી શકાય.

### કોર્ટ બહાર છૂટાછેડા...

સમાનતા, ન્યાય અને સામાજિક સુધારણા સુનિશ્ચિત કરવાનો આ પ્રયાસ છે.

આ નવા સૂચિત બિલની જોગવાઈઓ અનુસૂચિત જનજાતિના સભ્યોને લાગુ પડશે નહીં. બિલમાં પુરુષો માટે લગ્નની ઉંમર ૨૧ વર્ષ અને મહિલાઓ માટે ૧૮ વર્ષ નક્કી કરવામાં આવી છે. જો બંનેમાંથી કોઈ પણ ભાગીદાર ભ્રામક માહિતી પૂરી પાડે તો લગ્નને રદબાતલ ગણવામાં આવશે. ધાર્મિક રીતિ-રિવાજો અને પ્રથાઓ મુજબ લગ્ન સમારંભોને મંજૂરી આપતી વખતે, સૂચિત બિલ લગ્ન અને છૂટાછેડાની નોંધણી ફરજિયાત બનાવે છે.

આ કાયદા હેઠળ બહુપત્નીત્વ પર પ્રતિબંધ મૂકવામાં આવ્યો છે. આ જોગવાઈનું ઉલ્લંઘન કરવા બદલ દોષિત ઠરેલ વ્યક્તિને ૭ વર્ષ સુધીની જેલની સજા થઈ શકે છે. બળજબરી કે ધાકધમકીથી કરાવેલા લગ્નમાં પણ દંડ અને ૭ વર્ષ સુધીની કેદની સજા થશે. આ ઉપરાંત નિયમોના પાલન ન કરવા બદલ અથવા નોંધણી ન કરાવવા પર ૧૦,૦૦૦ રૂપિયા સુધીનો દંડ પણ ફટકારવામાં આવી શકે છે.

લિવ-ઈન રિલેશનશિપ મામલે પણ મોટા ફેરફારો સૂચવાયા છે બિલના ડ્રાફ્ટ મુજબ, લિવ-ઈન રિલેશનશિપમાં રહેતા ભાગીદારો માટે તેઓ જે જિલ્લાના રજિસ્ટ્રારના અધિકારક્ષેત્રમાં રહેતા હોય ત્યાં લિવ-ઈન રિલેશનશિપનું નિવેદન સબમિટ કરવું ફરજિયાત રહેશે. લિવ-ઈન રિલેશનશિપનો અંત પણ ઔપચારિક રીતે નોંધાવવો પડશે. લિવ-ઈન રિલેશનશિપમાંથી જન્મેલું કોઈપણ બાળક દંપતીનું કાયદેસરનું બાળક ગણાશે. જો કોઈ મહિલાને તેનો લિવ-ઈન પાર્ટનર છોડી દે છે, તો તે ભરણપોષણનો દાવો કરવા હકદાર રહેશે.

બિલના ડ્રાફ્ટમાં છૂટાછેડા લીધા પછી દંપતી માટે કોઈપણ શરતો વિના ફરીથી લગ્ન કરવા કાયદેસર બનાવવામાં આવ્યા છે છૂટાછેડા લીધેલા જીવનસાથી સાથે ફરીથી લગ્ન કરતા પહેલા કોઈ ત્રીજી વ્યક્તિ સાથે લગ્ન કરવા જેવી શરત (જેને હલાલા પ્રથા કહેવાય છે) ગેરકાયદેસર ગણાશે. આ જોગવાઈઓનું ઉલ્લંઘન કરતી જોવા મળતી વ્યક્તિઓને ૩ વર્ષ સુધીની કેદ અને ૧ લાખ રૂપિયાના દંડની સજા થઈ શકે છે.

### કોર ગ્રુપ...

મહામંત્રી અને ધારાસભ્યને કોર ગ્રુપમાં સભ્ય તરીકે સ્થાન આપવામાં આવ્યું છે. હવે માત્ર પાર્લામેન્ટરી બોર્ડના સભ્યોના નામ જાહેર કરવાના બાકી છે.

ભાજપના હાઈકમાન્ડ સાથે ચર્ચા-વિચારણા કર્યા બાદ પ્રદેશ ભાજપના કોર ગ્રુપના ૧૧ સભ્યોના નામ ગઈકાલે સાંજે જાહેર કરવામાં આવ્યા છે.જેમાં મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલ (કર્ણાવતી) પ્રદેશ ભાજપ અધ્યક્ષ જગદીશભાઈ વિશ્વકર્મા (કર્ણાવતી), કેન્દ્રીય જળશકિત મંત્રી અને પૂર્વ પ્રદેશ ભાજપ અધ્યક્ષ સી.આર. પાટીલ (સુરત શહેર), નાયબ મુખ્યમંત્રી હર્ષભાઈ સંઘવી (સુરત શહેર) પ્રદેશ ભાજપ સંગઠન મહામંત્રી રત્નાકરજી (ગાંધીનગર શહેર), રાજ્ય સરકારના પ્રવકતા મંત્રી જીતુભાઈ વાઘાણી, (ભાવનગર શહેર), કેબીનેટ મંત્રી ઋષિકેશભાઈ પટેલ (મહેસાણા), પ્રદેશ ભાજપ અનુસુચિત જન જાતિ મોરચાના પ્રમુખ અને ધારાસભ્ય ગણપતસિંહ વસાવા (સુરત જિલ્લો), રાજય સરકારના મંત્રી દર્શનાબેન વાઘેલા (કર્ણાવતી), પૂર્વ મંત્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમા (અમદાવાદ જિલ્લો) અને આઈ.કે. જાડેજા (સુરેન્દ્રનગર)નો કોર ગ્રુપમાં સ્થાન આપવામાં આવ્યું છે.

એક સમયે સરકાર અને સંગઠનમાં રાજકોટનો સિક્કો પડતો હતો પરંતુ રાજકોટના નેતાઓ જુથવાદના દબદબામાં ફસાય ગયા છે. જેના કારણે સરકાર અને સંગઠનમાંથી રાજકોટનું નામુ નખાય ગયું છે. સરકાર અને સંગઠન વચ્ચે સંકલનની મહત્વપૂર્ણ કડી મનાતા કોર ગ્રુપમાં પણ રાજકોટને સંપૂર્ણ પણે સાઈડ લાઈન કરી દેવામાં આવ્યું છે. સૌરાષ્ટ્રના બે નેતાઓને કોર ગ્રુપમાં સ્થાન આપવામાં આવ્યું છે.

### ભાજપના કાર્યકરો...

જિલ્લા, મહાનગર તથા મંડલ કક્ષાએ કરવાની થતી પૂર્વ તૈયારીઓ અંગે આગેવાનો સાથે પરસ્પર સંવાદ કરી માર્ગદર્શન આપ્યું હતું. જગદીશભાઈ વિશ્વકર્માએ પ્રવાસ, પરિચય અને પરિશ્રમ થકી સંવાદ, સંપર્ક અને સંકલનને વધુ મજબૂત બનાવવા આહવાન કર્યું હતું.

પ્રદેશ સંગઠન મહામંત્રી રત્નાકરજીએ આગામી સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીઓને ધ્યાનમાં રાખીને કાર્યકર્તાઓને મહત્વપૂર્ણ સંગઠનાત્મક માર્ગદર્શન આપ્યું હતુ અને જણાવ્યું હતુ કે, ગુજરાતમાં ભાજપાએ દરેક ચૂંટણીમાં ઉદાહરણરૂપ વિજયની પરંપરા સ્થાપિત કરી છે અને આ પરંપરાને આગળ વધારવા માટે ભાજપા આ ચૂંટણીમાં પણ સંપૂર્ણ શક્તિ સાથે ચુંટણી મેદાનમાં ઉતરશે. તેમણે જણાવ્યું કે, સંઘે શક્તિ કલયુગેના મંત્ર સાથે સામૂહિક પ્રયાસો અને સંકલ્પ જ સફળતાની ચાવી છે. આવનારા સમયમાં ભાજપા દ્વારા ઘર-ઘર સુધી પહોંચવા માટે મહાસંપર્ક અભિયાન શરૂ કરવામાં આવશે, જેના માધ્યમથી જનસંપર્કને વધુ મજબૂત બનાવવામાં આવશે. સચોટ અને અસરકારક ચૂંટણી વ્યૂહરચના અમલમાં મૂકવા અંગે તેમણે વિસ્તૃત માર્ગદર્શન આપ્યું હતું.

પ્રદેશ ચુંટણી સંચાલન સમિતિના ઈન્ચાર્જ ગોરધનભાઈ ઝડફિયાએ બેઠકમાં જણાવ્યું હતું કે, આગામી સમયમાં સ્થાનિક સ્વરાજ્યની ચુંટણીનો શંખનાદ થવાનો છે ત્યારે ભાજપા કાર્યકર્તાઓ તેમાં પ્રચંડ વિજય મેળવવા તૈયાર છે. તેઓએ કહ્યું કે ભાજપા કાર્યકરોનું ઘડતર તે પ્રકારે થયેલ છે કે તેઓ વિધાનસભા, લોકસભા કે સ્થાનિક સ્વરાજ્યની કોઈ પણ ચૂંટણી માટે હંમેશા તૈયાર હોય છે. સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓ લોકશાહીનો પ્રાણ છે. તેઓએ આગામી સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણી માટેના વ્યવસ્થાપન અંગે વિસ્તૃત છણાવટ કરી જરૂરી માહિતી આપી હતી. તેઓએ જણાવ્યું કે આગામી ૨૬ માર્ચ સુધીમાં ચુંટણી વ્યવસ્થા સંદર્ભે જિલ્લા તેમજ મંડલ બેઠકો પૂર્ણ કરવામાં આવશે. ૨૯ માર્ચે પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદીજીના મન કી બાત કાર્યક્રમ અંતર્ગત આ વખતે 'મન કી બાત ટિફિન કે સાથ' કાર્યક્રમનુ મંડલ સ્તરે આયોજન કરવામાં આવશે. ભાજપા દ્વારા ૬ એપ્રિલે ભાજપા સ્થાપના દિનની ઉજવણી તેમજ ૧૪ એપ્રિલે ડો.બાબાસાહેબ આંબેડકરની જન્મ જયંતીની ઉજવણી કરવામાં આવશે.

આજની બેઠકમાં પ્રદેશ મહામંત્રી પ્રશાંતભાઈ કોરાટે સ્વાગત પ્રવચન, અનિરૂદ્ધભાઈ દવેએ બેઠક સંચાલન તેમજ હિતેન્દ્રસિંહ ચૌહાણએ આભારવિધિ કરી હતી. પ્રદેશ મહામંત્રી અજયભાઈ બ્રહ્મભટ્ટ પણ આજની બેઠકમાં ઉપસ્થિત રહ્યા હતાં.

### મિલેટ મહોત્સવ...

વિઝનને સાકાર કરવાના ઉમદા હેતુ સાથે ''ધરતીનું સોનું - શ્રી અન્ન અપનાઓ, સ્વસ્થ જીવન પાઓ''ના સૂત્ર હેઠળ આ મહોત્સવનું આયોજન કરવામાં આવ્યું છે.

તેમણે વધુમાં જણાવ્યું હતું કે, રાજ્ય કક્ષાનો મુખ્ય મિલેટ મહોત્સવ કાર્યક્રમ અમદાવાદના સાબરમતી રિવરફ્રન્ટ ખાતે યોજાશે, જેની સાથે જ રાજ્યની અન્ય સુરત, વડોદરા, રાજકોટ, ગાંધીનગર, ભાવનગર, જામનગર, જૂનાગઢ, નવસારી, વાપી, નડિયાદ, મહેસાણા, સુરેન્દ્રનગર, મોરબી, પોરબંદર અને ગાંધીધામ મહાનગરપાલિકા ખાતે પણ એકસાથે આ મહોત્સવની ઉજવણી કરવામાં આવશે. અન્ય મહાનગરપાલિકામાં આયોજિત મિલેટ મહોત્સવમાં વિવિધ મંત્રીઓ અને મહાનુભાવો ઉપસ્થિત રહી ઉત્સાહવર્ધન કરશે.

આ બે દિવસીય મહોત્સવ અંતર્ગત અમદાવાદ રિવરફ્રન્ટ ખાતે અંદાજે ૮૫ સ્ટોલ અને રાજ્યના અન્ય શહેરોમાં કુલ ૬૨૦ સ્ટોલ વિવિધ ખેડૂત મંડળીઓ, એફ.પી.ઓ. અને વ્યક્તિગત ખેડૂતોને કોઈપણ જાતના ભાડા વિના એટલે કે, વિનામૂલ્યે ફાળવવામાં આવ્યા છે. આ આયોજનના માધ્યમથી ખેડૂતોને તેમના મિલેટ ઉત્પાદનો સીધા ગ્રાહકો સુધી પહોંચાડવા અને મધ્યસ્થીઓ દૂર કરી યોગ્ય ભાવ અપાવવા માટેનું એક સબળ પ્લેટફોર્મ પૂરું પાડવામાં આવ્યું છે

મિલેટ મહોત્સવને નાગરીકો માટે આકર્ષણનું કેન્દ્ર ગણાવતા મંત્રીએ કહ્યું હતું કે, નાગરિકો માટે આ મહોત્સવમાં મિલેટ પ્રદર્શની, ફૂડ ફેસ્ટ, કૃષિ-ટેક ઝોન, એગ્રી-સ્ટાર્ટઅપ અને મહિલા ઉદ્યોગ સાહસિકોના સ્ટોલ વિશેષ આકર્ષણનું કેન્દ્ર બનશે. આ મહોત્સવની મુલાકાત લેતા નાગરીકો અહીં મિલેટની શુદ્ધ બનાવટોની ખરીદી કરવાની સાથે-સાથે તેની તાજી અને પૌષ્ટિક વાનગીઓનો લ્હાવો પણ માણી શકશે. રાજ્યના મહાનગરોમાં વસતા નાગરિકોને આ મહોત્સવની અચૂક મુલાકાત લેવા માટે મંત્રીએ અનુરોધ કર્યો હતો.

શ્રી અન્ન અને પ્રાકૃતિક ખેતીને એકબીજાના પૂરક ગણાવતા મંત્રીએ વધુમાં ઉમેર્યું હતું કે, મિલેટ ઓછા પાણી અને રાસાયણિક ખાતર વગર ઉગી શકતા હોવાથી તે ગૌ-આધારિત ખેતી માટે અત્યંત ઉત્તમ છે. ગુજરાતમાં વધી રહેલા પ્રાકૃતિક ખેતીના વ્યાપને પ્રોત્સાહન આપી ધરતી માતાની રક્ષા કરવાનો મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલના નેતૃત્વ હેઠળની રાજ્ય સરકારનો મુખ્ય આશય છે. ખેડૂતોની આવકમાં સીધો વધારો કરવાના પ્રયાસરૂપે યોજાનારો આ મહોત્સવ ગુજરાતના કૃષિ ક્ષેત્રે નવી ક્રાંતિ લાવશે,

### ધારાસભ્યોના સુચનો-રજૂઆતો...

યોજનાઓ અને નીતિઓનો લાભ સરળતાથી મળે તે સુનિશ્ચિત કરવાનો છે. સમયાંતરે અનેક નીતિઓ અને યોજનાઓમાં જરૂરી સુધારા ધારાસભ્યો દ્વારા ગૃહમાં રજૂ કરવામાં આવતા હોય છે. મુખ્યમંત્રીના આ નિર્ણયથી રાજ્ય સરકારની કામગીરીમાં વધુ પારદર્શિતા આવશે અને પ્રજાના પ્રશ્નોનો ઝડપી ઉકેલ આવશે. રાજ્ય સરકાર પ્રજાની આશા અને અકાંક્ષાઓને પૂર્ણ કરવા માટે મક્કમતા સાથે આગળ વધી રહી છે અને આ નિર્ણય વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના ''સૌનો સાથ, સૌનો વિકાસ''ના મંત્રને વધુ સાર્થક કરશે.

### માવઠુ...

ફૂંકાવાના કારણે વાતાવરણમાં ઠંડક ફેલાઈ ગઈ છે. અનેક જગ્યાએ ઝાડની ડાળીઓ પણ તૂટી પડી છે. ભારે પવન ફૂંકાતા ઉજાલા અને વણઝર વિસ્તારમાં લાઈટ પણ ગુલ થઈ ગઈ હતી.બીજી તરફ હિંમતનગરમાં પણ ભારે પવન ફૂંકાતા ધૂળની ડમરીઓ ઉડવાની સાથે કેટલાક વિસ્તારમાં વીજ પુરવઠો ખોરવાયો હતો. તો વિસનગરમાં અનેક દુકાનોના શેડ ધરાશાયી થયા છેઅને હોર્ડિંગ પણ ઉડ્યા છે. બનાસકાંઠાના કાંકરેજ અને ઓગડ સહિતના પંથકોમાં કમોસમી વરસાદ ખાબક્યો છે.

આજે બનાસકાંઠા, પાટણ, પંચમહાલ, ભરૂચ, સુરત, ડાંગ, તાપી, નવસારી, વલસાડ, દમણ, દાદરા નગર હવેલી,

સુરેન્દ્રનગર, રાજકોટ, જામનગર, પોરબંદર, જૂનાગઢ, અમરેલી, ભાવનગર, મોરબી, દ્વારકા, ગીર સોમનાથ, બોટાદ અને કચ્છ સહિત રાજ્યના ૨૯ જિલ્લામાં ભારે પવન અને ગાજવીજ સાથે કમોસમી વરસાદની આગાહી કરવામાં આવી છે જ્યારે આવતીકાલે બનાસકાંઠા, સાબરકાંઠા, અરવલ્લી, દાહોદ, મહીસાગર, કચ્છમાં કમોસમી વરસાદની આગાહી કરવામાં આવી છેકાલથી વાતાવરણ ચોખ્ખું થઈ જશે.

**જામનગર:** જામનગર જિલ્લાના વાતાવરણમાં ગઈકાલે સાંજે અચાનક પલટો જોવા મળ્યો હતો. લાલપુર તાલુકાના ગ્રામ્ય વિસ્તારોમાં ઉનાળાની કાળઝાળ ગરમી વચ્ચે અચાનક કરા સાથે કમોસમી વરસાદ વરસતા જનજીવન પ્રભાવિત થયું હતું. પવન અને ગાજવીજ સાથે પડેલા આ વરસાદને કારણે સમગ્ર પંથકમાં ઠંડક પ્રસરી ગઈ હતી.

લાલપુર તાલુકાના અપિયા, બબરજર, ટેભડા અને ગોવાણા સહિતના ગ્રામ્ય વિસ્તારોમાં જોરદાર પવન સાથે વરસાદી ઝાપટાં પડ્યા હતા. કેટલાક વિસ્તારોમાં ટૂંકા સમય માટે અત્યંત વેગવંતો વરસાદ વરસ્યો હતો. ભર ઉનાળે કરા સાથે માવઠું પડતા એકતરફ લોકોને ગરમીથી રાહત મળી હતી, તો બીજી તરફ ખેતી ક્ષેત્રે ચિંતાના વાદળો છવાયા છે.

અચાનક આવેલા આ વરસાદ અને પવનને કારણે ઉભા પાકને નુકસાન થવાની ભીતિ સેવાઈ રહી છે, જેને પગલે જગતનો તાત મુશ્કેલીમાં મુકાયો છે. પંથકમાં પલટાયેલા આ હવામાનને કારણે વાતાવરણમાં ઠંડક તો પ્રસરી છે, પરંતુ ખેડૂતોમાં પોતાના પાકને લઈને ભારે ચિંતા જોવા મળી રહી છે.

**બગસરા:** બુધવારે બપોર બાદ અમરેલી જિલ્લાના બગસરા પંથકમાં અચાનક વાતાવરણમાં પલટો આવ્યો હતો અને કમોસમી વરસાદ ખાબક્યો હતો. સમગ્ર પંથકમાં સવારથી જ વાદળછાયું વાતાવરણ જોવા મળ્યું હતુ જે બાદ પવન અને કરા સાથે વરસાદ તૂટી પડ્યો હતો. આ કમોસમી માવઠાને કારણે બગસરા શહેરના મુખ્ય રસ્તાઓ પર પાણી ફરી વળ્યા હતા જેના લીધે વાહનચાલકો અને રાહદારીઓને ભારે હાલાકી ભોગવવી પડી હતી. માત્ર શહેરમાં જ નહીં પરંતુ આસપાસના ગ્રામ્ય વિસ્તારોમાં પણ વરસાદના વાવડ મળતા ખેતીકામમાં રોકાયેલા લોકો મુશ્કેલીમાં મુકાયા હતા. ખાસ કરીને ખેતરોમાં તૈયાર થયેલા ઘઉં જેવા શિયાળુ પાકોને આ વરસાદથી ભારે નુકસાન થવાની ભીતિ સેવાઈ રહી છે. ખેડૂતોએ રાત-દિવસ મહેનત કરીને પકવેલો પાક લણણી સમયે જ પલળી જતાં ખેડૂતોને આર્થિક નુકસાની સહન કરવાનો વારો આવ્યો છે.

## દુ:ખદ અવસાન

**સદ્‌ગતના આત્માને શાંતિ અને સ્વજનને સધિયારો મળે એ જ પ્રભુ પ્રાર્થના**

રાજકોટ: સુનિલભાઈ બચુભાઈ જારિયા (ઉ.વ.૪૦) નું તા. ૧૮ ને બુધવારના રોજ અવસાન થયેલ છે. સદગતનું બેસણું તા. ૨૦ ને શુક્રવારે સાંજે ૫ થી ૭ દરમિયાન નિવાસ સ્થાન ક્રિષ્ના બંગ્લોઝ, શેરી નં.૧ હોટલ એડીબીની સામે, મેરીગોલ્ડ બિલ્ડીંગની બાજુમાં, માધાપર બેડી હાઈવે રાજકોટ ખાતે રાખેલ છે.

**રાજકોટ:** મુળ માંગરોળ નિવાસી હાલ રાજકોટ અભય ધીરજલાલ દોશી (ઉ.વ.૭૧) તે સ્વ. ધીરજલાલ વખતચંદ દોશી, સ્વ. મધુરીકાબેન ધીરજલાલ દોશીના પુત્ર, સ્વ. રશ્મિબેન દોશીના પતિ, સ્વ. હરકિશનભાઈ નાગરદા ઢેઢી ગોંડલના જમાઈ, સ્વ. સુરભીબેન રાજેન્દ્રભાઈ ધુલિયા, લીનાબેન દીપકભાઈ શેઠ, જાગૃતિબેન દીપકભાઈ કામદાર, વર્ષાબેન કિરણભાઈ શાહ, ભકિતબેન અશોકભાઈ ગાંધી, દીપકભાઈ દોશી (સન્મતિ ફાઈલ), હેમલભાઈ દોશી (ઈન્કમટેકસ ઓફીસ)ના મોટા ભાઈ, હિતાબેન, કાજલબેનના જેઠ, સિધ્ધાંત કરન, નિધીના ભાઈજીનું તા. ૧૬ ને સોમવારના રોજ અવસાન થયેલ છે.

**ગોંડલ:** ગોંડલ નિવાસી ગૌ.વા.સોની હરિલાલ ફુલચંદ લાઠીગરાના પુત્ર સ્વ. લલીતભાઈ (ઉ.વ.૮૫) તે સ્વ. હિતેષભાઈ, સ્વ. નિલેશભાઈ, કલ્પેશના પિતાનું તા ૧૮ ને બુધવારના રોજ અવસાન થયેલ છે. કલ્પેશભાઈ મો. નં. ૮૭૮૦૪ ૮૦૭૯૧, કમલેશભાઈ મો.નં. ૮૧૨૮૨ ૯૬૦૮૦ અને અતુલભાઈ મો.નં. ૯૫૮૬૭ ૫૮૮૭૩ છે.

Editor, Printer and Publisher: Satishbhai Shantilal Mehta, Owner: Arham Publication - Rajkot, Printed and Published from Arham Publication, Abtak Media House, Rashtriya Shala Road, Rajkot - 360001, Gujarat.

સ્પોર્ટ્સ અબતક

# આઈપીએલની અત્યાર સુધીની સૌથી મોટી સીઝનઃ ૧૦ ટીમ વચ્ચે ૮૪ મેચ રમાશે

## ૧૦ ટીમ વચ્ચે દેશભરના ૧૩ અલગ-અલગ સ્થળોએ ૬૪ દિવસ સુધી ચોગ્ગા-છગ્ગાનો રોમાંચ જોવા મળશેઃ ૨૮મીથી બેંગ્લોર અને હૈદ્રાબાદ વચ્ચે પ્રથમ જંગ




**અબતક, રાજકોટ**


૧૦ દિવસ પછી, એટલે કે ૨૮ માર્ચની સાંજે જ્યારે બેંગલુરુના એમ. ચિન્નાસ્વામી સ્ટેડિયમમાં ટોસ માટે સિક્કો ઉછળશે, ત્યારે ભારતમાં માત્ર એક ટુર્નામેન્ટ નહીં, પરંતુ એક 'તહેવાર'ની શરૂઆત થશે.આઈપીએલની ૧૯મી સીઝન તેના અત્યાર સુધીના સૌથી ભવ્ય અને લાંબા અવતારમાં સામે આવી રહી છે. આ સીઝન છેલ્લા ૧૮ વર્ષના ઈતિહાસથી અલગ છે.

આ વખતે ૧૦ ટીમ વચ્ચે કુલ ૮૪ મેચ રમાશે, જે તેને અત્યાર સુધીની સૌથી મોટી સીઝન બનાવશે. પહેલાં વધુમાં વધુ ૭૪ મેચ થતી હતી. ૧૦ ટીમ વચ્ચે દેશભરના ૧૩ અલગ-અલગ સ્થળોએ ૬૪ દિવસ સુધી ચોગ્ગા-છગ્ગાનો રોમાંચ જોવા મળશે. નવી સીઝન માટે તમામ ૧૦ ટીમે તૈયારીઓ તેજ કરી દીધી છે અને પ્રી-સીઝન ટ્રેનિંગ કેમ્પ દ્વારા ખેલાડીઓ મેચ મોડમાં આવવાનો પ્રયાસ કરી રહ્યા છે. વર્લ્ડ કપ પૂરો થયાના બરાબર ૨૦ દિવસ પછી આઈપીએલ શરૂ થઈ રહી છે. આવા સમયે, બીસીસીઆઈ અને આઈપીએલ ફ્રેન્ચાઈઝીઓ મળીને ઘણા મુખ્ય ખેલાડીઓના વર્કલોડ પર પણ નજર રાખી રહી છે.છેલ્લા કેટલાક વર્ષોમાં ટીમ ગ્રુપમાં વહેંચાયેલી હતી, પરંતુ આ વખતે ટુર્નામેન્ટ તેના 'ઓરિજિનલ' અને સૌથી નિષ્પક્ષ ફોર્મેટ એટલે કે ડબલ રાઉન્ડ રોબિન તરફ પરત ફરી રહી છે. એનો અર્થ એ છે કે દરેક ટીમ બીજી ટીમ સામે બે વાર (હોમ અને અવે) ટકરાશે.આઈપીએલમાં ચાર વર્ષ પછી આ ફોર્મેટની વાપસી થઈ રહી છે. આ એટલા માટે ખાસ છે કારણ કે પોઈન્ટ્સ ટેબલમાં કોઈ પણ ટીમને 'આસાન ગ્રુપ'નો ફાયદો નહીં મળે. પ્લે-ઓફમાં પહોંચવા માટે ટીમને દરેક વિરોધી સામે પોતાની તાકાત સાબિત કરવી પડશે.

## આઈપીએલમાં ટીમ સાથે મોડેથી જોડાવા માટે માર્કો યાનસેનને મંજૂરી

ઈન્ડિયન પ્રીમિયર લીગ (આઈપીએલ)ની ટીર૦ ક્રિકેટ ટુર્નામેન્ટની ફ્રેન્ચાઈઝી પંજાબ કિંગ્સના ચીફ કોચ રિકી પોન્ટિંગે બુધવારે સાઉથ આફ્રિકાના ઓલરાઉન્ડર માર્કો યાનસેનને આ લીગ માટે મોડા આવવાની મંજૂરી આપી હતી. તાજેતરમાં ભારતમાં યોજાયેલા આઈસીસી ટીર૦ ક્રિકેટ વર્લ્ડ કપ બાદ લોજિસ્ટિકલ સમસ્યાઓને કારણે ભારત છોડવામાં ઘણી ટીમને વિલંબ થયો હતો જેમાં સાઉથ આફ્રિકન ટીમ પણ સામેલ હતી અને આ વિલંબને કારણે પોન્ટિંગે આ નિર્ણય લીધો હતો. પશ્ચિમ એશિયામાં હાલમાં ચાલી રહેલા સંઘર્ષને કારણે દુબઈ અને અબુધાબી જેવા મુખ્ય એરપોર્ટ્સ પર કામગીરી મર્યાદિત બની છે. આ કારણે સાઉથ આફ્રિકા અને વેસ્ટ ઈન્ડિઝના ખેલાડીઓ વર્લ્ડ કપ પૂરો થયા પછી એક સપ્તાહથી વધુ સમય સુધી ભારતમાં જ ફસાયેલા રહ્યા હતા.વેસ્ટ ઈન્ડિઝના કોચ ડેરેન સેમ્મી અને સાઉથ આફ્રિકાના બેટર ડેવિડ મિલરે પણ સોશિયલ મીડિયા પર આ વિલંબ અંગે નારાજગી વ્યક્ત કરી હતી. પંજાબ કિંગ્સ માટે મહત્વનો ખેલાડી માર્કો યાનસેન હવે ૨૬મી માર્ચે ટીમ સાથે જોડાશે. જ્યારે રિકી પોન્ટિંગ અને અન્ય વિદેશી ખેલાડીઓ ૨૧મી માર્ચે પહોંચશે. દરમિયાન અફઘાનિસ્તાનનો ઓલરાઉન્ડર અઝમતુલ્લા ઓમરઝાઈ કાબુલથી ૨૩મી માર્ચે ટીમ સાથે જોડાશે.

## સનરાઈઝર્સ હૈદરાબાદે ઈશાન કિશનને શરૂઆતની મેચમાં કેપ્ટન બનાવ્યો



સનરાઈઝર્સ હૈદરાબાદે ઈશાન કિશનને આઈપીએલ ૨૦૨૬ની શરૂઆતની મેચો માટે કેપ્ટન બનાવ્યો છે. તેઓ ટીમના નિયમિત કેપ્ટન પેટ કમિન્સની ગેરહાજરીમાં ટીમની કમાન સંભાળશે. ટીમને ૨૮ માર્ચે રોયલ ચેલેન્જર્સ બેંગલુરુના ઘરમાં આઈપીએલ સિઝનની પ્રથમ મેચ રમવાની છે.સનરાઈઝર્સની ફ્રેન્ચાઈઝીએ બુધવારે સોશિયલ પ્લેટફોર્મ એક્સ પર પોસ્ટ કરીને ચાહકોને આ માહિતી આપી. ફ્રેન્ચાઈઝીએ લખ્યું- 'પેટ કમિન્સ ઈજામાંથી સાજા થવા દરમિયાન કેટલીક મેચો ચૂકી જશે. તેઓ સંપૂર્ણપણે ફિટ ન થાય ત્યાં સુધી ઈશાન કિશન ટીમના કેપ્ટન અને અભિષેક શર્મા ઉપ-કેપ્ટન રહેશે.

# વૈભવ સૂર્યવંશી રાજસ્થાન માટે "ટ્રમ્પ કાર્ડ" સાબિત થશેઃ કોચ સિદ્ધાર્થ લહિરી

## ૨૦૨૬ના આઈપીએલમાં વૈભવ એવા રેકોર્ડ તોડશે જે અવિશ્ર્વસનીય હશેઃ રાજસ્થાનના પર્ફોમન્સ કોચનું મોટું નિવેદન



**અબતક, રાજકોટ**

રાજસ્થાન રોયલ્સએ તાજેતરમાં યુવા પ્રતિભાઓ પર ભાર મૂકીને સફળતા મેળવવાનો પ્રયાસ કર્યો છે અને તેમાં સૌથી આગળ છે વૈભવસૂર્યવંશી. માત્ર ૧૪ વર્ષનો ક્રિકેટર એવો 'ફ્રીક' (અસાધારણ પ્રતિભા) છે કે જેના વિશે આરઆરના પર્ફોર્મન્સ કોચ સિદ્ધાર્થ લહિરીએ કહ્યું છે, તેમાં અદ્ભુત ક્ષમતા છે, તે એક ફ્રીક છે. ૧૪ વર્ષની ઉંમરે આટલી પ્રતિભા! તે પોતાનું જીવન ક્રિકેટને સમર્પિત કરી દીધું છે અને ખાસ કરીને બેટિંગને પ્રેમ કરે છે. તે ફક્ત બેટિંગ જ જાણે છે અને બેટિંગ જ કરવા માગે છે.

વૈભવની આ અસાધારણ પ્રતિભા તેની આઈપીએલ ઈતિહાસ રચવા માટે પ્રેરિત કરી રહી છે. તે આઈપીએલના ઈતિહાસમાં સૌથી નાની ઉંમરે ડેબ્યૂ કરનાર ખેલાડી બન્યા હતા. તેમણે લખનઊ સુપર જાયન્ટ્સ સામે ઈમ્પેક્ટ સબસ્ટિટ્યૂટ તરીકે પ્રવેશ કરીને પહેલા બોલ પર જ સિક્સર ફટકારી હતી અને ૨૦ બોલમાં ૩૪ રન બનાવ્યા હતા.પણ તેમની સૌથી મોટી સિદ્ધિ તો આઈપીએલ ૨૦૨૫માં ગુજરાત ટાઈટન્સ સામે આવી, જ્યારે તેમણે માત્ર ૩૮ બોલમાં ૧૦૧ રન ફટકારીને આઈપીએલના ઈતિહાસમાં સૌથી ઝડપી સદી ફટકારનાર બેટર બન્યો.

બિહારના આ યુવા ખેલાડીએ ૧૨ વર્ષની ઉંમરે રણજી ટ્રોફીમાં ડેબ્યૂ કર્યું હતું અને આઈપીએલ ઓક્શનમાં રાજસ્થાન દ્વારા ₹૧.૧ કરોડમાં ખરીદાયા હતા. જે આઈપીએલ ઈતિહાસમાં સૌથી નાની ઉંમરે કોન્ટ્રાક્ટ મેળવનાર ખેલાડી બન્યા. તે લેફ્ટ-હેન્ડેડ બેટ્સમેન છે અને તેની બેટિંગ શૈલી એટલી આકર્ષક છે કે લોકો કહે છે કે તે માત્ર બેટિંગ જ સમજે છે.રાજસ્થાનના એકેડમી કોચ અને બેકરૂમ સ્ટાફ તેને ભવિષ્યનો મોટો સ્ટાર માને છે. સિદ્ધાર્થ લહિરીએ વધુમાં કહ્યું, આપણે આશા રાખીએ છીએ કે તે એવી બાબતો કરશે જે જોવામાં અવિશ્ર્વસનીય લાગે. વૈભવ હાલમા આઈપીએલ ૨૦૨૬ માટે પણ તૈયારી કરી રહ્યા છે અને તેમના પિતા પણ તેમની સાથે છે.આ ૧૪ વર્ષીય 'ફ્રીક' ક્રિકેટની દુનિયામાં નવો યુગ લાવી રહ્યા છે. જ્યાં ઉંમર માત્ર એક આંકડો છે અને બેટિંગ તેમની ભાષા છે!

# આઈપીએલમાં શ્રેષ્ઠ પ્રદર્શન કરી પંત ટીમ ઈન્ડિયામાં ફરી જગ્યા બનાવી શકશે?

## લખનઉ સુપર જાયન્ટ્સના કેપ્ટન રિષભ પંતે મુંબઈના બ્રેબર્ન સ્ટેડિયમમાં ભારતના ભૂતપૂર્વ ઑલરાઉન્ડર યુવરાજ સિંહની દેખરેખ હેઠળ ૪ દિવસ તાલીમ લીધી



**અબતક, રાજકોટ**

ઈન્જરી જેવાં કારણોસર મેન્સ ટીર૦ વર્લ્ડ કપ ૨૦૨૬ ચૂકી ગયા બાદ આઈપીએલ ઈતિહાસનો સૌથી મોંઘો ૨૭ કરોડ રૂપિયાનો ખેલાડી રિષભ પંત હવે મેદાન પર ફરી વાપસી માટે તૈયાર છે. રિષભ પંતે આઈપીએલ ૨૦૨૬ પહેલાં મુંબઈમાં યુવરાજ સિંહ સાથે ટ્રેઈનિંગ સેશનમાં ભાગ લીધો એનો શાનદાર વિડિયો શેર કર્યો હતો.

લખનઉ સુપર જાયન્ટ્સના કેપ્ટન રિષભ પંતે મુંબઈના બ્રેબર્ન સ્ટેડિયમમાં ભારતના ભૂતપૂર્વ ઑલરાઉન્ડર યુવરાજ સિંહની દેખરેખ હેઠળ ૪ દિવસ તાલીમ લીધી હતી. પોતાની ટેક્નિક, ચપળતા અને પાવરહિટિંગ પર ધ્યાન કેન્દ્રિત કરીને રિષભ પંત આઈપીએલ ૨૦૨૬ પહેલાં પોતાનું જૂનું ફોર્મ પાછું મેળવવાના લક્ષ્ય સાથે જોરદાર તૈયાર કરી રહ્યો છે. યુવરાજ સિંહ આ અગાઉ અભિષેક શર્મા, શુભમન ગિલ, પ્રભસિમરન સિંહ અને મેન્સટીર૦ વર્લ્ડ કપ ૨૦૨૬ પહેલાં સંજુ સેમસનને પણ બેટિંગ માટેની ટ્રેઈનિંગ આપી ચૂક્યો છે.

અત્યાર સુધી આઈપીએલના ઈતિહાસમાં સૌથી મોંઘો ખેલાડી પણ છે. ૨૦૨૫ના મેગા ઓક્શનમાં લખનઉ સુપર જાયન્ટ્સે તેને ૨૭ કરોડ રૂપિયામાં ખરીદ્યો હતો. તે માત્ર આઈપીએલ ૨૦૨૬નો સૌથી મોંઘો બેટ્સમેન જ નહીં, પરંતુ સૌથી મોંઘો કેપ્ટન પણ છે. છેલ્લી સીઝનમાં લખનઉની ટીમ પોઈન્ટ્સ ટેબલમાં સાતમા સ્થાને રહી હતી. આ વખતે પંતની કેપ્ટનશિપમાં લખનૌ પાસેથી સારા પ્રદર્શનની અપેક્ષા છે.

### પંત છેલ્લી સીઝનમાં ફક્ત ૨૬૯ રન બનાવ્યા હતા

આઈપીએલ ૨૦૨૫ ની સીઝન ઋષભ પંત માટે એક દુઃસ્વપનથી ઓછી સાબિત થઈ નહીં. પંતની શરૂઆત પછીની આ સૌથી ખરાબ સીઝન હતી, જેમાં તે ફક્ત ૨૬૯ રન બનાવી શક્યો હતો, જેમાં છેલ્લી લીગ મેચમાં સદીનો પણ સમાવેશ થાય છે. પંતને તેના ખરાબ પ્રદર્શનને કારણે ભારતીય ઓડીઆઈ ટીમમાંથી પણ બહાર કરવામાં આવ્યો હતો. તેના નેતૃત્વ હેઠળ રમી રહેલી લખનૌ સુપર જાયન્ટ્સ ગઈ સીઝનમાં ૭મા સ્થાને રહી હતી. નોંધનીય છે કે યુવરાજે તાજેતરમાં ઘણા યુવા ભારતીય ખેલાડીઓ, ખાસ કરીને અભિષેક શર્મા, શુભમન ગિલ અને પ્રભસિમરન સિંહના માર્ગદર્શક તરીકે સેવા આપી છે.

# ટી-૨૦માં અસદ અખ્તરના નો-બોલે મોહમ્મદ આમિરની યાદ અપાવી દીધી!!!

## અસદ અખ્તરે એક ઓવરમાં બે નો-બોલ અને બે વાઈડ ફેંકી ૨૧ રન આપ્યા જેથી ચાહકો અને ક્રિકેટ ઉત્સાહીઓમાં ચર્ચા શરૂ થઈ અને ઘટનાની તપાસની માંગ કરી રહ્યા છે

**અબતક, રાજકોટ**

પાકિસ્તાની ક્રિકેટનો ઈતિહાસ મેચ ફિક્સિંગ અને સ્પોટ ફિક્સિંગના ઘણા કાળા પ્રકરણોથી ભરેલો છે.મોહમ્મદ આમિરનો ૨૦૧૦નો સ્પોટ ફિક્સિંગ કૌભાંડ,જેમાં તેણે જાણી જોઈને નો-બોલ ફેંક્યો હતો, તે હજુ પણ યાદ છે.તે ઘટના બાદ, આમિર પર પાંચ વર્ષ માટે પ્રતિબંધ મૂકવામાં આવ્યો હતો અને જેલમાં ધકેલી દેવામાં આવ્યો હતો.હવે સ્થાનિક સ્તરે આવી જ એક ઘટના સામે આવી છે,જેનાથી ચાહકો અને ક્રિકેટ ઉત્સાહીઓમાં ચર્ચા શરૂ થઈ છે.ચાહકો આ ઘટનાની તપાસની માંગ કરી રહ્યા છે.

પાકિસ્તાનમાં હાલમાં રમાઈ રહેલી સ્થાનિક ટુર્નામેન્ટ,નેશનલ ઝ૨૦ કપજેમાંથી ૧૬મી મેચ કરાચી રિજન બ્લૂઝ અને લાહોર રિજન બ્લૂઝ વચ્ચે રમાઈ હતી. આ મેચ ૧૪ માર્ચ, ૨૦૨૬ ના રોજ પેશાવરના ઈમરાન ખાન ક્રિકેટ સ્ટેડિયમ ખાતે રમાઈ હતી. કરાચીએ ટોસ જીતીને પ્રથમ બેટિંગ કરી હતી, જેમાં ૨૦૬ રનનો મજબૂત સ્કોર નોંધાવ્યો હતો.જોકે, લાહોર ૧૪૯ રનમાં ઓલઆઉટ થઈ ગયું હતું,જેમાં કરાચી ૫૭ રનથી જીતી ગયું હતું. આ મેચમાં, કરાચીના ફાસ્ટ બોલર, અસદ અખ્તરે ફક્ત એક ઓવર નાખી હતી, અને તેના પ્રદર્શન પર હવે નજર રાખવામાં આવી રહી છે. હકીકતમાં, અસદ અખ્તરે તે એક ઓવરમાં બે નો-બોલ અને બે વાઈડ ફેંક્યા હતા, કુલ ૨૧ રન આપ્યા હતા અને કોઈ વિકેટ લીધી ન હતી.આ ઓવરનો એક ફોટો અને વિડિયો ક્લિપ સોશિયલ મીડિયા પર વાયરલ થઈ રહ્યો છે, જેમાં સ્પષ્ટપણે અસદ અખ્તરનો પગથી ફોલ્ટ થયેલો નો-બોલ દેખાય છે.




તેનો પગ ક્રીઝની બહાર હતો. ક્રિકેટમાં આટલો મોટો નો-બોલ સામાન્ય રીતે જોવા મળતો નથી. ચાહકો કહે છે કે એક ઓવરમાં આટલા બધા વધારાના બોલ ફેંકવા શંકાસ્પદ લાગે છે,ખાસ કરીને જ્યારે ટીમ પહેલેથી જ મજબૂત સ્થિતિમાં હતી. કેટલાક વપરાશકર્તાઓએ તેની તુલના 'સ્પોટ-ફિક્સિંગ' સાથે કરી છે અને મોહમ્મદ આમિર કૌભાંડ સાથે કરી રહ્યા છે.

અસદ અખ્તર ૨૫ વર્ષનો યુવાન ઝડપી બોલર છે જેણે તાજેતરમાં જ તેની ઘરેલુ કારકિર્દી શરૂ કરી છે અને તેણે ફક્ત પાંચ ઝ૨૦ મેચ રમી છે. આ સમયગાળા દરમિયાન, તેણે ૯.૧૪ ના ઈકોનોમી રેટથી ત્રણ વિકેટ લીધી હતી. જોકે, પાકિસ્તાન ક્રિકેટમાં અગાઉના કૌભાંડોને કારણે, અસદ અખ્તર હવે અનિશ્ચિતતાના વાદળોનો સામનો કરી રહ્યા છે. પીસીબી તરફથી હજુ સુધી કોઈ સત્તાવાર તપાસ કે નિવેદન આવ્યું નથી. જોકે, સોશિયલ મીડિયા પર થયેલા હોબાળા બાદ, પાકિસ્તાન ક્રિકેટ બોર્ડ આ ઘટનાની તપાસ કરી શકે છે.

# ફૂટબોલ વર્લ્ડ કપમાં મેક્સિકો ઈરાનની મેચો હોસ્ટ કરવા માટે તૈયાર

## ધમકી, બોયકોટ અને મેચ શિફ્ટ... હવે ફિફામાં પણ ટીર૦ વર્લ્ડ કપ જેવો વિવાદ ઉભો થયો


**અબતક, રાજકોટ**

ફિફા વર્લ્ડકપ ૨૦૨૬ને લઈને તદ્દન એવો જ વિવાદ સામે આવ્યો છે, જેવો લગભગ ૧ મહિના પહેલા આઈસીસી મેન્સ ટીર૦ વર્લ્ડ કપમાં સામે આવ્યો હતો. ટીર૦ વર્લ્ડ કપમાં બાંગ્લાદેશે સુરક્ષા વ્યવસ્થાનો હવાલો આપીને ભારત આવીને મેચ રમવાનો ઈનકાર કરી દીધો હતો. અને હવે એવી જ રીતે ઈરાનની ફૂટબોલ ટીમે પણ સુરક્ષા વ્યવસ્થાને કારણ આપીને અમેરિકામાં મેચ રમવા અંગે ચિંતા વ્યક્ત કરી છે.ફિફા વર્લ્ડ કપ ૧૧ જૂનથી શરૂ થશે અને ૧૯ જુલાઈ સુધી ચાલશે.

મેક્સિકોના પ્રમુખ ક્લાઉડિયા શેનબૌમે જણાવ્યું કહ્યું કે જો ફૂટબોલની વિશ્વ સંસ્થા ફિફા ઈચ્છે તો મેક્સિકો ઈરાનની મેચો હોસ્ટ કરવા માટે તૈયાર છે અને દેશને આમાં કોઈ સમસ્યા નહીં થશે. ઈરાની ફૂટબોલ ફેડરેશન પહેલાથી જ ફિફાને તેની મેચો અમેરિકાની બહાર કોઈ બીજા દેશમાં શિફ્ટ કરવા વિનંતી કરી ચૂક્યું છે. આ ક્ષેત્રમાં તાજેતરમાં વધેલા લશ્કરી તણાવ અને અમેરિકા સંબંધિત હુમલાઓ બાદ ઈરાનની ટીમને પોતાના ખેલાડીઓની સુરક્ષાને લઈને ચિંતા છે.ક્રિકેટ વર્લ્ડ કપમાં બાંગ્લાદેશે પણ ભારતને બદલે ન્યૂટ્રલ ગ્રાઉન્ડની માગ કરતા પોતાની મેચો શ્રીલંકા અથવા પાકિસ્તાનમાં શિફ્ટ કરવાની માગ ઉઠાવી હતી. અને હવે ફિફા વર્લ્ડ કપમાં પણ ઈરાને આવી જ રીતે પોતાની મેચો મેક્સિકોમાં શિફ્ટ કરાવવાની માગ કરી છે. ત્યારબાદ મેક્સિકોએ એક મોટી ઓફર કરતા કહ્યું છે કે જો જરૂર પડે તો તે ઈરાનની મેચોનું પોતાને ત્યાં આયોજન કરી શકે છે.

### શું ઈરાન વર્લ્ડકપમાંથી હટી શકે છે?

જો ઈરાનની ચિંતાઓનું સમાધાન ન થાય, તો એવી શક્યતા પણ સેવાઈ રહી છે કે ટીમ ટુર્નામેન્ટમાં ભાગ લેવાના પોતાના નિર્ણય પર ફરીથી વિચાર કરી શકે છે. આ ઘટના દર્શાવે છે કે આંતરરાષ્ટ્રીય રાજકારણની અસર રમતગમત પર પણ પડી શકે છે. મેક્સિકોએ હાલમાં પોતાના દરવાજા ખોલી દીધા છે, પરંતુ અંતિમ નિર્ણય ફિફાએ જ લેવાનો રહેશે. ટીર૦ વર્લ્ડ કપમાં પણ છેલ્લે બાંગ્લાદેશે બહાર થવું પડ્યું હતું, અને તેના સ્થાને સ્કોટલેન્ડને સામેલ કરવામાં આવ્યું હતું.



# મેટોડામાં રહેતા યુવાને ઓનલાઈન ટાસ્ક પુરા કરી પૈસા કમાવવા જતાં રૂ.૪૧ લાખ ગુમાવ્યા

## વોટ્સઅપ પર પાર્ટ ટાઈમ જોબ ઓફરનો મેસેજ મોકલી યુવકને ફસાવ્યો : શરૂઆતમાં ત્રણેકવાર ટાસ્ક પૂર્ણ કરતા વળતર ચૂકવી વિશ્વાસ કેળવ્યો

**અબતક, રાજકોટ**

મેટોડા જીઆઈડીસી નજીક વાજડી ગામે રહેતા મૂળ રાજસ્થાનના યુવાનને ઓનલાઈન ટાસ્ક પૂરા કરી પૈસા કમાવવાની લાલચ આપી સાયબર ચંચિયાઓએ રૂ.૪૧ લાખની છેતરપિંડી કર્યાની રાજકોટ રેન્જ સાયબર ક્રાઈમ પોલીસ મથકમાં ફરિયાદ નોંધાઈ છે સાયબર ક્રાઈમ પોલીસે આ અંગે મેટોડા જીઆઈડીસીમાં આવેલી જીએન એલટેક પ્રા.લી. કંપનીમાં આસિસટન્ટ મેનેજર તરીકે નોકરી કરતા અમિત માલીરામ શર્મા (ઉ.વ.૩૭)ની ફરિયાદ પરથી અજાણ્યા શખ્સો સામે ગુનો દાખલ કરી ધરપકડ કરવા ચક્રો ગતિમાન કર્યા હતા.

યુવાને નોંધાવેલી ફરિયાદમાં જણાવ્યું હતું કે, તેના વ્હોટ્સએપમાં પાર્ટ જોબ ઓફર અંગે મેસેજ આવ્યો હતો. જે ઓફર જોઈ યુવાનને પાર્ટ ટાઈમ જોબ કરી પૈસાક કમાવવાની લાલચ જાગી હતી. બાદ આ અંગે વધુ વાતચીત શરૂ થતાં આયુષમતી નામની વ્યકિતએ ગ્રીન સિડ ડેવલોપર પ્રા.લી. ના એજન્ટ તરીકે ઓળખ આપી તેમની કંપની જુદી જુદી પ્રોડક્ટ પર ઓનલાઈન સારા રીવ્યુ આપવાનું કામ આપે છે. જે બદલ વળતર ચૂકવવામાં આવે છે તેવું જણાવ્યું હતું. બાદ આયુષતીએ યુવાનને પ્રથમ વ્હોટ્સએપમાં બાદમાં ટેલિગ્રામ એકાઉન્ટ પર વાતચીત શરૂ કરી હતી. બાદમાં ઓનલાઈન ટાસ્ક પૂરા કરી ટેલિગ્રામ એકાઉન્ટ ધારક 'મીરામોહન૦૧' સાથે વાતચીત કરવા જણાવ્યું હતું.

### ગ્રીન સિડ ડેવલોપર કંપનીના એજન્ટની ઓળખ આપી ટેલિગ્રામ ગ્રુપમાં જોડી સ્પેશિયલ ઓફરના નામે કટકે કટકે નાણાંનું રોકાણ કરાવ્યું : વિડ્રો કરવા જતાં અલગ અલગ ફી પેટે લાખો રૂપિયા પડાવ્યા

જે બાદ યુવકે ટેલિગ્રામ એકાઉન્ટધારક સાથે વાત કરતા તેણે કંપનીની વેબસાઈટ લિંક મોકલી તેમાં એકાઉન્ટ બનાવવાનું કહેતા યુવકે પોતાનું એકાઉન્ટ બનાવ્યું હતું. જે બાદ કામ શીખવા સાયબર ગઠીયાઓએ રૂ ૧૦ હજારની ક્રેડિટ આપી હતી. બાદ અલગ અલગ ૨૧ ડિસનું રેટિંગ આપવાનું કાંમ મળેલ હતું. જે પૂર્ણ થતાં વળતર પેટે રૂ. ૧૨૨૨ ની આવક થયેલ હતી જે યુવકે ઉપાડી લીધેલ હતી. બાદમાં રિચાર્જ કરવાનું કહી મેમ્બર સર્વિસ નામના ટેલિગ્રામ એકાઉન્ટ ધારક જેનું યુઝરનેમ 'એમ૦૦૭-જીસિડ' ને માહિતી મોકલવાનું કહેલ હતું. જે શખ્સેં પોતાની ઓળખ અભય પટેલ તરીકે આપેલ હતી. બાદમાં તેણે એકાઉન્ટ નંબર મોકલતા તેમાં રૂ. ૧૦ હજાર જમા કરાવી રેટિંગ પૂર્ણ કરતા ૧૫૬૮૦ ની આવક થતાં યુવકે ઉપાડી લીધેલ હતા. બાદમાં વધુ ૧૦ હજાર જમા કરાવતા તેની સામે રૂ. ૧૯૫૭૫ ની આવક થતાં યુવકે તે નાણાં પણ ઉપાડી લીધેલ હતા. નાણાં ઉપડી જતાં હોય યુવકને કંપની સાચી હોવાનો ભરોસો બેસી ગયો હતો.

બાદમાં યુવાને કટકે કટકે રોકાણ શરૂ કર્યું હતું અને બાદમાં નાણાં ઉપાડવા જતાં મોટી રકમ ઉપાડવાં અલગ અલગ ફીના નામે યુવક પાસેથી જુદા-જુદા ખાતામાં ઓનલાઈન પેમેન્ટ કરાવડાવી તા. ૨૪-૧૦-૨૦૨૫ લઈ તા.૩૦-૧૧-૨૦૨૫ સુધીમાં આશરે ૪૬ જેટલા ટ્રાન્ઝેક્શન મારફતે ૪૧,૧૪,૧૮૪ જેટલી રકમ જમા કરાવી લીધી હતી. ત્યારબાદ પણ સતત પૈસાની માંગણી થતાં પોતે છેતરપિંડીનો શિકાર બન્યાનો અહેસાસ થયો હતો. જેથી યુવાને રેન્જ સાયબર ક્રાઈમ પોલિસ મથકમાં ફરીયાદ નોંધાવી હતી.

### સતત નાણાંની માંગણી થતાં છેતરપિંડીનો શિકાર થયાની જાણ થતાં યુવકે રાજકોટ રેન્જ સાયબર ક્રાઈમ પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી

# ગોંડલમાં મકાન ખાલી કરાવવા તોડફોડ: વૃધ્ધના પરિવારને ધમકી

## આયુષી વ્યાસ અને બિટ્ટુ જાડેજા બેફામ બન્યાં : ભરેલ કબ્જાના મકાનનો દસ્તાવેજ કરી ભાડુઆતનું વિજ અને પાણીના કનેકશન કાપી નાંખ્યા, પરિવારને મોતની ધમકી આપતાં ગુનો નોંધાયો

**અબતક, રાજકોટ**



ગોંડલમાં મકાન ખાલી કરાવવા તોડફોડ કરી વૃધ્ધના પરીવારને જાનથી મારી નાંખવાની ધમકી આપી વિજ અને પાણીના કનેક્શન કાપી નાંખતા ગોંડલ બી. ડિવિઝન પોલીસ મથકમાં ગુનો નોંધાયો હતો.

બનાવ અંગે ગોંડલમાં સ્ટેશન પ્લોટ નગરપાલિકા પાસે રહેતાં રાજેન્દ્રકુમાર જયાનંદભાઈ જોષી (ઉ.વ.૬૬) એ નોંધાવેલ ફરીયાદમાં આરોપી તરીકે આયુષી રવીદર્શન વ્યાસ અને બીટ્ટુ જાડેજા ઉર્ફે ભાર્ગવરાજસિંહ રઘુરાજસિંહ જાડેજા (રહે. બંને ગોંડલ) નું નામ આપી જણાવ્યું હતુ કે, તેઓ પત્ની મીનાબેન, માતા જયાબા, પુત્ર અભિષેક સાથે છેલ્લા ઓગણીસ વર્ષથી અહીં ભાડાના મકાનમા રહે છે. જેનુ માસીક ભાડુ રૂપીયા ૨ હજાર નિયમિત રીતે ભરતાં હતાં. જે મકાન પાંચેક માસ પહેલા જુના મકાન માલીકના વારસદારોએ તેઓની જાણ વગર આયુષીબેન વ્યાસને વેચાણથી આપી દેધેલ હતુ.આ મકાનમા તેમના સીવાય અન્ય ભાડુઆત પણ રહે છે. આ મકાન ખાલી કરાવવા માટે બીટ્ટુ જાડેજા ઉર્ફે ભર્ગરાજસીંહ જાડેજા તેમની ઈનોવા ગાડી લઈ ભાડાના મકાનમા આવી ગાળો આપી કહેલ કે, આ આયુષીબેન નામની મહિલાનો દસ્તાવેજ છે, પરંતુ આ મકાન મે લીધુ છે, તારે આ મકાન ખાલી કરી નાખવાનુ છે, નહિતર મારી નાખીશ તેમ ભય બતાવેલ અને દિવાળીના તહેવાર દરમ્યાન આ મકાન પાડવાનુ શરૂ કરેલ હતું. ત્યારે આ બીટુ જાડેજા ફરી આવેલ અને મકાનનુ વિજળીનું તેમજ નળનુ કનેકશન કપાવી નાંખી મકાનની ગટર, નળના પાઈપો તોડી નાખી નુકશાન કરેલ હતું.

છેલ્લા પાંચેક માસથી અવાર નવાર જુદા જુદા સમયે ઘરે આવી બળજબરીથી ફરીયાદી અને પરીવારના સભ્યોને મોતનો ભય બતાવી મકાન ખાલી કરાવવા માટે આવતા હતા. બનાવ અંગેની ફરીયાદ પરથી ગોંડલ બી. ડિવિઝન પોલીસે ગુનો નોંધી આરોપીની શોધખોળ આદરી હતી.

# પાનની પિચકારી પોણા બે લાખમાં પડી

## પોલીસ અને કાઉન્સિલના અધિકારીઓ દરરોજ પેટ્રોલિંગ કરે ,જો કોઈ પકડાય તો સ્થળ પર જ ૧૦૦ પાઉન્ડનો દંડ કરવામાં આવે છે



લંડનના બ્રનૂટ વિસ્તારમાં જાહેરમાં પાનની પિચકારી મારવી બે ભારતીય મૂળના શખ્સોને ભારે પડી છે. અક્ષિતકુમાર પટેલ અને હિતેશ પટેલ નામના બે વ્યક્તિઓને કોર્ટે આશરે ૧.૭૦ લાખ રૂપિયાનો દંડ ફટકાર્યો છે. શરૂઆતમાં તેમને માત્ર ૧૦૦ પાઉન્ડનો દંડ થયો હતો, પરંતુ સમયસર પૈસા ન ભરતા અને કોર્ટમાં હાજર ન રહેતા આ રકમ દસ ગણી વધી ગઈ છે. કાઉન્સિલના જણાવ્યા મુજબ, પાનના ડાઘ સાફ કરવા પાછળ દર વર્ષે ૩૭ લાખ રૂપિયા ખર્ચાય છે.

આ ડાઘ એટલા જિદ્દી હોય છે કે તે હાઈ-પાવર મશીનોથી પણ જલ્દી સાફ થતા નથી. લંડન પોલીસ અને કાઉન્સિલના અધિકારીઓ દરરોજ પેટ્રોલિંગ કરે છે. જો કોઈ પકડાય તો સ્થળ પર જ ૧૦૦ પાઉન્ડનો દંડ કરવામાં આવે છે, અને જો તે ન ભરો તો કોર્ટના ચક્કર અને લાખોનો દંડ ભોગવવો પડે છે.

# વીંછિયામાં પીજીવીસીએલ સાથે પોલિસની ડ્રાઈવ ૨૦ વીજ કનેશન કટ, ૩ વાહન ડિટેઈન કરાયા

## મોટા હડમતીયા ગામે પોલીસની પાંચ ટીમ અને પીજીવીસીએલની ૨૦ ટીમે કોમ્બિંગ કર્યું: ૭૦ વધુ વીજ કનેકશનની ચકાસણી

**અબતક, રાજકોટ**



વીંછિયાના મોટા હડમતીયા ગામે પોલીસ અને પીજીવીસીએલની ટીમ દ્વારા સંયુકતપણે ડ્રાઈવ યોજાઈ હતી. જેમાં ગામમાં ૨૦ જેટલા વીજ કનેકશન ગેરકાયદે જણાતા તે કટ કરી દેવાયા હતાં. આ ઉપરાંત આ ડ્રાઈવ દરમિયાન ૩ ગેરકાયદે વાહનો પણ ડિટેઈન કરવામાં આવ્યા હતાં. પોલીસ અને પીજીવીસીએલની આ સંયુકત કામગીરીથી ગેરરીતી આચરનાર તત્વોમાં ફફડાટ ફેલાઈ જવા પામ્યો હતો.

જિલ્લા કાયદો વ્યવસ્થાની સ્થિતિ સુદ્રઢ બને તે દિશામાં કામગીરી કરવાના ભાગરૂપે રેન્જ આઈજી નિર્લિપ્ત રાય અને રાજકોટ જિલ્લા પોલીસ વડા વિજયસિંહ ગુર્જરની સૂચના હેઠળ જસદણ એએસપી ડો. નવિન ચક્રવતીના માર્ગદર્શન હેઠળ વીંછિયા પોલીસ મથકના પઆઈ એ.સી.ડામોરની રાહબરીમાં જસદણ ડિવિઝનની પોલીસની પાંચ ટીમ અને પીજીવીસીએલની ૨૦ ટીમ મળી એક ડ્રાઈવનું આયોજન કરવામાં આવ્યું છે.

જેના ભાગરૂપે વીંછિયાના મોટા હડમતીયા ગામે કોમ્બિંગ કરવામાં આવ્યું હતું.

ગામમાં અલગ અલગ ટીમો દ્વારા કુલ ૭૦ થી વધુ વીજ કનેકશન ચેક કરવામાં આવ્યા હતાં જેમાં ગામમાં ૨૦ જેટલા કનેકશન ગેરકાયદે જણાતા તે કનેકશન કાપી રૂ.૧૪.૫ રૂપિયાનો દંડ ફટકારવામાં આવ્યો હતો. એટલું જ નહીં કોમ્બિંગ દરમિયાન ત્રણ વાહન ગેરકાયદે મળી આવતા એમવીએકટ કલમ ૨૦૭ મુજબ તે વાહનો ડિટેઈન કરવામાં આવ્યા હતાં. પોલીસે પ્રજાને અપીલ કરતા જણાવ્યું છે કે, પોતાને રહેણાંક મકાને કે વાડીએ ગેરકાયદે વીજ કનેકશન કરવા નહીં તેમજ ગેરકાયદે વીજ કનેકશન જોવામાં આવે તો ખુલ્લીને કોઈપણ પ્રકારનો સંકોચ રાખ્યા વગર પોલીસને જાણ કરવી.

# ચોટીલા નગરપાલિકાના વહીવટદાર તરીકે નાયબ મામલતદારે ચાર્જ સંભાળ્યો

**અબતક,રણજીતસિંહ ધાંધણ, ચોટીલા**



ચોટીલાના નાયબ કલેકટર એચ.ટી. મકવાણા ચોટીલા નગરપાલિકાના વહીવટદાર તરીકેનો ચાર્જ સંભાળ્યો છે. તેઓએ ચોટીલા નગરપાલિકાની મુલાકાત લઈ વિવિધ વિભાગોની કામગીરી અંગે વિગતવાર સમીક્ષા કરી હતી, નગરપાલિકાના અધિકારીઓ અને કર્મચારીઓ ને શહેરના વિકાસકાર્યો, સ્વચ્છતા વ્યવસ્થા, પાણી પુરવઠો, માર્ગ વ્યવસ્થા તેમજ નાગરિકોને આપવામાં આવતી વિવિધ સેવાઓ અંગે માર્ગદર્શન આપ્યું હતું.

તેમજ નાગરિક સુવિધાઓમાં વધુ સુધારો કરવા, જાહેર સેવાઓને વધુ અસરકારક અને પારદર્શક બનાવવાની તેમજ સમયસર કામગીરી પૂર્ણ કરવાની સૂચનાઓ આપી હતી. તેમણે નગરપાલિકાના સ્ટાફને જવાબદારીપૂર્વક કામગીરી કરી નાગરિકોને શ્રેષ્ઠ સેવાઓ પૂરી પાડવા પ્રોત્સાહિત કર્યા હતા.

# બાલાચડીમાં શોપિંગ મોલના બાંધકામમાં રૂ.૭.૫૯ લાખની વીજ ચોરી ઝડપાઈ

**અબતક, સંજય ડાંગર, ધ્રોલ**

જામનગર સર્કલના જામનગર ગ્રામ્ય વિભાગ હેઠળ વીજ ચોરીના દૂષણને ડામવા માટે હાથ ધરવામાં આવેલી 'સ્પેશિયલ ચેકિંગ ડ્રાઈવ'માં વીજ તંત્રને મોટી સફળતા મળી છે. બાલાચડી ગામે શોપિંગ મોલ અને બેંકના બાંધકામ માટે થઈ રહેલી સાડા સાત લાખ રૂપિયાથી વધુની વીજ ચોરી ઝડપી પાડી કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.પ્રાપ્ત વિગતો અનુસાર, જામનગર ગ્રામ્ય વિભાગના ફલ્લા સબ ડિવિઝન હેઠળ આવતા બાલાચડી ગામે વીજ તંત્ર દ્વારા સ્પેશિયલ ચેકિંગ હાથ ધરવામાં આવ્યું હતું. જેમાં વિઠ્ઠલભાઈ પ્રેમજીભાઈ સોનાગ્રા (સી/ઓ કેવલ એન્ટરપ્રાઈઝ) દ્વારા કોઈ પણ પ્રકારના કાયદેસરના વીજ જોડાણ વગર, શોપિંગ મોલ અને બેંક એટીએમના બાંધકામ માટે વીજ કંપનીની એલટી લાઈનમાંથી સીધું જ અનધિકૃત કનેકશન મેળવી ૦૭.૧૪૬ કેડબલ્યૂ જેટલો વીજ લોડ વાપરતા રંગેહાથ ઝડપાયા હતા.આ મામલે વીજ તંત્ર દ્વારા કલમ-૧૩૫ હેઠળ કાર્યવાહી કરી રૂ.૦૭,૫૧,૧૩૮.૩૨નું આકારણી બિલ અને રૂ.૮,૦૦૦ કમ્પાઉન્ડિંગ ફી મળી કુલ રૂ.૦૭,૫૯,૧૩૮.૩૨ (સાત લાખ ઓગણસાઠ હજાર એકસો આડત્રીસ) નો દંડ ફટકારવામાં આવ્યો છે.આ કામગીરી જામનગર સર્કલના અધિક્ષક ઈજનેર એચ. ડી. વ્યાસ સાહેબ તથા ગ્રામ્ય વિભાગના કાર્યપાલક ઈજનેર એમ. એમ. રાબડીયાના સીધા માર્ગદર્શન હેઠળ ફલ્લા સબ ડિવિઝનના નાયબ ઈજનેર પી. બી. પ્રસાદ અને જુનિયર ઈજનેર ડી. સી. કથીરીયા દ્વારા કરવામાં આવી હતી. વિગતો આપી હતી. આ દરોડાને પગલે વીજ ચોરોમાં ફફડાટ વ્યાપી ગયો છે.

# આદીપુર: આપઘાતની ફરજ પાડવાના ગુનામાં બે વ્યાજખોર ઝડપાયા

**અબતક, ભારતી માખીજાણી, ગાંધીધામ**



પૂર્વ કચ્છ પોલીસના ''મિશન ફ્યુજિટિવ'' અભિયાન હેઠળ આદિપુર પોલીસ સ્ટેશનમાં નોંધાયેલા આત્મહત્યાના ગંભીર કેસમાં સંડોવાયેલા આરોપી કલ્પેશ મુળજીભાઈ ઠક્કરને પોલીસે મુંબઈ (થાણે) ખાતેથી પકડી પાડ્યો છે. આદિપુરના રહેવાસી ૪૦ વર્ષીય કલ્પેશ ઠક્કર કેશવ પઢીયારી (રાજકોટ) સામે આત્મહત્યા માટે દુષ્પ્રરણા, ધાક-ધમકી અને વ્યાજખોરી સહિતની વિવિધ કલમો હેઠળ ગુનો નોંધાયો હતો. ગુનો કર્યા બાદ તે ફરાર હતો. પોલીસ ઈન્સ્પેક્ટર જે.એમ. વાળા અને એમ.સી. વાળાની આગેવાનીમાં એલ.સી.બી.ની ટીમે બાતમીના આધારે મુંબઈમાં સર્ચ ઓપરેશન હાથ ધરીને આરોપીને દબોચી લીધો હતો. પકડાયેલા આરોપીને કાયદેસરની કાર્યવાહી માટે આદિપુર પોલીસને સોંપવામાં આવ્યો છે.

# પોરબંદરના કડછ ગામે ચાલતી વેળાએ પડી જતા વૃદ્ધનું મોત

## વૃદ્ધે રાજકોટની સિવિલ હોસ્પિટલમાં સારવાર દરમિયાન દમ તોડતા પરિવારમાં શોક

**અબતક રાજકોટ**

પોરબંદર તાલુકાના કડછ ગામે ઘરમાં ચાલતી વખતે અચાનક પડી જવાથી ગંભીર રીતે ઈજાગ્રસ્ત થયેલા વૃદ્ધનું રાજકોટની સિવિલ હોસ્પિટલમાં સારવાર દરમિયાન મોત નીપજ્યું છે. આ બનાવને પગલે પરિવારમાં શોક વ્યાપી ગયો છે.પ્રાપ્ત વિગતો મુજબ, પોરબંદરના કડછ ગામે રહેતા ખીમાનંદભાઈ ઘેલાભાઈ કડછા (ઉં.વ. ૭૫) ગત ૧૨ માર્ચના રોજ બપોરના ૩:૦૦ વાગ્યાની આસપાસ પોતાના ઘરે ચાલતી વખતે અચાનક પડી જતા માથાના ભાગે અને શરીરે મૂઢ ઈજાઓ પહોંચી હતી. ઈજાગ્રસ્ત વૃદ્ધને તાત્કાલિક સારવાર માટે પોરબંદર અને ત્યારબાદ જૂનાગઢ ખસેડવામાં આવ્યા હતા. જોકે, તેમની તબિયત વધુ લથડતા તેમને વધુ સારવાર અર્થે રાજકોટ સિવિલ હોસ્પિટલ ખાતે ખસેડાયા હતા. જ્યાં સારવાર દરમિયાન મોત નીપજ્યું હતું. રાજકોટ હોસ્પિટલ ચોકીના સ્ટાફે આ અંગે જાણ કરતા માધવપુર પોલીસે આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.પ્રાથમિક તપાસમાં જાણવા મળ્યું છે કે મૃતક ખીમાનંદભાઈ પરિવારમાં ચાર ભાઈઓ અને બે બહેનોમાં સૌથી મોટા હતા. તેઓ ખેતીકામ કરીને પોતાના પરિવારનું ગુજરાન ચલાવતા હતા. સંતાનમાં તેમને ત્રણ દીકરા અને એક દીકરી છે. બનાવને પગલે પરિવારમાં શોકનું મોજું ફરી વળ્યું છે.

# સો.મીડિયા મારફતે વેપારીઓનો સંપર્ક કરી ધંધાના નામે ફ્રોડ આચરતો ભેજાબાજ ઝબ્બે

## એફ.આર.પી, મેવોલ કવર બનાવો છો, અમારે દર મહીને ૨૦ થી ૨૨ ગાડી સપ્લાયની જરૂરિયાત છે કહીં શાપરના કારખાનેદાર પાસે નેપાળ બોર્ડરની ગવર્ન્મેન્ટ એપ્રુવલના નામે ૫૩૦૦ પડાવી લીધાં 'તાં

**અબતક, રાજકોટ**

સોશિયલ મીડિયાના યુગમાં ભેજાબાજો લોકોને છેતરવા નિત નવા કિમીયા અજમાવતા હોય છે ત્યારે આવા એક ફ્રોડના કિસ્સામાં સોશિયલ મીડિયા મારફત સંપર્ક કરી વેપારીઓને ધંધાના નામે ફસાવી ફ્રોડ આચરતો કુખ્યાત ગઠિયાને શાપર પોલીસે પકડી પાડી કાર્યવાહી કરી હતી. શાપરના કારખાનેદારને એફ.આર.પી, મેવોલ કવર બનાવો છો, અમારે દર મહીને ૨૦ થી ૨૨ ગાડી સપ્લાયની જરૂરિયાત છે કહીં નેપાળ બોર્ડરની ગવર્ન્મેન્ટ એપ્રુવલ લેવાના નામે ૫૩૦૦ પડાવી લીધાં હતાં.ગુનાનો ભેદ ઉકેલવા શાપર પોલીસ સ્ટેશનના પીઆઈ આર.બી.રાણાની રાહબરીમાં અલગ અલગ ટીમો બનાવી ગુન્હામાં સંડોવાયેલ આરોપી બાબતે ટેકનીકલી ઈન્ફર્મેશન મેળવી, સાયબર ફ્રોડમાં ગુમાવેલ રોકડ રૂપીયા બાબતે બેન્કો પાસેથી જરૂરી માહિતી મેળવી આગવી ઢબે તપાસ કરી સાઈબર ફ્રોડના આરોપી વિશાલ ઉર્ફે કાનો હેમંત કણસાગરા (ઉ.વ.૩૨, રહે.જુનાગઢ, વાડલા ફાટક પાસે, રોયલ હાઈટસ એપાર્ટમેન્ટ, મુળ રહે.વસંતપુર, જામજોધપુર) ને પકડી પાડી ગુન્હામાં ગયેલ તમામ મુદામાલ રોકડ રૂ. ૫,૩૦૦ રીકવર કરવામાં આવેલ છે.



વધુમાં પોલીસે જણાવ્યું હતું કે, આરોપી અલગ અલગ સોશિયલ મિડીયાના પ્લેટફોર્મ મારફતે ધંધાર્થી વ્યકિતઓ બાબતે જરૂરી માહિતી મેળવી તેમનો ઓનલાઈન સંપર્ક કરી ધંધાકીય વ્યવહાર બાબતે જરૂરી વાતચિત કરી, અલગ અલગ બહાના હેઠળ અંગત આર્થિક ફાયદા સારુ સાઈબર ફ્રોડના નાણા મેળવી ગુન્હો આચરવાની ટેવ ધરાવે છે.

ઉલ્લેખનીય છે કે, પકડાયેલ શખ્સે રાજકોટના મવડી ચોકડી પાસે ક્રિષ્ના પાર્ક સોસાયટીમાં રહેતાં ગૌતમભાઈ મગનભાઈ રામાણીને વિશાલ પટેલ નામ ધારણ કરેલ વ્યકતી (રહે.કાઠમંડુ, નેપાળ) એ હુ કાઠમાંડુ (નેપાળ) થી વિશાલ પટેલ બોલું છું, અમે દરેક દેશમાં એફ.આર.પી. મેવોલ કવરની સપ્લાય કરીએ છીએ, તમે એફ.આર.પી, મેવોલ કવર બનાવો છો, અમારે દર મહીને ૨૦ થી ૨૨ ગાડી સપ્લાયની જરૂરીયાત છે, અમે તમારી પાસેથી એફ.આર.પી, મૈવોલ કવર ખરીદ કરવા માંગીએ છીએ, તેમ વાત કરતા જેથી આટલી મોટી સપ્લાય કરવાથી ધંધાને વેગ મળે તેમ હોય માટે સપ્લાય કરવા સારૂ સંમતિ દર્શાવેલ હતી.

તેણે કહેલ કે, આ સપ્લાય ચાલુ કરવા માટે નેપાળ બોર્ડરની ગવર્ન્મેન્ટ એપ્રુવલ લેવા માટે તેમજ સર્ટીફીકેટ કઢાવવા તમારે ગવર્ન્મેન્ટ સાઈટ ઉપર ઓનલાઈન રૂ. ૫૩૦૦ પેમેન્ટ કરવું પડશે તેમ વાત કરતા ફરીયાદીએ હા પાડેલ અને વિશાલ પટેલે એક ક્યુ.આર.કોડ મોકલેલ જેમાં રૂપીયા ટ્રાન્સફર કરેલ ત્યારબાદ આ વિશાલ પટેલના નંબર પર અનેક વાર સંપર્ક કરેલ પરંતુ કોઈ સંપર્ક થઈ શકેલ નહી જેથી સાયબર ફ્રોડ થયેલનું સામે આવ્યું હતું.

ઉપરાંત આરોપી વિરુદ્ધ સાયબર ક્રાઈમ પોલીસ મથક જામનગરના ૨ ગુના તેમજ જામનગરના અલગ અલગ પોલીસ મથકમાં છેતરપીંડી સહિતના આઠ મળી કુલ ૧૦ ગુના નોંધાયેલ છે.

### શાપર પોલીસે મૂળ વસંતપુરના કુખ્યાત ચીટરને જૂનાગઢમાંથી દબોચી લઈ તમામ રકમ રિકવર કરી


**-:: જાહેર નોટીસ ::-**

આથી હું નીચે સહી કરનાર **વિનોદકુમાર ભીખાભાઈ ગોહેલ** ધર્મેઃહિન્દુ, ઉ.વ.પર, ધંધોઃવેપાર, રહે.ઈશ્વરીયા, રાયડી, રાજકોટ-૩૬૦૪૧૦ આથી મારા ધર્મ અનુસાર સત્યપ્રતિજ્ઞા ઉપર જાહેર કરૂ છું કેઃ-

(૧) મારૂ ખરૂ અને સાચું નામ વિનોદકુમાર ભીખાભાઈ ગોહેલ છે. જયારે મારા નામના ડોકયુમેન્ટસ જેવા કે લીવીંગ સર્ટીફીકેટ તથા મારા પોસ્ટની પોલીસી જેના **નં.R-GJ-EA-534837** થી આવેલ છે જેમાં મારૂ નામ વિરેન્દ્રકુમાર બી. ગોહિલ લખાયેલ છે તથા મારા આધારકાર્ડ, જન્મનું પ્રમાણપત્ર તથા અન્ય ડોકયુમેન્ટમાં મારૂ નામ **વિનોદકુમાર ભીખાભાઈ ગોહેલ લખાયેલ** છે. ઉપરોકત બંને નામવાળી વ્યકિત હું જ છુ તથા હું બંને નામથી ઓળખાઉ છુ તથા મારી પોલીસીમાં મારૂ નામ શરતચુકથી **વિરેન્દ્રકુમાર બી. ગોહિલ** લખાઈ ગયેલ છે. મારૂ ખરૂ અને સાચું નામ **વિનોદકુમાર ભીખાભાઈ ગોહિલ** છે તથા તે મુજબ જ મારા અન્ય ડોકયુમેન્ટસ આવેલા છે.

હાલનું સોગંદનામું પોસ્ટ ઓફિસમાં નામની ખરાઈ અંગે કરી આપેલ છે. તથા મારૂ નામ બદલવા માટે કરેલ છે, અને ખોટું સોગંદનામું કરવું એ ગુન્હો છે જેની મને જાણ છે.

ઉપર મુજબની હકીકતો સત્ય હોઈ મારા ધર્મ પ્રમાણે સત્ય પ્રતિજ્ઞા ઉપર જાહેર કરૂ છું.

સ્થળઃ રાજકોટ તા.૨૫-૦૨-૨૦૨૬

**(વિનોદકુમાર ભીખાભાઈ ગોહેલ)**

૧૭૪ વર્ષ જૂના ઐતિહાસિક

# છોટી, કાશીની શાન 'ભુજિયા કોઠા'નું નવસર્જનઃ પ્રવાસીઓ માટે ખુલ્લો મુકાયો

## ૨૫ કરોડના ખર્ચે હેરિટેજ રિસ્ટોરેશનની કામગીરી પૂર્ણઃ હવે ખંભાળીયા ગેટ, ભુજિયો કોઠો અને લાખોટા મ્યુઝિયમ 'હેરિટેજ ચેઈન' થી જોડાશે

જામનગરના ઐતિહાસિક ભુજિયા કોઠાને ૧૯ માર્ચ ૨૦૨૬થી પ્રવાસીઓ માટે ખુલ્લો મુકવામાં આવશે. આ ઐતિહાસિક ઈમારત એક સમયે સૌરાષ્ટ્રની સૌથી ઊંચી ઈમારત ગણાતી હતી જે આ પ્રદેશના ઈતિહાસમાં એક મહત્વપૂર્ણ સ્થાન ધરાવે છે. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વમાં રાજયના ઐતિહાસિક અને સાંસ્કૃતિક વારસાના સંરક્ષણ અને સંવર્ધન માટે સતત પ્રયાસો કરવામાં આવ્યા છે. જામનગરના આ ઐતિહાસિક વારસાને પણ ૨૦૦૧ના ભૂકંપમાં નુકસાન થયા બાદ જામનગર મહાનગરપાલિકા દ્વારા સ્વર્ણિમ જયંતી મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના અંતર્ગત ૨૫ કરોડના ખર્ચે ભુજિયા કોઠાના રિસ્ટોરેશન, કન્ઝર્વેશન, કન્સોલિડેશન અને રિ-પ્રોડકશનની કામગીરી શરૂ કરવામાં આવી હતી. ભુજિયા કોઠાના વારસાને તેના ઐતિહાસિક ગૌરવ સાથે પ્રસ્થાપિત કરવા માટે ભારતીય પુરાતત્વ સર્વેક્ષણ ( ASI ) સાથે સંકલનમાં આ કામગીરી પૂર્ણ કરવામાં આવી હતી અને તેના



ફેઝ-૧નું લોકાર્પણ ૨૦ સપ્ટેમ્બર ૨૦૨૫ના રોજ વડાપ્રધાન નરેન્દ્ર મોદીના હસ્તે કરવામાં આવ્યું હતું.

ભુજિયા કોઠાનું નિર્માણકાર્ય ૧૮૩૯થી ૧૮૫૨ દરમિયાન કરવામાં આવ્યુ હતું. તે સમયે આ ઈમારતનો ઉપયોગ સુરક્ષા અને સંદેશાવ્યવહાર માટે થતો હતો. વર્ષ ૨૦૦૧માં આવેલા ભૂકંપથી આ ઈમારતને ક્ષતિ પહોંચી હતી. ભુજીયા કોઠાનું સ્થાપત્ય, કલાત્મક બારી, ખડકી,ઝરૂખા અને રંગમંડપને સદીઓ જૂની પરંપરાગત તકનીકો અનુસાર અથાગ પ્રયાસ દ્વારા ઐતિહાસિક સ્વરૂપ આપવામાં સફળતા મળી છે. આ ભવ્ય ઈમારત તેના મૂળ સ્વરૂપમાં આકાર લઈ શકે તેથી રિસ્ટોરેશન કાર્યમાં ચૂનો, ગુગળ, મુલતાની માટી, ગોખરૂ, અરીઠા, સિંદૂર સહિતની કુદરતી સામગ્રીઓનો ઉપયોગ કરવામાં આવ્યો છે.

### હેરિટેજ ચેઈનથી વારસાનું સંરક્ષણ

જામનગરના હેરિટેજ વારસાને સંરક્ષિત કરવા માટે આ કામગીરીના ફેઝ ૨માં ખંભાળીયા ગેટ, ભુજિયો કોઠો અને રણમલ તળાવ વચ્ચેના લાખોટા મ્યુઝિયમને હેરિટેજ ચેઈન દ્વારા જોડવામાં આવી રહ્યા છે. નજીકના ભવિષ્યમાં આ તમામ ઐતિહાસિક સ્થળોએ એક જ એન્ટ્રી પોઈન્ટથી જઈ શકાશે અને તેના માટેની કામગીરી અત્યારે પ્રગતિમાં છે.

# વહીવટદાર આરતી કંવરે અધિકારીઓ સાથે પ્રાથમિક ચર્ચા કરી જરૂરી માર્ગદર્શન આપ્યું

## જિલ્લા વિકાસ અધિકારી તરીકે સેવા આપી ચૂકેલા આરતી કંવર હવે મનપાનો વહીવટ સંભાળશે; કમિશનર સહિતના અધિકારીઓએ કર્યું ભવ્ય સ્વાગત

જામનગર મહાનગર પાલિકામાં ચૂંટાયેલા પાંખની મુદ્દત પૂર્ણ થયા બાદ વહીવટદાર તરીકે નિયુક્ત થયેલા રાજ્યના ચીફ ટેક્સ કમિશનર આરતી કંવર આજે જામનગર આવી પહોંચ્યા હતા. જામનગર મહાનગરપાલિકાના હોદ્દેદારોની મુદ્દત ગત તા. ૯ માર્ચના રોજ પૂર્ણ થતાં રાજ્ય સરકાર દ્વારા વહીવટદાર શાસન લાગૂ કરવામાં આવ્યું છે, જેના ભાગરૂપે આજે તેમણે કાર્યભાર સંભાળવાની પ્રક્રિયા હાથ ધરી હતી.કેન્દ્રીય ચૂંટણી પંચ દ્વારા હાથ ધરવામાં આવેલા ખાસ સંક્ષિપ્ત મતદારયાદી સુધારણા કાર્યક્રમને કારણે મહાનગરપાલિકાની ચૂંટણીમાં વિલંબ થયો છે. આ



સંજોગોમાં વહીવટ ખોરવાય નહીં તે માટે રાજ્ય સરકાર દ્વારા વહીવટદારોની નિમણૂંક કરવામાં આવી છે. આરતી કંવર જામનગરના ભૂતપૂર્વ જિલ્લા વિકાસ અધિકારી (DDO) તરીકે સફળ કામગીરી કરી ચૂક્યા હોવાથી તેઓ સ્થાનિક પ્રશ્નોથી પરિચિત છે.આજે જામનગર પહોંચતા જ મહાનગરપાલિકાના કમિશનર ડી. એન. મોદી, ડેપ્યુટી કમિશનર દેવેન્દ્રસિંહ ઝાલા, સિટી ઈજનેર ભાવેશ જાની તેમજ જીએસટી વિભાગના ઉચ્ચ અધિકારીઓએ પુષ્પગુચ્છ આપી તેમનું ઉષ્માભર્યું સ્વાગત કર્યું હતું. ચાર્જ સંભાળ્યા બાદ તેમણે મહાનગરપાલિકાના વિવિધ વિભાગોની કામગીરી અને વિકાસલક્ષી પ્રોજેક્ટ્સ અંગે અધિકારીઓ સાથે પ્રાથમિક ચર્ચા કરી જરૂરી માર્ગદર્શન પૂરું પાડ્યું હતું.

# જામજોધપુરઃ ખેડૂત બે વ્યાજખોરોની ચૂંગાલમાં ફસાયો રૂ.૧૪ લાખ ગુમાવ્યાં

## મુદ્દલ અને રાક્ષસી વ્યાજ કઢાવવા બે શખ્સોએ પઠાણી ઉઘરાણી કરી ત્રણ લાખ રૂપિયા માસિક ૩૦ ટકા લેખે વ્યાજે લીધા બાદ ૧૪ લાખ ચૂકવી દીધા છતાં વધુ નવ લાખની માંગણી

**અબતક, ભરત ગોહિલ**
**જામજોધપુર**

જામજોધપુરમાં ગેરકાયદે નાણાં ધીરધાર કરી પઠાણી ઉઘરાણી કરાતી હોવાનો એક મામલો જામજોધપુર પોલીસ મથક સુધી પહોંચ્યો છે, અને એક ખેડૂત બે વ્યાજખોરોની ચુગાલમાં ફસાયા છે.એક ખેડૂતે બે શખ્સો પાસેથી પોતાની જરૂરિયાત મુજબ ૨૦૨૧ સાલમાં ત્રણ લાખ રૂપિયા માસિક ૩૦ ટકા ના વ્યાજ પર લીધા હતા.

તેણે અત્યાર સુધીમાં મુદ્દલ અને વ્યાજ સહિત રૂપિયા ૧૪ લાખ ચૂકવી દેતા છતાં બંને વ્યાજખોરો હજુ વધુ નવ લાખ રૂપિયા ની માંગણી કરતા બંને સામે પોલીસ ફરિયાદ નોંધાવાઈ છે. આ ફરિયાદ અંગેના બનાવની વિગત એવી છે કે જામજોધપુરમાં વાઘ પતિ પાછળ રહેતા અને ખેતી કામ કરતા નિકુંજ જયંતીભાઈ નામના પટેલ ખેડૂત યુવાને પોતાની પાસેથી માસિક રૂપિયા ૩૦ ટકા લેખે ૧૪ લાખ જેટલું રાક્ષસી વ્યાજ ચૂકવી દીધા બાદ વધુ નવ લાખનું વ્યાજ ચૂકવવા માટે જામજોધપુર ના હોથીજી ખડબા ગામમાં રહેતા પ્રતિપાલસિંહ નાથુભા જાડેજા તેમજ ભાણવડ તાલુકાના વેરાડ ગામના ક્રિપાલસિંહ હરિસિંહ જાડેજા સામે ફરિયાદ નોંધાવી છેમ..પોલીસ ફરિયાદમાં જાહેર કરાયા અનુસાર ફરિયાદી ખેડૂત યુવાનને ૨૦૨૧ ની સાલમાં પૈસાની જરૂરિયાત પડી હોવાથી તેણે આરોપી પ્રતિપાલસિંહ પાસેથી રૂપિયા ત્રણ લાખ માસિક ૩૦ ટકા જેટલી રકમનું કટકે કટકે વ્યાજ અને મુદ્દલ સહિત કુલ ૧૪ લાખ રૂપિયા જેટલી રકમ પ્રતિપાલસિંહ અને તેના સાગરીત કૃપાલસિંહ જાડેજા ને ચૂકવી આપી હતી. ત્યારબાદ હજુ નવ લાખ રૂપિયા આપવા પડશે તેમ કહી ખેડૂત યુવાનને ધાકધમકી અપાતી હોવાથી આખરે આ મામલો જામજોધપુર પોલીસ મથકમાં લઈ જવાય છે, અને બંને વ્યાજખોરો સામે ફરિયાદ નોંધાવી છે. જે મામલા માં પોલીસ હેડ કોન્સ્ટેબલ આર.કે કંડોરીયા વધુ તપાસ ચલાવે છે.

# ધ્રોલમાં વિધાર્થિનીના આપઘાત મામલે જામનગરના આવેદન પત્ર અપાયું

જામનગર જિલ્લાના ધ્રોલ ખાતે આવેલી જી.એમ. પટેલ કન્યા વિદ્યાલયમાં ધોરણ ૧૧ (સાયન્સ) માં અભ્યાસ કરતી હિરલબેન વિજયભાઈ હાથિયાના હોસ્ટેલમાં



થયેલા મોત મામલે તટસ્થ તપાસની માંગ સાથે સમસ્ત મહેશ્વરી મેઘવાર સમાજ જામનગર દ્વારા શહેરના લાલબંગલો ખાતે આવેલી ડો.બાબા સાહેબ આબેડકરની પ્રતિમાથી રેલી સ્વરૂપે બી ડિવિઝન પોલીસ સ્ટેશન સુધી પહોંચી એસપીને આવેદન પત્ર પાઠવ્યું હતું. આ દરમિયાન નિષ્પક્ષ તપાસ અને જવાબદારો સામે કડક કાર્યવાહીના આદેશ કરવાની માંગ ઉઠાવી છે.

# ૬ વર્ષની બાળા માહિને રમજાનમાં આખા મહિનાના રોજા રાખ્યા

**અબતક, જામનગર**



મુસ્લિમ સમાજ પવિત્ર રમઝાન મહિનાની ઈબાદતમાં લીન છે ત્યારે જામનગરની ૬ વર્ષની માસૂમ બાળકી માહિન મોસીનભાઈ જાબરએ આખા મહિનાના રોજા રાખી અલ્લાહની ઈબાદત કરી સાબિત કર્યું છે કે મનની મક્કમતા અને નિયત હોય તો અલ્લાહની ઈબાદત માટે વાતાવરણ, સંજોગ કે નાની ઉંમરનો કોઈ અવરોધ નડતો નથી. માહિનને પરિવારજનો, સ્વજનો મુબારકબાદી સામે દુઆઓ આપી રહ્યા છે.

# ભારે કરી મનપા બાકી વેરા બદલ કાપેલા નળ કનેકશન રાતોરાત ચાલુ કરી દીધા

## મિલકત વેરા અને પાણી ચાર્જની વસૂલાત માટે સીલ કરાયેલા વાલ્વ રાજકીય દબાણ હેઠળ ખોલી નખાયા

જામનગર મહાનગરપાલિકા દ્વારા છેલ્લા કેટલાક દિવસોથી પાણી ચાર્જ અને મિલકત વેરાની બાકી વસૂલાત માટે કડક ઝુંબેશ ચલાવવામાં આવી રહી હતી, જેના ભાગરૂપે અનેક સોસાયટીઓના પાણીના કનેક્શન કાપી વાલ્વ સીલ કરી દેવાયા હતા. જોકે, ગુજરાત રાજ્યના મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલના જામનગર આગમન પૂર્વે જ તંત્રએ નમતું જોખ્યું છે અને ગઈકાલથી જ તમામ બંધ કરાયેલા પાણી પુરવઠાને પુનઃ શરૂ કરી દેવામાં આવ્યો છે.

શહેરમાં વેરા વસૂલાત માટે મિલકતો સીલ કરવાની અને પાણી કાપવાની કામગીરી અત્યંત કડક રીતે ચાલી રહી હતી. પરંતુ મુખ્યમંત્રીની મુલાકાતને પગલે કોઈ વિવાદ ન સર્જાય તે માટે અથવા તો રાજકીય દબાણના કારણે, મહાનગરપાલિકાએ જે સોસાયટીઓના પાણીના વાલ્વ સીલ કર્યા હતા તે તમામ ગઈકાલથી ખોલી નાખ્યા છે. આ બાબત શહેરમાં ચર્ચાનો વિષય બની છે કે મુખ્યમંત્રીના આગમનથી બાકીદારોને કામચલાઉ રાહત મળી ગઈ છે.બીજી તરફ, મહાનગરપાલિકાના સૂત્રોના જણાવ્યા અનુસાર શહેરના વિકાસ કામો માટે નાણાંની આવશ્યકતા રહે છે. હાલમાં સરકાર દ્વારા વ્યાજ માફી યોજના પણ અમલમાં છે, જેનો લાભ લઈ નગરજનોએ પોતાના બાકી વેરા સત્વરે ભરી દેવા જોઈએ. જો વેરો ભરપાઈ કરવામાં ન આવે તો આગામી સમયમાં વિકાસલક્ષી કામો પર વિપરીત અસર પડી શકે છે. તંત્રએ નગરજનોને જાગૃતિ દાખવી બાકી લેણાં ચૂકવી શહેરના વિકાસમાં સહભાગી થવા અનુરોધ કર્યો છે.

# ખરાબ હવામાનને કારણે મુખ્યમંત્રીનો પ્રવાસ રદઃ વર્ચ્યુઅલી આપશે વિકાસકાર્યોની ભેટ

જામનગરવાસીઓ જેની આતુરતાથી રાહ જોઈ રહ્યા હતા તે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના આજરોજ યોજાનારા કાર્યક્રમોમાં કુદરતી પરિબળોને કારણે છેલ્લી ઘડીએ મોટો ફેરફાર કરવામાં આવ્યો છે. હાલમાં રાજ્યભરમાં અને ખાસ કરીને જામનગર પંથકમાં વાતાવરણમાં આવેલા અચાનક પલટા અને ખરાબ હવામાનને પરિણામે મુખ્યમંત્રીનો જામનગરનો પ્રત્યક્ષ પ્રવાસ રદ કરવામાં આવ્યો છે.

મળતી સત્તાવાર વિગતો અનુસાર, ખરાબ હવામાનને કારણે મુખ્યમંત્રી વિમાન ગાંધીનગરથી ટેક-ઓફ કરી શકે તેવી સ્થિતિ નહોતી, તેમજ જામનગર ખાતે પણ સુરક્ષિત લેન્ડિંગ શક્ય ન જણાતા આ નિર્ણય લેવામાં આવ્યો છે. જોકે, મુખ્યમંત્રીશ્રીએ જામનગરના વિકાસ પ્રત્યેની પોતાની પ્રતિબદ્ધતા દર્શાવતા કાર્યક્રમ મોકૂફ રાખવાને બદલે વર્ચ્યુઅલ માધ્યમથી જોડાવાનો નિર્ણય લીધો છે.

જામનગરના હાપા એપીએમસી (APMC) અને ટાઉનહોલ ખાતેના બંને નિર્ધારિત કાર્યક્રમો હવે નિયત સમય મુજબ જ યોજાશે. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ ગાંધીનગરથી વીડિયો કોન્ફરન્સિંગ દ્વારા આ કાર્યક્રમોમાં જોડાશે અને જામનગરવાસીઓને સંબોધિત કરવાની સાથે વિવિધ વિકાસકાર્યોની ભેટ પણ આપશે.

મુખ્યમંત્રી રૂબરૂ આવી શકશે નહીં, પરંતુ કાર્યક્રમની અન્ય તમામ વ્યવસ્થાઓ પૂર્વવત્ રાખવામાં આવી છે. સ્થાનિક મંત્રીઓ અને પદાધિકારીઓની હાજરીમાં આયોજન મુજબ જ જામનગરના વિકાસના કાર્યોને આગળ ધપાવવામાં આવશે. અચાનક પલટાયેલા હવામાનને કારણે સર્જાયેલી આ સ્થિતિમાં ટેકનોલોજીના માધ્યમથી મુખ્યમંત્રી જામનગર સાથે જોડાશે.

# દરિયાકાંઠે મરીન ટાસ્ક ફોર્સનું 'સઘન કોસ્ટલ પેટ્રોલિંગ'

પશ્ચિમ એશિયામાં અમેરિકા અને ઈરાન વચ્ચે વધી રહેલા તણાવને પગલે ભારતની દરિયાઈ સુરક્ષા વ્યવસ્થા અત્યંત મજબૂત બનાવવામાં આવી છે. આ આંતરરાષ્ટ્રીય ગંભીર પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને જામનગર મરીન ટાસ્ક ફોર્સ દ્વારા જિલ્લાના દરિયાકાંઠે હાઈ એલર્ટ જાહેર કરી સઘન પેટ્રોલિંગ અભિયાન હાથ ધરવામાં આવ્યું છે. કોઈ પણ પ્રકારની અસામાન્ય પરિસ્થિતિ કે ઘૂસણખોરી સામે સુરક્ષા કવચ અભેદ્ય બનાવવા માટે તંત્ર સજ્જ બન્યું છે.એ.ટી.એસ. અને કોસ્ટલ સિક્યુરિટીના અધિક પોલીસ મહાનિર્દેશક અમિતકુમાર વિશ્વકર્મા, મરીન ટાસ્ક ફોર્સના આઈ.જી. પી.એલ. માલ તેમજ એસ.પી. એસ.જે. પરમારના સીધા માર્ગદર્શન હેઠળ આ ખાસ ડ્રાઈવનું આયોજન કરવામાં આવ્યું હતું. જામનગર સેક્ટરના પોલીસ ઈન્સ્પેક્ટર ડી.આર. યાદવ અને મરીન કમાન્ડોની ટીમોએ જિલ્લાના સંવેદનશીલ ગણાતા સરમતની નાળ, રસૂલનગર, સિક્કા સોલ્ટ ગેટ અને ડી.સી.સી. જેટી જેવા વિસ્તારોમાં સઘન ફૂટ પેટ્રોલિંગ કર્યું હતું.પેટ્રોલિંગ દરમિયાન મરીન કમાન્ડોએ દરિયાકાંઠાના તમામ લેન્ડિંગ પોઈન્ટ અને ફિશિંગ સેન્ટરોનું ઝીણવટભર્યું નિરીક્ષણ કર્યું હતું. દરિયામાં હિલચાલ કરતી શંકાસ્પદ બોટ અને વ્યક્તિઓની તલાશી લેવાની સાથે પૂછપરછ પણ કરવામાં આવી હતી. આતંકવાદી પ્રવૃત્તિ કે અન્ય કોઈ ગેરકાયદેસર ઘૂસણખોરી રોકવા માટે કાંઠા વિસ્તારની અવાવરુ જગ્યાઓનું પણ ચેકિંગ કરવામાં આવ્યું છે. તંત્ર દ્વારા દરિયાકાંઠાના નાગરિકોને અપીલ કરવામાં આવી છે કે, જો કોઈ પણ શંકાસ્પદ હિલચાલ જણાય તો તુરંત પોલીસનો સંપર્ક કરવો.

# કાલાવડ ભાજપ સંગઠન વધુ મજબૂત બનાવવા ધારાસભ્ય અને હોદ્દેદારોની ઉપસ્થિતિમાં કાર્યકર્તાઓનો હુંકાર

**અબતક,રાજુ રામોલિયા**
**કાલાવડ**



જામનગર જિલ્લા ભાજપના પ્રભારી દિલીપભાઈ બારડ તેમજ જિલ્લા ભાજપ અધ્યક્ષ ડો. વિનોદભાઈ ભંડેરીના પ્રવાસ અંતર્ગત કાલાવડ શહેર મંડળના અપેક્ષિત શ્રેણીના કાર્યકર્તાઓ સાથે એક મહત્વપૂર્ણ સંગઠનાત્મક બેઠક યોજાઈ હતી. આ બેઠકનો મુખ્ય હેતુ પાર્ટીના સંગઠનને પાયાના સ્તરથી વધુ મજબૂત બનાવવાનો અને આગામી કાર્યક્રમો માટે કાર્યકર્તાઓને સજ્જ કરવાનો હતો.

બેઠક દરમિયાન ઉપસ્થિત આગેવાનો દ્વારા કાર્યકર્તાઓને પાર્ટીની વિચારધારા અને સંગઠનની શક્તિ વિશે ઊંડાણપૂર્વક સમજણ આપવામાં આવી હતી. આ તકે સરકારની વિવિધ જનકલ્યાણકારી યોજનાઓ છેવાડાના માનવી સુધી પહોંચાડવા અને લોકો સાથે સતત જીવંત સંપર્ક રાખવા પર વિશેષ ભાર મૂકવામાં આવ્યો હતો.

આ બેઠકમાં કાલાવડના ધારાસભ્ય મેઘજીભાઈ ચાવડા, પ્રદેશ મંત્રી આશાબેન નકુમ, જિલ્લા ભાજપ મહામંત્રીઓ ભરતભાઈ દલસાણિયા, કુમારપાલસિંહ રાણા અને ભવાનભાઈ ચૌહાણ ઉપસ્થિત રહ્યા હતા. આ ઉપરાંત જિલ્લા ભાજપ ઉપપ્રમુખ અભિષેકભાઈ પટવા, રાજેન્દ્રસિંહ જાડેજા, હિનાબેન રાખોલિયા તથા જિલ્લા મીડિયા ઈન્ચાર્જ હસુભાઈ વોરાએ પણ હાજરી આપી હતી.

# છોટી કાશીમાં ૪૫મી ભવ્ય રામસવારીના આયોજનને લઈને શનિવારે અંતિમ બેઠક

## હિન્દુ ઉત્સવ સમિતિ અને મહાદેવ હર મિત્ર મંડળ દ્વારા પંચેશ્વર ટાવર ખાતે આયોજન; બેઠક બાદ ભવ્ય 'ભક્તિ ફેરી' યોજાશે

'છોટી કાશી' ના ઉપનામથી પ્રચલિત જામનગર શહેરમાં દર વર્ષની જેમ આ વર્ષે પણ રામનવમીના પર્વ નિમિત્તે હિન્દુ ઉત્સવ સમિતિ તેમજ મહાદેવ હર મિત્ર મંડળ ચેરિટેબલ ટ્રસ્ટના ઉપક્રમે સતત ૪૫મા વર્ષે પરંપરાગત રીતે ભવ્યાતિભવ્ય ''રામસવારી'' નું આયોજન કરવામાં આવ્યું છે. આ મહોત્સવના આયોજનની ચર્ચા-વિચારણા કરવા અને તેને આખરી ઓપ આપવા માટેની અંતિમ બેઠક આગામી તા. ૨૧-૦૩-૨૦૨૬, શનિવારના રોજ રાત્રે ૦૯:૩૦ કલાકે પંચેશ્વર ટાવર પાસે આવેલા શ્રી રામદૂત હનુમાનજી મંદિર ખાતે યોજાશે.હિન્દુ ઉત્સવ સમિતિના અધ્યક્ષ ચતુર્ભુજદાસજી મહારાજની અધ્યક્ષતામાં મળનારી આ બેઠકમાં પાલખી સમિતિ, સંકલન સમિતિ અને ફ્લોટ સમિતિના તમામ સભ્યો સહિત વિવિધ જ્ઞાતિ મંડળો, ધાર્મિક સંસ્થાઓ, સત્સંગ મંડળો અને સામાજિક સેવાકીય સંસ્થાઓના હોદ્દેદારો ઉપસ્થિત રહેશે. મહાદેવ હર મિત્ર મંડળના પ્રમુખ રાજેશ ડી. વ્યાસ (રાજુ મહાદેવ) દ્વારા તમામ મંડળોને સમયસર ઉપસ્થિત રહેવા અનુરોધ કરાયો છે.બેઠક પૂર્ણ થયા બાદ પંચેશ્વર ટાવરથી બાલા હનુમાનજી મંદિર સુધીની 'ભક્તિ ફેરી' નું આયોજન કરવામાં આવ્યું છે. ચતુર્ભુજદાસજી મહારાજ આ પદયાત્રાનું પ્રસ્થાન કરાવશે. રામભક્તો હાથમાં ધર્મ ધ્વજા અને 'જય શ્રી રામ' ના જયઘોષ સાથે બાલા હનુમાનજીના મંદિરે પહોંચશે, જ્યાં તેઓ અખંડ રામધૂનમાં સહભાગી થશે. કાર્યક્રમ બાદ શ્રી રામદૂત હનુમાનજી મંદિરે તમામ ભક્તો માટે અલ્પાહારની વ્યવસ્થા પણ રાખવામાં આવી

# ધૂતારપર ગામે પરિણિતાનો આપઘાત

## સાયકલમાં હવા ભરવા બાબતે પુત્રને પતિએ ઠપકો આપતા લાગી આવતા ભર્યું પગલું

જામનગર તાલુકાના ધૂતારપર ગામમાં રહેતી શાંતિબેન મહેશભાઈ રાઠોડ નામની ૩૦ વર્ષની પરણીતાએ પોતાના ઘેર પંખા ના હુકમાં ચૂંદડી બાંધી ગળાફાંસા દ્વારા આત્મહત્યાનો પ્રયાસ કરતાં તેણીને બેશુદ્ધ અવસ્થામાં સારવાર માટે જામનગરની સરકારી જી.જી. હોસ્પિટલમાં દાખલ કરવામાં આવી હતી, જયાં સારવાર દરમિયાન ગઈકાલે તેણીનું મૃત્યુ નીપજયું છે. આ બનાવ અંગે મૃતકના પતિ મહેશભાઈ જયંતીભાઈ રાઠોડ એ પોલીસને જાણ કરતા પોલીસ હેડ કોન્સ્ટેબલ જી.કે. જાડેજા જી.જી. હોસ્પિટલમાં દોડી ગયા હતા, અને મૃતદેહનો કબજો સંભાળી વધુ તપાસ હાથ ધરી છે.પોલીસમાં જાહેર કરાયા અનુસાર મૃતક શાંતીબેનના પુત્ર દેવલ પોતાની સાયકલમાં હવા ભરી રહ્યો હતો, જે દરમિયાન તેની ટ્યુબ ફાટી ગઈ હતી, તેથી દેવલ ના પિતા મહેશભાઈએ બાળકને ઠપકો આપ્યો હતો, અને ખીજાયા હતા. જેનું શાંતીબેનને મનમાં લાગી આવતા ગળાફાંસા દ્વારા આપઘાતનું પગલું ભરી લીધાનું પોલીસ સમક્ષ જાહેર થયું છે.

અશાંત ધારાના કાયદામાં મોટો ફેરફાર આવશેઃ અશાંત વિસ્તારને નિશ્ચિત વિસ્તાર કહેવાશે

# વેચનારનું નહીં ખરીદનારનું હિત ધ્યાનમાં રાખી કલેક્ટર નિર્ણય લઈ શકશે

## આગામી સપ્તાહે વિધાનસભામાં બિલ રજૂ થવાની શક્યતા, કલેક્ટર અને સ્થાનિક સમિતિઓને વધુ સત્તા અપાશે

### પીડિત વ્યક્તિની વ્યાખ્યામાં ત્રીજા પક્ષનો સમાવેશ

નવા સુધારા બિલમાં ગેરકાયદેસર મિલકત ટ્રાન્સફર રોકવા અને સાચા માલિકોના હિતોનું રક્ષણ કરવા પર ભાર મુકાયો છે. આ માટે ''પીડિત વ્યક્તિ'' ની વ્યાખ્યાને વધુ વ્યાપક બનાવવામાં આવી છે. જેમાં મિલકતની ખરીદ-વેચાણ પ્રક્રિયામાં જોડાયેલા પક્ષકારો ઉપરાંત, ''નિર્દિષ્ટ વિસ્તારમાં રહેતી કોઈપણ વ્યક્તિ'' એટલે કે સ્થાનિક રહીશનો પણ ત્રીજા પક્ષ તરીકે કાયદામાં સમાવેશ કરવામાં આવશે.

**અબતક, ગાંધીનગર**

રાજ્ય સરકાર દ્વારા અશાંત ધારાના કાયદામાં નોંધપાત્ર સુધારા પ્રસ્તાવિત કરવામાં આવ્યા છે. આગામી સપ્તાહે રાજ્ય વિધાનસભામાં રજૂ થનારા આ ડ્રાફ્ટ બિલમાં પ્રક્રિયાગત ફેરફારોની સાથે કાયદામાંથી ''અશાંત વિસ્તારો'' (ડિસ્ટર્બ્ડ એરિયાઝ) શબ્દો હટાવીને તેના સ્થાને ''નિશ્ચિત વિસ્તારો'' (સ્પેસિફાઈડ એરિયાઝ) શબ્દ મૂકવાની દરખાસ્ત કરવામાં આવી છે.સાથે આ કાયદા પ્રમાણે વેચનારનું નહિ ખરીદનારનું હિત ધ્યાનમાં રાખી કલેક્ટર નિર્ણય લઈ શકશે.

પ્રસ્તાવિત બિલની કલમ ૯ માં સ્પષ્ટ ઉલ્લેખ કરવામાં આવ્યો છે કે મૂળ કાયદામાં કલમ ૧૭ સિવાય, જ્યાં પણ ''અશાંત વિસ્તાર'' કે ''અશાંત વિસ્તારો'' શબ્દ આવે છે, ત્યાં ''નિર્દિષ્ટ વિસ્તાર'' અથવા ''નિશ્ચિત વિસ્તારો'' શબ્દનો ઉપયોગ કરવામાં આવશે. આ સુધારો બેંકો કે નાણાકીય સંસ્થાઓ પાસેથી લોન લેવા માટે મિલકત ગીરો મૂકવામાં આવતી અનાવશ્યક મુશ્કેલીઓ નિવારવા માટે કરવામાં આવી રહ્યો છે. નવા સુધારાથી સ્થાનિક સમિતિઓ અને જિલ્લા કલેક્ટરને કોમી દૃષ્ટિએ સંવેદનશીલ વિસ્તારોમાં મિલકતોના ફરજિયાત વેચાણને રોકવા માટે વધુ સત્તા મળશે.

### કલેક્ટરને મિલકત જપ્ત કરવાની પણ વિશેષ સત્તા આપવામાં આવશે

જો મિલકતના વેચાણ માટે લેવી પડતી પૂર્વ મંજૂરીના નિયમોનો ભંગ કરવામાં આવશે, તો કલેક્ટરને તે મિલકતનો કામચલાઉ કબજો લેવાની સત્તા આપવામાં આવી છે. કલેક્ટર આ કાર્યવાહી પોતાની જાતે (સુઓ મોટો) અથવા કોઈ પીડિત વ્યક્તિની ફરિયાદ મળવા પર કરી શકશે. ખાસ કરીને જ્યારે મિલકત વેચનાર તેનો કબજો પાછો મેળવવામાં નિષ્ફળ જાય ત્યારે તેની મિલકતને સુરક્ષિત રાખવા માટે આ જોગવાઈ ઉમેરવામાં આવી છે.

રાજ્યના મહેસૂલ મંત્રી સંજયસિંહ મહિડા આગામી સપ્તાહે વિધાનસભામાં આ બિલ રજૂ કરે તેવી શક્યતા છે. નવા બિલના ઉદ્દેશ્યોના નિવેદનમાં જણાવાયું છે કે, ઘણી વખત કાયદાની જોગવાઈઓનું ઉલ્લંઘન કરીને મિલકતો ટ્રાન્સફર કરવામાં આવે

### મોનિટરિંગ કમિટી અને સીટની પણ ભૂમિકા મહત્વની રહેશે

કોમી દૃષ્ટિએ સંવેદનશીલ વિસ્તારોમાં પરિસ્થિતિનો તાગ મેળવવા માટે એક મોનિટરિંગ અને એડવાઇઝરી કમિટીની રચના કરવામાં આવશે. આ કમિટી કોઈપણ વિસ્તારમાં કોમી અશાંતિ કે લોકોના અનૈચ્છિક સ્થળાંતરની શક્યતાઓનો અભ્યાસ કરી સરકારને રિપોર્ટ આપશે. આ સમગ્ર પ્રક્રિયામાં અને મિલકત વેચાણની મંજૂરીના કેસોની તપાસમાં સ્પેશિયલ ઈન્વેસ્ટિગેશન ટીમ પણ કલેક્ટર અને કમિટીને સીધી મદદ કરશે.

(અનુ. આઠમા પાને)

ગુજરાતમાં યુનિફોર્મ સિવિલ કોડ બિલ ૨૦૨૬ રજૂ

# કોર્ટ બહાર છૂટાછેડા ૩ વર્ષની જેલની સજા કરાવશે

## લગ્ન, છૂટાછેડા અને લિવ-ઈન રિલેશનશિપ માટે કડક કાયદાકીય માળખું બહુપત્નીત્વ પ્રથા પર સંપૂર્ણ પ્રતિબંધ

### વારસાઈ માટે ત્રણ વર્ગમાં વિભાજન

બિલના ડ્રાફ્ટમાં વ્યક્તિ દ્વારા વસિયત ન કરવામાં આવી હોય તેવા કિસ્સામાં વારસદારોને ત્રણ વર્ગોમાં વર્ગીકૃત કર્યા છે - વર્ગ ૧, વર્ગ ૨ અને અન્ય સંબંધીઓ. વર્ગ ૧ ના વારસદારોમાં જીવનસાથી, બાળકો અને માતાપિતાનો સમાવેશ થશે. વર્ગ ૨ માં સાવકા માતા-પિતા, દાદા-દાદી અને નાના-નાનીનો સમાવેશ થશે. અન્ય તમામ સગાઓને ત્રીજા વર્ગમાં રખાયા છે.

### લિવ-ઈન રિલેશનશિપનું રજિસ્ટ્રેશન ફરજિયાત

લિવ-ઈન રિલેશનશિપમાં રહેતા યુગલોએ ફરજિયાતપણે જિલ્લા રજિસ્ટ્રાર સમક્ષ નોંધણી કરાવવી પડશે. સંબંધ પૂરો થાય ત્યારે પણ જાણ કરવી પડશે. આ સંબંધમાંથી જન્મેલા બાળકને કાયદેસરતા મળશે અને પાર્ટનર દ્વારા તરછોડાયેલી મહિલા ભરણપોષણ માટે દાવો કરી શકશે.

**અબતક, ગાંધીનગર**

સમય બદલતા હવે છૂટાછેડા અને લિવ ઈનના કિસ્સાઓ વધવા લાગ્યા છે. જેને ધ્યાનમાં રાખીને હવે કાયદાઓમાં પણ ફેરફાર જરૂરી બન્યો હોય, ગુજરાત સરકારે યુનિફોર્મ સિવિલ કોડ બિલ ૨૦૨૬ રજૂ કર્યું છે. જેમાં કોર્ટ બહાર છૂટાછેડા કરનારને ૩ વર્ષની જેલની સજાની જોગવાઈ કરવામાં આવી છે. ઉપરાંત લગ્ન, છૂટાછેડા અને લિવ-ઈન રિલેશનશિપ માટે કડક કાયદાકીય માળખું તૈયાર કરવામાં આવ્યું છે. ખાસ તો બહુપત્નીત્વ પ્રથા પર સંપૂર્ણ પ્રતિબંધ મુકવામાં આવ્યો છે.

ઉત્તરાખંડના યુસીસી એક્ટના આધારે અને વિવિધ સમુદાયોના વ્યક્તિગત કાયદાઓને સમાન બનાવવાના ઉદ્દેશ્યથી, ગુજરાત સરકારે ગુજરાત યુનિફોર્મ સિવિલ કોડ, ૨૦૨૬ બિલ રજૂ કર્યું છે. આ બિલ રાજ્યભરના તમામ સમુદાયોમાં લગ્ન, છૂટાછેડા, વારસાઈ અને લિવ-ઈન રિલેશનશિપનું સંચાલન કરવા માટે એક વ્યાપક કાયદાકીય માળખાની દરખાસ્ત કરે છે. બુધવારે મળેલી ગુજરાત કેબિનેટે ડ્રાફ્ટ બિલને બહાલી આપી દીધી છે અને તેને વિધાનસભા સચિવાલયમાં મોકલી આપવામાં આવ્યું છે, જ્યાં સરકાર દ્વારા મંજૂરી માટે ચાલુ સત્રમાં તેને રજૂ કરવામાં આવશે.

રાજ્ય સરકાર દ્વારા સમાન નાગરિક સંહિતાની જરૂરિયાતનું મૂલ્યાંકન કરવા અને તેના માટે બિલ તૈયાર કરવા માટે સુપ્રીમ કોર્ટના નિવૃત્ત જજ રંજના દેસાઈની અધ્યક્ષતામાં એક સમિતિની રચના કરવામાં આવી હતી. આ સમિતિએ મંગળવારે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલને પોતાનો અંતિમ અહેવાલ સુપરત કર્યો હતો. સૂચિત બિલના ઉદ્દેશ્યોમાં જણાવવામાં આવ્યું છે કે ધર્મ, જાતિ, સંપ્રદાય અથવા લિંગને ધ્યાનમાં લીધા વિના રાજ્યના તમામ નાગરિકો માટે સમાન કાયદાકીય માળખું પૂરું પાડીને

### બહુપત્નિત્વ અને હલાલા પ્રથા પર પ્રતિબંધ

રાજ્યમાં બહુપત્નીત્વ પર સંપૂર્ણ રોક લગાવવામાં આવી છે, જેનો ભંગ કરનારને ૭ વર્ષની જેલ થઈ શકે છે. ઉપરાંત, છૂટાછેડા લીધેલા પતિ-પત્ની ફરી પરણવા માંગતા હોય તો તેમણે પહેલા ત્રીજી વ્યક્તિ સાથે લગ્ન કરવાની શરત (હલાલા) માંથી મુક્તિ આપવામાં આવી છે. આ નિયમ તોડનારને ૩ વર્ષની જેલ અને ૧ લાખનો દંડ થશે.

### લગ્ન-છૂટાછેડાની નોંધણી ન થવા પર દંડ

ધાર્મિક વિધિ મુજબ લગ્નની છૂટછાટ છે, પરંતુ હવે દરેક લગ્ન અને છૂટાછેડાની સત્તાવાર નોંધણી કરાવવી ફરજિયાત છે. જો નોંધણી કરવામાં ચૂક થશે તો ૧૦,૦૦૦ રૂપિયા સુધીનો દંડ વસૂલવાની જોગવાઈ બિલમાં કરવામાં આવી છે. ભ્રામક માહિતી આપીને કરેલા લગ્ન રદબાતલ ગણાશે.

(અનુ. આઠમા પાને)



સરકાર અને સંગઠન વચ્ચે સંકલનની મહત્વપૂર્ણ કડી સમા

# પ્રદેશ ભાજપ દ્વારા શકિતશાળી 'કોર ગ્રુપ'ની રચનાઃ રાજકોટના કોઈ નેતાને સ્થાન નહીં

## મુખ્યમંત્રી, નાયબ મુખ્યમંત્રી, એક કેન્દ્રીય મંત્રી ત્રણ રાજય સરકારના મંત્રી, બે પૂર્વ મંત્રી, સંગઠન મહામંત્રી અને ધારાસભ્યનો કોર ગ્રુપમાં સમાવેશ

**અબતક, રાજકોટ**

સરકાર અને સંગઠન વચ્ચે સંકલનની મહત્વપૂર્ણ કડી ગણાતા પક્ષના કોર ગ્રુપની રચના કરી દેવામાં આવી છે. જેમાં ૧૧ સભ્યો સમાવેશ કરવામાં આવ્યો છે. રાજ્ય સરકારના મંત્રી મંડળમાં અને પ્રદેશ ભાજપના સંગઠન માળખામાં રાજકોટને સ્થાન આપવામાં આવ્યું નથી. કોર ગ્રુપમાં પણ રાજકોટના એક પણ આગેવાનને સ્થાન મળ્યું નથી. મુખ્યમંત્રી, નાયબ મુખ્યમંત્રી, એક કેન્દ્રીય મંત્રી ત્રણ રાજ્ય સરકારના મંત્રી, બે પૂર્વ મંત્રી, બે પૂર્વ મંત્રી, સંગઠન

(અનુ. આઠમા પાને)

### હવે માત્ર પાલર્મિન્ટરી બોર્ડની રચના જ બાકી

પ્રદેશ ભાજપના કોર ગ્રુપની રચના પણ ગઈકાલે કરી દેવામાં આવી છે. હવે એકમાત્ર પાલર્મિન્ટરી બોર્ડની રચના કરવાની જ બાકી છે. પાલર્મિન્ટરી બોર્ડની રચના કરવાની જ બાકી છે. પાલર્મિન્ટરી બોર્ડની કામગીરી સ્થાનિક સ્વરાજયની ચૂંટણીમાં ટિકિટ ફાળવણીની રહેતી હોય છે. ટિકિટ ફાળવણી માટેના નિયમો ઘડવા સહિતના મોટાભાગના નિર્ણયો લેવામાં આવતા હોય છે.ચૂંટણી બાદ પદાધિકારીઓની વરણી માટે પણ પાલર્મિન્ટરી બોર્ડની મોટી જવાબદારી રહે છે. ટુંક સમયમાં સભ્યોના નામ જાહેર કરી દેવાશે.

### ભાજપના કાર્યકરો માટે એક લીટીનો આદેશ ચૂંટણીલક્ષી કામગીરીમાં લાગી જાય

**ચૂંટણી વ્યવસ્થા સંદર્ભની બેઠકો ૨૬મી સુધીમાં પૂર્ણ કરી લેવા પણ સૂચના**

સ્થાનિક સ્વરાજયની ચૂંટણી સંદર્ભે ભાજપા પ્રદેશ અધ્યક્ષ જગદીશભાઈ વિશ્વકર્માની અધ્યક્ષતામાં મહત્વની બેઠક યોજાઇ હતી.

આ બેઠકમાં સ્થાનિક સ્વરાજયની ચૂંટણીના અનુસંધાને જિલ્લા, મહાનગર, મંડલ અને બુથ સ્તર સુધીની ભાજપાની સુનિયોજિત સંગઠન વ્યવસ્થા અને માઈક્રોપ્લાનિંગ અંગે વિગતવાર માર્ગદર્શન આપ્યું હતું. સ્થાનિક પ્રતિનિધિઓના રિપોર્ટ કાર્ડ લઈને વિશ્વની સૌથી મોટી રાજકીય પાર્ટી ભારતીય જનતા પાર્ટીના કાર્યકર્તાઓની વિશાળ ફોજ ઘર ઘર સંપર્ક કરશે. જગદીશભાઈ વિશ્વકર્માએ ચુંટણી વ્યવસ્થા અંતર્ગત

(અનુ. આઠમા પાને)

જૂથવાદના ભોરીંગાના કારણે એક સમયે જેના સિકકા સંગઠનમાં પડતા હતા તે રાજકોટ સંપૂર્ણ પણે ફેંકાય ગયું

# રાજકોટ સહિત ૧૬ મહાપાલિકાઓમાં શનિ-રવિવારે યોજાશે મિલેટ મહોત્સવ

## મિલેટ પ્રદર્શની, ફૂડ ફેસ્ટ, કૃષિ-ટેક ઝોન, એગ્રી-સ્ટાર્ટઅપ અને મહિલા ઉદ્યોગ સાહિસિકોના સ્ટોલ વિશેષ આકર્ષણનું કેન્દ્ર બનશે

**અબતક, રાજકોટ**

મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલના માર્ગદર્શન હેઠળ ગુજરાતના કૃષિ વિભાગ હસ્તકના ગુજરાત એગ્રી ઈન્ડસ્ટ્રીઝ કોર્પોરેશન દ્વારા આગામી ૨૧ અને ૨૨ માર્ચના રોજ રાજ્યવ્યાપી ''મિલેટ મહોત્સવ અને પ્રાકૃતિક ફાર્મર માર્કેટ-૨૦૨૬''નું ભવ્ય આયોજન કરવામાં આવ્યું છે. રાજ્યના પ્રવક્તા અને કૃષિ મંત્રી શ્રી જીતુભાઈ વાઘાણીએ જણાવ્યું હતું કે, વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના ' અન્ન' અભિયાનને વેગ આપીને તેમના

(અનુ. આઠમા પાને)




# ધારાસભ્યોના સુચનો-રજૂઆતોની સત્વરે અમલવારી કરવા સીએમનો અધિકારીને આદેશ

## જો કોઈ સરકારી નીતિથી નાગરિકોને મુશ્કેલી પડતી હોય તો તેમાં પણ સુધારો કરવા સૂચના

**અબતક, રાજકોટ**

ધારાસભ્યો દ્વારા ગૃહમાં રજૂ કરવામાં આવતા સુચનો કે રજૂઆતો માત્ર ગૃહ પુરતા સિમિત ન રહી જાય તે માટે તમામ સુચનો કે રજૂઆતની સત્વરે અમલવારી કરવા મુખ્યમંત્રી દ્વારા આદેશ આપવામાં આવ્યા છે.

મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલની અધ્યક્ષતામાં રાજ્ય મંત્રી મંડળની બેઠક યોજાઈ હતી. આ બેઠકમાં લેવાયેલા નિર્ણયો અંગે માહિતી આપતા રાજ્ય સરકારના પ્રવક્તા મંત્રી જીતુભાઈ વાઘાણીએ જણાવ્યું હતું કે, મુખ્યમંત્રીએ રાજ્યના સર્વાંગી વિકાસ અને નાગરિકોના હિતમાં એક અત્યંત પ્રેરણાદાયી અને હકારાત્મક અભિગમ અપનાવ્યો છે.




હાલમાં ગુજરાત વિધાનસભાનું બજેટ સત્ર ચાલી રહ્યું છે. આ સત્ર દરમિયાન વિવિધ વિભાગોની માંગણીઓ અને વિધેયકો પરની ચર્ચામાં શાસક પક્ષ અને વિપક્ષના સભ્યો દ્વારા અનેક મહત્વપૂર્ણ સૂચનો, પ્રશ્નો અને રજૂઆતો કરવામાં આવતી હોય છે. મુખ્યમંત્રીએ આ તમામ રજૂઆતો અને સૂચનોને માત્ર ગૃહની ચર્ચા પૂરતી મર્યાદિત ન રાખતા, તેને વહીવટી સ્તરે અમલમાં મૂકવા માટે ગંભીરતા દાખવી છે.

કેબિનેટ બેઠકમાં મુખ્યમંત્રીએ રાજ્યના વિવિધ વિભાગોના સચિવોને સ્પષ્ટ આદેશ આપ્યા છે કે, ધારાસભ્યો દ્વારા ગૃહમાં નાગરિકોના હિતમાં જે કોઈ સૂચનો કરવામાં આવ્યા હોય તેની વિગતવાર નોંધ લેવી. જો કોઈ સરકારી નીતિને કારણે અજાણતા પણ નાગરિકોને મુશ્કેલી પડતી હોય અથવા નીતિ વિષયક સુધારાથી નાગરિકોની સુખાકારીમાં વધારો થતો હોય, તો તેવી નીતિઓમાં જરૂરી સુધારા કરવા માટે તત્કાલ પ્રક્રિયા હાથ ધરવી. આ ઉપરાંત ધારાસભ્યોએ જનતાની સુખાકારી માટે કરેલા હકારાત્મક સૂચનોને પોઝિટિવ એપ્રોચ સાથે વહીવટી માળખામાં વણી લેવા પણ મુખ્યમંત્રીએ બેઠકમાં આદેશ આપ્યો હતો.

મંત્રી જીતુભાઈ વાઘાણીએ ઉમેર્યું હતું કે, સરકારનો ઉદ્દેશ્ય વધુમાં વધુ નાગરિકોને સરકારી

(અનુ. આઠમા પાને)



તસવીરઃ સાગર સંઘાણી,જામનગર

# સૌરાષ્ટ્ર સહિત રાજયના ૨૯ જિલ્લાઓમાં આજે ''માવઠુ'' ત્રાટકશે

## લાલપુર અને બગસરા પંથકમાં કરા સાથે કમોસમી વરસાદ ખાબક્યોઃ પાકને પારાવાર ભીતિની સંભાવના, જગતાત ચિંતીતઃ કાલથી વાતાવરણ ચોખ્ખું થઈ જશે

### અમદાવાદ સહિતના વિસ્તારોમાં સવારથી વાતાવરણ પલટાયુંઃ ૧૦ તાલુકામાં માવઠાની મોકાણ

**અબતક, રાજકોટ**

વેસ્ટર્ન ડિસ્ટબન્સની અસરના કારણે ગુજરાતમાં ભર ઉનાળે વધુ એક વખત વાતાવરણમાં પલ્ટો આવ્યો છે. ગઈકાલે રાજ્યના અમરેલી, જામનગર, બનાસકાંઠા, વાવ થરાદ સહિતના જિલ્લાના અનેક વિસ્તારોમાં માવઠુ ખાબકયુ હતું. આજે સૌરાષ્ટ્ર-કચ્છના ૧૧ સહિત રાજ્યના ૨૯ જિલ્લામાં કમોસમી વરસાદની આગાહી આપવામાં આવી છે.


વહેલી સવારે અમદાવાદમાં પવન ફૂંકાયો હતો.જોરદાર પવન ફૂંકાવાના કારણે ચાર જગ્યાએ ઝાડ પડ્યા હતા. કોતરપુર વિસ્તારમાં વોટર વર્ક નજીક, મેમનગર મેટ્રો સ્ટેશન પાસે, સરસપુર રાયપુર મીલમાં અને જમાલપુર રોટી બજાર પાસે એમ ચાર જગ્યાએ ઝાડ પડવાના કોલ મળ્યા છે.

આજે રાજ્યના ૨૯ જિલ્લામાં માવઠાની આગાહી આપવામાં આવી છે.આજે સવારે અમદાવાદ સહિતના શહેરમાં ભારે પવન ફૂંકાયો હતો. આશરે ૩૦થી ૪૦ કિલોમીટરની ઝડપે પવન ફૂંકાવાના કારણે રોડ ઉપર ધૂળની ડમરીઓ ઉડી રહી છે.ખરાબ હવામાનના કારણે મુખ્યમંત્રી આજે સવારે જામનગરમાં આવી શક્યા ન હતા. પવન

(અનુ. આઠમા પાને)

### પાટડી પંથકમાં સવારે ભારે પવન ફૂંકાયો

સુરેન્દ્રનગર જિલ્લાના પાટડી પંથકમાં સવારે ભારે પવન ફૂંકાતા વાવાઝોડા જેવી સ્થિતિ સર્જાઈ હતી.પાટણ જિલ્લાના સાંતલપુર તાલુકાના સાંતલપુર ગામે મોડીરાત્રે અચાનક પવન સાથે વરસાદ વરસતા અગરિયાઓને ભારે નુકસાન વેઠવું પડ્યું છે. આ અચાનક આવેલા પવન અને વરસાદના કારણે અગરિયાઓના રેવાનાં છાપરા ઉડી ગયા હતા, જ્યારે ઘરવખરીને પણ નુકસાન પહોંચ્યું હતું.



તસવીરઃ સમીર વિરાણી, બગસરા